


પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH




FRIDAY, 02 JANUARY, 2026 Vol. 24, No. 01 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# સ્વિટ્ઝલેન્ડના બારમાં વિસ્ફોટ, 40નાં મોત, 100 ઘાયલ

## ક્રાન્સ-મોન્ટાનામાં નવા વર્ષની ઉજવણીનો આનંદ માતમમાં ફેરવાયો, સ્પાર્કલર્સના તણખા છત પર પડતા લાગેલી આગ રસોડા સુધી પ્રસરી



**ક્રાન્સ-મોન્ટાના**

સ્વિટ્ઝર્લેન્ડના પ્રખ્યાત સ્કી રિસોર્ટ ટાઉન ક્રાન્સ-મોન્ટાનામાં નવા વર્ષની વહેલી સવારે એક ભયાનક કરૂણાંતિકા સર્જાઈ છે. અહીંના લોકપ્રિય 'લી કોન્સ્ટેલેશન' બારમાં નવા વર્ષના આગમનની પાર્ટી ચાલી રહી હતી ત્યારે એકાએક થયેલા પ્રચંડ વિસ્ફોટ અને ત્યારબાદ ફાટી નીકળેલી ભીષણ આગમાં ૪૨ પ્રવાસીઓ જીવતા ભૂંજાઈ ગયા છે. આ દુર્ઘટનામાં ૧૦૦થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાના અહેવાલ છે, જેમાંથી અનેકની હાલત નાજુક જણાવાઈ રહી છે.

ઘટનાની વિગત મુજબ, ૧ જાન્યુઆરીના રોજ મધરાત બાદ લગભગ ૧:૩૦ વાગ્યે જ્યારે સેંકડો પ્રવાસીઓ સંગીતના તાલે ઝૂમી રહ્યા હતા, ત્યારે ઈન્ડોર સેલિબ્રેશન માટે વપરાયેલા સ્પાર્કલર્સના તણખા બારની લાકડાની છતમાં પડતા આગ લાગી હતી. આ આગ જોતજોતામાં રસોડા સુધી પહોંચી હતી જ્યાં ગેસ સિલિન્ડરોમાં શ્રેણીબદ્ધ વિસ્ફોટ થતા આખો હોલ કાટમાળમાં ફેરવાઈ ગયો હતો. અચાનક થયેલા વિસ્ફોટને કારણે અફરાતફરી મચી ગઈ હતી અને લોકોને બહાર નીકળવાનો મોકો પણ મળ્યો નહોતો. સ્વિસ રેસ્ક્યુ ટીમે યુદ્ધના ધોરણે બચાવ કામગીરી શરૂ કરી હતી. બરફીલા પહાડી વિસ્તાર હોવાથી ઘાયલોને હોસ્પિટલ પહોંચાડવા માટે ૧૨ જેટલા હેલિકોપ્ટરોની મદદ લેવામાં આવી હતી. સ્વિસ સરકારના જણાવ્યા અનુસાર, મૃતકોમાં સ્થાનિકો ઉપરાંત બ્રિટન, ફ્રાન્સ અને જર્મનીના પ્રવાસીઓનો પણ સમાવેશ થાય છે. વહીવટીતંત્રે હાલ સમગ્ર વિસ્તારમાં 'નો-ફ્લાય ઝોન' જાહેર કર્યો છે અને ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા છે. સ્વિસ પ્રમુખે આ ઘટનાને દેશના ઈતિહાસનો સૌથી કાળો દિવસ ગણાવી રાષ્ટ્રીય શોકની જાહેરાત કરી છે.

# વીઝાના કાયદાનો ભંગ કરશો તો આકરી સજા થશે: અમેરિકન દૂતાવાસની ચેતવણી

## ગેરકાયદે ઈમિગ્રેશનનો અંત લાવવા અને નાગરિકોના રક્ષણ માટે સરકાર પ્રતિબદ્ધ

**નવી દિલ્હી**

એચ-વન બી વિઝામાં થઈ રહેલા ભારે વિલંબ વચ્ચે ભારત ખાતેના અમેરિકાના દૂતાવાસે બુધવારે ચેતવણી આપી હતી કે દેશના કાયદાનું ઉલ્લંઘન કરનારા લોકોને આકરી સજા ફટકારવામાં આવશે. પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ હેઠળનું હાલનું વહીવટીતંત્ર અમેરિકામાં ગેરકાયદે ઈમિગ્રેશનનો અંત લાવવા માટે પ્રતિબદ્ધ છે.

દૂતાવાસે એક્સ પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે જો તમે અમેરિકાના કાયદાનો ભંગ કરશો તો તમને ફોજદારી દંડની મોટી સજા ફટકારવામાં આવશે. ટ્રમ્પ વહીવટીતંત્ર અમેરિકામાં ગેરકાયદે ઈમિગ્રેશનનો અંત લાવવા તથા દેશની સીમા અને નાગરિકોનું રક્ષણ કરવા માટે પ્રતિબદ્ધ છે.

આ ચેતવણીના એક દિવસ પહેલા અમેરિકાના ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE)એ જણાવ્યું હતું કે તેને 12 વર્ષથી ઓછી ઉમરના બાળક પર બળાત્કાર, ઘરેલુ હિંસા અને માનવ તસ્કરી સહિતના જઘન્ય ગુનાઓમાં દોષિત ઠેરવવામાં આવેલા સૌથી ખુંખાર ગુનેગારોની ધરપકડ કરી છે. ટ્રમ્પના કાર્યકાળના પ્રથમ વર્ષમાં ICEએ દેશમાં સૌથી ખુંખાર ગુનેગાર ગેરકાયદેસર વિદેશીઓને અવિરતપણે નિશાન બનાવ્યાં છે. એજન્સીનો નવા વર્ષનો સંકલ્પ વિદેશી ગુનેગારોની ધરપકડ કરવાનો છે. 2025ના વર્ષ દરમિયાન ICE અધિકારીઓએ દેશભરમાંથી ગેરકાયદે ઈમિગ્રન્ટ્સની ધરપકડ કરવા અથવા અટકાયત કરવા માટે અનેક દરોડા પાડ્યાં હતાં. આ કાર્યવાહી માટે તેમને ટીકાનો સામનો પણ કરવો પડ્યો હતો. આ મહિનાની શરુઆતમાં ટ્રમ્પે એચ-વનબી વિઝા પ્રોગ્રામમાં પણ મોટા ફેરફાર કર્યા હતાં.

એચ-વનબી વિઝા ફીને વધારીને 1 લાખ ડોલર




કરવાના પ્રેસિડન્ટ ટ્રમ્પના નિર્ણયને પડકારતી અરજીને અમેરિકાના કોલંબિયા ડિસ્ટ્રિક્ટની કોર્ટે ફગાવી દીધી હતી. ભૂતપૂર્વ પ્રેસિડન્ટ બરાક ઓબામાએ નિયુક્ત કરેલા જજ બેરિલ હોવેલે ચુકાદોમાં જણાવ્યું હતું કે ફી લાદવાની ટ્રમ્પ પાસે કાયદેસરની સત્તા છે. જોકે અમેરિકાના સૌથી મોટા ઉદ્યોગ સંગઠન યુએસ ચેમ્બર ઓફ કોમર્સે આ ચુકાદાને પડકાર્યો છે.

# બાંગ્લાદેશમાં વધુ એક હિંદુને માર માર્યો, જીવતો સળગાવી દેવા કોશિષ

## કુવા કુદીને જઈ આધેડે પોતાનો જીવ બચાવ્યો

**ઢાકા**

બાંગ્લાદેશમાં શરિયતપુર જિલ્લામાં મેડીકલ સ્ટોર ધરાવતા ખોકન દાસ ઉપર હિંસક હુમલો કરવામાં આવ્યો હતો. પરંતુ તે ગમેતેમ કરી ટોળામાંથી છટકી જઈ શક્યો હતો. 31મી ડિસેમ્બરે મોડી સાંજે આ ઘટના બની હતી જ્યારે તે દુકાન બંધ કરી ઘેર પાછો ફરતો હતો ત્યારે ટોળાએ તેને ઘેરી લીધો હતો અને તેને મારવા લાગ્યા હતા. પછી છરી મારી અને ત્યારબાદ પેટ્રોલ છાંટીને જીવતો સળગાવી દેવાનો પ્રયાસ થયો હતો જોકે છેલ્લી ઘડીએ ખોકન ચંદ્રે નજીકના તળાવમાં કૂદીને પોતાનો જીવ બચાવ્યો હતો. આ સમયે પોલીસ હાજર હોવા છતાં માત્ર મૂક સાક્ષી બની રહી હતી. આમ છતાં ગમે તેમ કરી ખોકનદાસ એમાંથી છટકી ઘર સુધી પહોંચી શક્યો તેને હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી છે. 18 ડિસેમ્બર 2025ના દિવસે, મયમાનસિંહ જિલ્લાના ભાવુકા ગામે ગાર્મેન્ટ વર્કર દીપુ ચંદ્ર દાસ ઉપર ઈશનિંદાનો તદ્દન ખોટો આક્ષેપ મૂકી ટોળાએ ઝાડ ઉપર લટકાવી શરીર પર કેરોસીન છાંટી જીવતો સળગાવી દીધો હતો.












# ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ દ્વારા ક્રિસમસ ગાલા ડિનર

## હાસ્ય, ભાગીદારી, સંગીત, નૃત્ય, રમતો સાથે 120થી વધુ સભ્યોના ઉત્સાહથી પ્રસંગ યાદગાર બન્યો, સાંસદોના હસ્તે FCFCની વાર્ષિક મેગેઝિનનું વિમોચન, સભ્યોને નાતાલની ભેટ સાથે શૂભેચ્છા અપાઈ

**ઓન્ટેરિયો**

ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ (FCFC) દ્વારા 28 ડિસેમ્બર, 2025ના રોજ પોલ પેલેચી રિક્રિએશન સેન્ટર ખાતે એક જીવંત અને હૃદયસ્પર્શી ક્રિસમસ ગાલા ડિનરનું આયોજન કરાયું હતુ. જેમાં 120થી વધુ વરિષ્ઠ સભ્યો ઉજવણી, એકતા અને ઉત્સવના ઉલ્લાસથી ભરેલી સાંજ માટે ભેગા થયા હતા.

નાતાલ, પ્રેમ, વહેંચણી, કરુણા અને આશાનું પ્રતીક કરતો તહેવાર છે, તેથી તેને તેની સાચી ભાવના સાથે ઉજવવામાં આવ્યો હતો. સાંજે હાસ્ય, ભાગીદારી, સંગીત, નૃત્ય, રમતો અને ઉષ્માભર્યા સંગત દ્વારા એકતાના મહત્વને પ્રતિબિંબિત કરવામાં આવ્યું હતુ. ઉત્તમ ભોજન, આકર્ષક પ્રવૃત્તિઓ અને સભ્યોની ઉત્સાહી સંડોવણીથી વાતાવરણ જીવંત બન્યું હતું. ઉત્સવના આનંદમાં વધારો કરીને, દરેક ઉપસ્થિત સભ્યને નાતાલની ભેટો મળી, જે લિજેન્ડ ટાયરના રોજર શર્મા દ્વારા ઉદારતાથી પ્રાયોજિત કરવામાં આવી હતી, આ પગલાની બધાએ ઉષ્માભરી પ્રશંસા કરી હતી.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાનોમાં બ્રામ્પટન સેન્ટરના સાંસદ અમનદીપ સોઢી અને બ્રેમ્પટન-કેલેડન નોર્થના સાંસદ રૂબી સહોતાને સન્માનિત કરવામાં આવ્યા હતા. બંને નેતાઓએ વરિષ્ઠ નાગરિકોના કલ્યાણ અને સમુદાય નિર્માણ માટે FCFCના સતત સમર્પણની પ્રશંસા કરી હતી.

અમનદીપ સોઢીએ કહ્યું કે, ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ જેવી સંસ્થાઓ આપણા સમુદાયની કરોડરજ્જુ છે, આજે રાત્રે અહીં જોવા મળતી ઉર્જા, સંભાળ અને સમાવેશ ખરેખર બ્રામ્પટનની ભાવનાને પ્રતિબિંબિત કરે છે. રૂબી સહોતાએ ઉમેર્યુ કે, વરિષ્ઠોને આટલા સક્રિય રીતે આ કાર્યક્રમમાં જોડાયા છે તે જોવાનું પ્રેરણાદાયક છે. FCFC અર્થપૂર્ણ જોડાણો બનાવવામાં અસાધારણ કાર્ય કરી રહ્યું છે.

સાંજની મુખ્ય વિશેષતા FCFC વાર્ષિક મેગેઝિનનું લોન્ચિંગ હતું, જેમાં ક્લબની વર્ષભરની પ્રવૃત્તિઓ, સિદ્ધિઓ અને મૂલ્યવાન સમુદાય માહિતી દર્શાવવામાં આવી હતી. આ મેગેઝિનનું ઔપચારિક લોન્ચિંગ બંને સાંસદો દ્વારા કરવામાં આવ્યું હતું અને તેમાં માર્ક કાર્ની, ડગ ફોર્ડ અને પેટ્રિક બ્રાઉન તરફથી ખાસ શુભેચ્છા સંદેશ પાઠવાયો હતો. સમાપન ભાષણ ડિરેક્ટર કમલ બાબરા અને પ્રમુખ જસવિંદર દૈંડે આપ્યું હતું.



### ક્રિસમસ આપણને એકલા ન અનુભવવું જોઈએ : ગિયાન પોલ

ગિયાન પોલે કહ્યું કે, "ક્રિસમસ આપણને યાદ અપાવે છે કે કોઈએ એકલું ન અનુભવવું જોઈએ. ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબમાં, અમે ફક્ત કાર્યક્રમોનું આયોજન કરતા નથી પણ અમે સંબંધ બનાવીએ છીએ. આજે રાત્રે આપણે જે પ્રેમ અને ભાગીદારી જોઈ રહ્યા છીએ, તે આપણને આપણા વરિષ્ઠો અને વ્યાપક સમુદાય માટે વધુ કરવાનું ચાલુ રાખવા માટે પ્રેરે છે.

# ક્લાઈમેટ ચેન્જની અસર : વિશ્વના 'છેલ્લા બરફ ક્ષેત્ર'માં પ્રથમવાર પ્રવેશ્યું કેનેડિયન આઈસબ્રેકર

## વધતા તાપમાનને કારણે આર્કટિકનો અત્યંત જાડો બરફ પીગળ્યો; વૈજ્ઞાનિકો માટે સંશોધનના નવા દ્વાર ખુલ્યા

**ઓટ્ટાવા**

ગ્લોબલ વોર્મિંગની અસર હવે પૃથ્વીના એવા ખૂણાઓમાં પણ દેખાઈ રહી છે જે અત્યાર સુધી અજેય માનવામાં આવતા હતા. કેનેડાના હાઈ આર્કટિકમાં આવેલો 'તુવૈજુઈટુક' વિશ્વનો 'છેલ્લો બરફ વિસ્તાર' છે, ત્યાં પ્રથમવાર કેનેડિયન સંશોધન આઈસબ્રેકર CCGS અમુન્ડસેન પહોંચવામાં સફળ રહ્યું છે. વર્ષોથી જાડા બરફની ચાદર નીચે ઢંકાયેલો આ વિસ્તાર હવે પીગળતા બરફને કારણે મુસાફરી લાયક બન્યો છે. 4 સપ્ટેમ્બરના રોજ ફિશરીઝ એન્ડ ઓશન્સ કેનેડા (DFO)અને યુનિવર્સિટી ઓફ મેનિટોબાના વૈજ્ઞાનિકો ચાર અઠવાડિયાના મિશન ઉપર નીકળ્યા હતા. આ વિસ્તારમાં આટલું વ્યાપક સમુદ્રશાસ્ત્રીય સંશોધન મિશન પહોંચ્યું હોય તેવી આ પ્રથમ ઘટના છે. યુનિવર્સિટી ઓફ મેનિટોબાના રિસર્ચ એસોસિયેટ ડેવિડ બેબે જણાવ્યું કે, બરફ ઓછો થવાને કારણે હવે આ અજાણ્યા વિસ્તારનો અભ્યાસ કરવો શક્ય બન્યો છે. વૈજ્ઞાનિકોએ નોંધ્યું છે કે આર્કટિકમાં બરફના પ્રકારમાં મોટો બદલાવ આવ્યો છે. જે વર્ષો સુધી જામી રહેતો અને અત્યંત જાડો હતો, તેનું પ્રમાણ હવે ઝડપથી ઘટી રહ્યું છે. જે શિયાળામાં બને છે અને ઉનાળામાં પીગળી જાય છે, તેનું પ્રમાણ વધી રહ્યું છે. આ બરફ પાતળો હોવાથી જહાજો માટે રસ્તો કરી આપે છે, જે પર્યાવરણ માટે જોખમી સંકેત છે.



### દુનિયા કરતા આર્કટિક પ્રદેશમાં ગરમીની ઝડપ ચાર ઘણી થઈ

આર્કટિક પ્રદેશ વિશ્વના અન્ય ભાગોની સરખામણીએ ચાર ઘણી વધુ ઝડપથી ગરમ થઈ રહ્યો છે. ઘણા નિષ્ણાતોનું માનવું છે કે આ દાયકાના અંત સુધીમાં આર્કટિકનો દરિયાઈ બરફ સંપૂર્ણપણે અદૃશ્ય થઈ શકે છે. આઇસબ્રેકરનું આ છેલ્લી હરોળના બરફ વિસ્તારમાં પહોંચવું એ આબોહવા પરિવર્તનનો ચોંકાવનારો સંકેત છે. જે બરફ ક્યારેય પીગળતો નહોતો, તે હવે રસ્તો આપી રહ્યો છે.

# મોટાભાગના કેનેડિયનો હવે 'મેડ-ઈન-કેનેડા' કારના આગ્રહી બન્યાં : KPMG સર્વે

## ટ્રેડ વૉર અને ટેરિફના ડર વચ્ચે કેનેડિયનોમાં હોન્ડા-ટોયોટાનો ક્રેઝ વધ્યો, 'ડેટ્રોઇટ થ્રી'માં અવિશ્વાસ

**ટોરોન્ટો**

કેનેડામાં નવી કાર ખરીદવા માંગતા ગ્રાહકોના માનસમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. તાજેતરના KPMG સર્વે મુજબ ટ્રેડ વૉર અને અમેરિકી ટેરિફની ચિંતા વચ્ચે મોટાભાગના કેનેડિયનો હવે તેમના પોતાના દેશમાં જ બનેલી કાર ખરીદવાની ઈચ્છા રાખે છે. 10માંથી 6 કેનેડિયનો (61%) આગામી પાંચ વર્ષમાં નવું વાહન ખરીદવાનું આયોજન કરી રહ્યા છે. પરંતુ તેમને મોંઘવારીનો ડર છે. 76% લોકો ચિંતિત છે કેમ કે ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ અને વેપાર યુદ્ધને કારણે વાહનોની કિંમતોમાં ધરખમ વધારો થશે. મોટાભાગના ગ્રાહકો ઈચ્છે છે કે તેમની કાર સંપૂર્ણપણે કેનેડામાં જ એસેમ્બલ થયેલી હોય. સર્વે મુજબ, ઓન્ટેરિયોમાં મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ ધરાવતી જાપાનીઝ કંપનીઓ ટોયોટા



અને હોન્ડા પ્રત્યે કેનેડિયનોનો વિશ્વાસ વધ્યો છે. બીજી તરફ અમેરિકાની પ્રખ્યાત 'ડેટ્રોઈટ થ્રી' કંપનીઓ જનરલ મોટર્સ, સ્ટેલાન્ટિસ અને ફોર્ડ–ગ્રાહકોનો ભરોસો ગુમાવી રહી છે. KPMG કેનેડાના ઓટોમોટિવ સેક્ટરના નેતા ડેવ પાવરે જણાવ્યું હતું કે, કેનેડિયનોને લાગે છે કે, અમેરિકન કંપનીઓ દેશમાં નોકરીઓ જાળવી રાખવા માટે પૂરતી પ્રતિબદ્ધ નથી, જ્યારે હોન્ડા અને ટોયોટાની સ્થાનિક હાજરી ગ્રાહકોને વધુ આકર્ષી રહી છે. અમેરિકા દ્વારા અગાઉ વિદેશી ઓટોમોબાઈલ પર 25% ટેરિફની જાહેરાત કરવામાં આવી હતી. જોકે, કેનેડા-યુ.એસ.-મેક્સિકો મુક્ત વેપાર કરાર (CUSMA) હેઠળ હાલ મુક્તિ મળેલી છે.

# રાયન વેડિંગ પર ભીંસ : મેક્સિકોમાં $40 મિલિયન ડોલરની મોટરસાયકલો જપ્ત

## ડ્રગ રેકેટ અને મની લોન્ડરિંગના આરોપ હેઠળ FBIની મોસ્ટ-વોન્ટેડ યાદીમાં સામેલ વેડિંગનું નામ ઉમેરાયું

**ઓન્ટેરિયો**

આંતરરાષ્ટ્રીય ડ્રગ ગેંગ ચલાવવાના આરોપનો સામનો કરી રહેલા ભૂતપૂર્વ કેનેડિયન સ્નોબોર્ડર રાયન વેડિંગની મુશ્કેલીઓ વધી રહી છે. તાજેતરમાં મેક્સિકોમાં પાડવામાં આવેલા દરોડામાં FBI અને સ્થાનિક સુરક્ષા એજન્સીઓએ વેડિંગ સાથે જોડાયેલી કરોડો રૂપિયાની કિંમતી વસ્તુઓ જપ્ત કરી છે.

દરોડામાં ડઝનેક હાઈ-એન્ડ લક્ઝરી મોટરસાયકલો મળી આવી હતી. જેની અંદાજિત કિંમત $40 મિલિયન યુએસ ડોલર હોવાનું મનાય છે. ગયા મહિને મિયામીમાં $13 મિલિયનની કિંમતની અતિ દુર્લભ 'મર્સિડીઝ-બેન્ઝ CLK-GTR રોડસ્ટર' જપ્ત કરવામાં આવી હતી. આ કાર વેડિંગના મુખ્ય મની લોન્ડરર રોલાન સોકોલોવસ્કી દ્વારા ખરીદવામાં આવી હતી. દરોડા દરમિયાન બે લક્ઝરી વાહનો, કિંમતી આર્ટવર્ક અને બે ઓલિમ્પિક મેડલ પણ મળી આવ્યા હતા. જોકે, વેડિંગે 2002ના ઓલિમ્પિકમાં ભાગ લીધો હતો પણ કોઈ મેડલ જીત્યો ન હતો, તેથી આ મેડલ કોના છે તે તપાસનો વિષય છે. યુએસ તપાસકર્તાઓનું માનવું છે કે વેડિંગ અત્યારે મેક્સિકોમાં પોતાની ઓળખ છુપાવીને રહી રહ્યો છે. મેક્સિકોના સુરક્ષા સચિવાલયે પુષ્ટિ કરી છે કે વેડિંગના વર્ણન સાથે મેળ ખાતી શંકાસ્પદ વ્યક્તિના ચાર ઘર પર દરોડા પાડવામાં આવ્યા હતા. તપાસ એજન્સીઓ અત્યારે તેના મની લોન્ડરિંગ નેટવર્ક અને ટોરોન્ટોના ઝવેરીઓ સાથેના તેના જોડાણોની ઊંડી તપાસ કરી રહી છે

ઓન્ટેરિયોના થંડર બેમાં જન્મેલા રાયન વેડિંગે 2002ના ઓલિમ્પિકમાં કેનેડાનું પ્રતિનિધિત્વ કર્યું હતું. પરંતુ રમતગમત છોડ્યા બાદ તે ગુનાખોરીના રસ્તે ચઢી ગયો હોવાનો દાવો તપાસ એજન્સીનો છે. માર્ચ મહિનામાં FBIએ તેને પોતાની 'મોસ્ટ-વોન્ટેડ' ભાગેડુઓની યાદીમાં સામેલ કર્યો છે.

# કેનેડાની યુક્રેનને વધુ $ 2.5 બિલિયનની સહાય, પુનઃનિર્માણ-ઉર્જા માટે ખર્ચાશે ભંડોળ

## PM માર્ક કાર્ને અને રાષ્ટ્રપતિ ઝેલેન્સકી વચ્ચે હેલિફેક્સમાં મહત્વની મુલાકાત; રશિયા સામેના જંગમાં કેનેડાનું સમર્થન યથાવત



**હેલિફેક્સ**

વડાપ્રધાન માર્ક કાર્નેએ શુક્રવારે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીનું હેલિફેક્સમાં સ્વાગત કર્યું હતુ, આ વર્ષે રાષ્ટ્રપતિ ઝેલેસ્કીની કેનેડાની આ બીજી મુલાકાત હતી. યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધ દરમિયાન નેતાઓ મળ્યા હતા, જેમાં કિવ માટે કેનેડાના સમર્થન પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. રશિયાના સંપૂર્ણ પાયે આક્રમણ પછી કેનેડાએ યુક્રેનને લગભગ $22 બિલિયનની સહાય પૂરી પાડી છે, જેમાં $12 બિલિયનથી વધુની સીધી નાણાકીય સહાયનો સમાવેશ થાય છે. ઝેલેન્સકીએ રિકવરી અને પુનર્નિર્માણ માટે યુક્રેનને સૌથી મોટો ફાળો આપનારામાં કેનેડાએ અગ્રેસર ગણાવ્યું હતુ. નવા ભંડોળમાં આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ લોન, દેવા સેવા સસ્પેન્શનમાં ભાગીદારી અને વિશ્વ બેંક અને યુરોપિયન બેંકને લોન ગેરંટી માટે સમર્થન શામેલ છે. આ ભંડોળ પુનઃનિર્માણ અને વિકાસ તરફ પ્રોજેક્ટ્સ અને ઉર્જા સુરક્ષાને સમર્થન આપવા માટે પણ કહેવામાં આવ્યું છે.

કાર્નેએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, જ્યારે હું યુક્રેનના સ્વતંત્રતા દિવસે કિવમાં રાષ્ટ્રપતિ ઝેલેન્સકી સાથે ઉભો હતો, ત્યારે મેં સ્પષ્ટ કર્યું હતું કે કેનેડા આ ભયાનક યુદ્ધ દરમિયાન અને જ્યારે શાંતિ આખરે આવશે ત્યારે યુક્રેન સાથે ઉભું રહેશે. આ મહિનાની શરૂઆતમાં કેનેડાએ નાટોની પ્રાથમિકતાવાળી યુક્રેન આવશ્યકતાઓની સૂચિમાંથી લશ્કરી ક્ષમતાઓમાં $200 મિલિયન અને ડ્રોન ક્ષમતા ગઠબંધનને વધારાના $50 મિલિયન આપવાની જાહેરાત કરી હતી, જે યુક્રેનના સંરક્ષણને વધુ મજબૂત બનાવશે.

શનિવારે એક પત્રકાર પરિષદ દરમિયાન નેતાઓએ જણાવ્યું હતું કે આ સમર્થનનો હેતુ ફક્ત યુક્રેનનો મદદ કરવાનો નથી, પરંતુ ન્યાયી અને કાયમી શાંતિને પ્રોત્સાહન આપવા, પરિવારોને ફરીથી જોડવા, સમુદાયોનું પુનર્નિર્માણ કરવા અને વધુ રશિયન આક્રમણને રોકવાનો છે.




# સનશાઇન વિલેજમાં ઊંડા બરફમાં પડી જવાથી ટોરોન્ટોની મહિલાનું કરૂણ મોત




**આલ્બર્ટા**

આલ્બર્ટાના રોકી પર્વતમાળામાં આવેલા સનશાઈન વિલેજમાં દોડતી વખતે ઊંડા બરફમાં પડી જવાથી ઓન્ટેરિયોની એક મહિલાનું મોત થયું હતુ. આ ઘટના શનિવારે બપોરે 3 વાગ્યાની આસપાસ બેન્ફ નેશનલ પાર્કના સ્કી રિસોર્ટમાં બની હતી. સનશાઈન વિલેજના પ્રવક્તા કેન્દ્રા સ્કુરફિલ્ડે પુષ્ટિ આપી હતી કે, 47 વર્ષીય ટોરોન્ટોની મહિલા સ્કીઈંગ કરી રહી હતી, ત્યારે તે ગ્રીન-લેવલ સ્કી-આઉટ રનમાંથી પડી ગઈ હતી અને સ્નો ઈમરસન નામના ઊંડા વિસ્તારમાં પડી ગઈ હતી. અમારી સ્નો સેફ્ટી પેટ્રોલ ટીમને અપર બેન્ફ એવન્યુ પર બનેલી ઘટના અંગે ચેતવણી આપવામાં આવી હતી, જે વોલ્વરાઈન એક્સપ્રેસ ચેર પરથી ગ્રીન રન ઓફ છે, જેમાં એક મહિલા બેન્ફ એવન્યુ પરથી પડી ગઈ હતી, સ્નો પેટ્રોલિંગ ટીમને જાણ થયાના ત્રણ મિનિટની અંદર તે ત્યાં પહોંચી ગઈ હતી. જે બાદ તપાસ થતાં એક મહિલા બેભાન હાલતમાં મળી હતી. તેને સીપીઆર અને ઈમરજન્સી દવા આપવામાં આવી હતી. સ્કરફિલ્ડે જણાવ્યું હતું કે ટ્રોમા ટીમ મહિલાને કેલગરી એરલિફ્ટ કરવા માટે તૈયાર હતી, પરંતુ તેણીએ તે પહેલાં જ દમ તોડ્યો હતો. મહિલાને પડી જતા પહેલા કોઈ બીમારી થઈ હતી કે પડી જવાથી આમ થયું તે જાણી શકાયું નથી. પરંતુ તે પહેલાથી જ સ્કીઈંગ કરી રહી હતી. જ્યારે નીચી ડાળીઓ બરફને સ્થિર થવાથી રોકે છે ત્યારે તે રચાય છે, જેનાથી સ્કીઅર્સ અને સ્નોબોર્ડર્સ તેમાં પડી શકે છે અને ઘાયલ થઈ શકે છે અથવા ગૂંગળામણ અનુભવી શકે છે. સ્કરફિલ્ડે કહ્યું કે આવી ઘટનાઓ સામાન્ય નથી. બેન્ફ એવન્યુ મુખ્ય સ્કી વિસ્તારથી પર્વતના પાયા પર પાર્કિંગ લોટ અને ગોંડોલા સુધી જાય છે અને ગ્રીન રન તરીકે, તે પ્રમાણમાં સરળ માર્ગ માનવામાં આવે છે જે ખૂબ ઢાળવાળી અથવા પડકારજનક નથી.






તંત્રી સ્થાનેથી

# કટ્ટરપંથીઓમાં હવે ગ્રેટર બાંગ્લાનું ભૂત ધૂણ્યું : ભારતની અખંડિતતાને જોખમ

૧૯૭૧માં પાકિસ્તાનમાંથી બાંગ્લા દેશ અને બાંગ્લા દેશનું નિર્માણ થયું ત્યારે ભારતને હતું કે, હવે પૂર્વે શાંતિ રહેશે. ભારત માટે કોઈ ચિંતા નહીં રહે. પણ તે આશા ઠગારી પુરવાર થઈ રહી છે. બાંગ્લા દેશમાં શેખ હસીનાને સત્તા પર ઉથલાવાયા બાદ મોહંમદ યુનુસ હવે ફક્ત પાકિસ્તાન સાથેની મિત્રતા જ મજબૂત કરી રહ્યા નથી, પરંતુ કથિત રીતે કટ્ટરપંથી ઈસ્લામિક એજન્ડાને પણ પ્રોત્સાહન આપી રહ્યા છે. અહીં સેના અને મહોમ્મદ યુનુસની સરકારના ઓઠા હેઠળ કટ્ટરપંથી તત્વો ખુલ્લેઆમ ‘ગ્રેટર બાંગ્લાદેશ’ની વાતો કરવા લાગ્યા છે. બાંગ્લાદેશના રસ્તાઓ ઉપર અને સોશિયલ મીડિયા પર જે રીતે ભારત વિરોધી સૂત્રોચ્ચાર કરતા ટોળા તે કોઈ સામાન્ય ઘટના નથી. પરંતુ એક સોચી-સમજી રણનીતિ હેઠળ ચાલી રહેલી ગતિવિધિ છે.



તંત્રી - સ્વદેશ

ભારત સરકારે ઢાકામાં સુલ્તાનત-એ-બાંગ્લા નામના ઈસ્લામિક જૂથની નોંધ લીધી છે. આ જૂથે કહેવાતા ગ્રેટર બાંગલા દેશનો નકશો બહાર પાડ્યો છે, જેમાં ભારતના કેટલાક ભાગોનો સમાવેશ થાય છે. ભારતના વિદેશપ્રધાન એસ. જયશંકર જણાવ્યું હતું કે, આ જૂથને તુર્કો યુથ ફેડરેશન દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે , જે એક બિનસરકારી સંસ્થા છે. સલ્તનત-એ-બાંગ્લાએ આ વર્ષની શરૂઆતમાં શાહબાગમાં ઢાકા યુનિવર્સિટીના ટીચર્સ સ્ટુડન્ટ સેન્ટર ખાતે આયોજીત એક કાર્યક્રમમાં ગ્રેટર બાંગલા દેશનો નકશો બહાર પાડ્યો હતો, જે સંસ્થા હવે અલગતાવાદી જૂથનું કામચલાઉ મુખ્યાલય છે.

ભારતના ઈન્ટેલિજન્સ બ્યુરોના અધિકારીઓના મતે આ જૂથ બાંગલા દેશમાં કટ્ટરપંથી વિચારધારાઓને પુનર્જીવિત કરવાનો અને ખાસ કરીને ગ્રેટર બાંગલા દેશની તરફેણમાં યુવાનોને એકત્ર કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ સંગઠન લાંબા સમયથી મધ્યયુગીન બંગાળ સલ્તનતના વારસાને આગળ ધપાવી રહ્યું છે. સલ્તનત-એ-બાંગ્લાનું નામ બંગાળ સલ્તનત પરથી પાડવામાં આવ્યું છે, જે એક સ્વતંત્ર મુસ્લિમ શાસિત રાજ્ય હતું, જેણે ઈ.સ. ૧૩૫૨થી ૧૫૩૮ વચ્ચે આજના બંગાળ આજુબાજુ શાસન કર્યું હતું. સુલ્તાનત-એ-બાંગ્લા જૂથ દ્વારા બહાર પાડવામાં આવેલા ગ્રેટર બાંગલા દેશના નકશામાં મ્યાનમારનો અરાકાન પ્રદેશ અને ભારતના પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ત્રિપુરા, આસામ, બિહાર, ઓડિશા અને અન્ય ઉત્તરપૂર્વીય રાજ્યોના હિસ્સાને બતાવાયા છે. આ સંસ્થાનું ભંડોળ યુનુસની પુત્રી દીના અફરોઝ યુનુસ સાથે જોડાયેલું છે. તે એક એનજીઓ સીએસએસ બાંગલા દેશની મુખ્ય ફાઈનાન્સર હોવાનું કહેવાય છે.

યુનુસ સરકાર પર કટ્ટરપંથી ઈસ્લામિક જૂથો સાથે સાંઠગાંઠનો આરોપ મૂકવામાં આવ્યો છે. તેમના કાર્યકાળ દરમિયાન જમાત-એ-ઈસ્લામી શક્તિશાળી બની હતી. યુનુસે સત્તા સંભાળ્યા પછી જમાત પરનો પ્રતિબંધ હટાવી લીધો, પરંતુ તેમણે તેના સભ્યોને વચગાળાની સરકારમાં ભાગ લેવાની અને નિર્ણયો લેવાની મંજૂરી આપી. આ ઉપરાંત યુનુસના નેતૃત્વ હેઠળ પાકિસ્તાને બાંગલા દેશમાં પોતાનો પ્રભાવ જાળવી રાખ્યો છે. પાક.ની અધિકારીઓ માટે વિઝા નિયમો હળવા કરવામાં આવ્યા છે અને ઈસ્લામાબાદનો દરિયાઈ માર્ગ પણ ખુલ્લો મૂકવામાં આવ્યો છે.

મહત્વની વાત એ છે કે, શેખ હસીનાએ બાંગલા દેશના વડા પ્રધાનપદેથી રાજીનામું આપ્યા બાદ જમાત-એ-ઈસ્લામી અને હિફાઝત-એ-ઈસ્લામ બાંગલા દેશ નામનું સંગઠન ખુશ છે. આ બે સંગઠનો હાલમાં એક નવું બાંગલા દેશ બનાવવાની યોજના તૈયાર કરી રહ્યાં છે. ભારતની ગુપ્તચાર એજન્સીઓને આ સંદર્ભમાં ઈનપુટ મળ્યા છે કે બંને કટ્ટરપંથી સંગઠનો ગ્રેટર બાંગલા દેશ બનાવવા અને ત્યાં શરિયા કાયદો લાગુ કરવાની ઈચ્છા ધરાવે છે. બાંગલા દેશની વચગાળાની સરકારમાં ધાર્મિક બાબતોના મંત્રી અબુલ ફયાઝ ખાલેદ હુસૈનની નિમણૂકથી આ દાવાને વધુ મજબૂતી મળે છે. ખાલિદ હુસૈન કટ્ટરપંથી સંગઠન હિફાઝત-એ-ઈસ્લામ બાંગલા દેશ સાથે સંકળાયેલા છે. આ સંગઠન અનેક વખત કટ્ટરપંથી પ્રવૃત્તિઓમાં ફસાયેલું રહ્યું છે. હિફાઝત-એ- ઈસ્લામ બાંગલા દેશનો ઉદેશ એશિયામાં બીજું અફઘાનિસ્તાન બનાવવાનો છે. બંને સંગઠનો બાંગલા દેશમાં હિંસા ફલાવવા અને ભારતવિરોધી એજન્ડાને અનુસરવા માટે જાણીતાં છે. બાંગ્લા દેશમાં આવા સંગઠનોની સક્રિયતા અને દબદબાની સીધી અસર ભારતને થશે તે વાતમાં કોઈ બેમત નથી.

‘ગ્રેટર બાંગ્લાદેશ’એ આ કટ્ટરપંથીઓની માત્ર કોઈ કલ્પના નથી, પરંતુ ભારતને તોડવાની એક સુનિયોજિત રણનીતિ છે. નિષ્ણાતોના મતે આ કટ્ટરપંથી સંગઠનો સીધા યુદ્ધને બદલે ‘સોફ્ટ ઈન્વેઝન’ (નરમ આક્રમણ)ની નીતિ અપનાવી રહ્યા છે. વર્ષોથી ભારતમાં ગેરકાયદે ઘૂસણખોરી થઈ રહી છે. જેને કારણે ભારતના સરહદી જિલ્લાઓમાં વસ્તીનું સંતુલન બગડ્યું છે. કટ્ટરપંથીઓ આ વિસ્તારોમાં મજબૂત પકડ બનાવીને ભવિષ્યમાં ‘સ્વયંભૂ વિલય’ અથવા અલગતાવાદી આંદોલનો ઊભા કરવીની ફિરાકમાં છે. વળી, આ કામમાં પાકિસ્તાન અને ચીન કટ્ટરપંથીઓને સમર્થન આપી શકે તેવી ભારતીય સુરક્ષા એજન્સીઓની આશંકા છે. ભારતીય સુરક્ષાના નિષ્ણાતોના મતે ભારત માટે સૌથી ચિંતાની બાબત સિલીગુડી કોરિડોર છે, જેને ‘ચિકન નેક’કહેવામાં આવે છે. જો કટ્ટરપંથીઓ પશ્ચિમ બંગાળ અને આસામના સરહદી વિસ્તારોમાં અરાજકતા ફેલાવે, તો ભારતનો ઉત્તર-પૂર્વ સાથેનો સંપર્ક કાપી શકાય તેમ છે.

છેલ્લાં કેટલાક સમયથી બાંગ્લાદેશી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર પશ્ચિમ બંગાળના મુસ્લિમોને ભારત સામે ભડકાવવાના પ્રયાસો તેજ થયા છે. ઉપરાંત બાંગ્લાદેશમાં હિંદુ લઘુમતી પરના હુમલાઓ પાછળનો હેતુ પણ ધાર્મિક ધ્રુવીકરણ કરીને કટ્ટરતા વધારવાનો છે. બાંગ્લાદેશમાં હાલ હિંદુઓને નિશાન બનાવી હુમલા અને હત્યાની ઘટનાઓ વચ્ચે બાંગ્લાદેશનાં પહેલાં મહિલા વડા પ્રધાન બેગમ ખાલિદા ઝિયાનું મંગળવારે ૮૦ વર્ષની વયે નિધન થયું હતુ. બાંગ્લાદેશના રાજકારણમાં ખાલિદા ઝિયા અને શેખ હસીનાની રાજકીય હરીફાઈ જાણીતી છે. શેખ હસીનાનો પરિવાર ભારત તરફી હતો અને હસીના પોતે પણ ભારતનાં સમર્થક છે. બીજી તરફ ખાલિદા ઝિયાની નીતિ ભારત તરફી નહોતી, ખાલિદા ઝિયાએ બાંગ્લાદેશમાં લોકશાહીની ફરી સ્થાપના માટે જે જંગ ખેલ્યો એવો જંગ બહુ ઓછાં લોકો ખેલી શકે. ખાલિદા ઝિયા શેખ હસીનાની જેમ ભારતનાં ખુલ્લાં સમર્થન નહોતાં. બલકે ઘણા બધા મુદ્દે ખાલિદાનું વલણ ભારત વિરોધી પણ રહ્યું હતું. જો કે, એ પણ કબૂલવું પડે કે, ખાલિદાએ પાકિસ્તાન કે ચીનને બાંગ્લાદેશમાં ઘૂસવા દીધા ન હતા.

manoj1968@yahoo. ca






# ભાજપને જૂથબંધીનો ડર કે ઉદાસીનતા
# બરોડા ડેરી સહિતની ચૂંટણીઓ અટવાઇ પડી

## શિનોર અને કરજણ APMC ના પ્રમુખની અઢીવર્ષની પહેલી ટર્મ પણ પુરી થઇ ગઇ

**વડોદરા**

વડોદરા જિલ્લાના સહકારી વિભાગમાં ભાજપમાં આંતરિક જૂથબંધી બહાર આવ્યા બાદ હવે ત્રણ સંસ્થાઓના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી ઘોંચમાં પડતાં ચર્ચાનો વિષય બન્યો છે.

વડોદરા જિલ્લાની પાદરા એપીએમસીમાં ભાજપે તમામ ૧૦ બેઠક ગુમાવી હતી અને ભાજપના જ બળવાખોર જૂથનો વિજય થયો હતો. ભાજપના દિનુમામાના બળવાખોર જૂથે મેન્ડેટ આપવામાં મનમાની ચલાવવામાં આવી રહી હોવાનો આક્ષેપ પણ કર્યો હતો,પરંતુ મેન્ડેટ આપવામાં વર્તમાન ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાનો હાથ ઉપર રહ્યો હતો અને આખરે ભાજપે સત્તા ગુમાવી હતી.આ




ચૂંટણીના પરિણામ જાહેર થયાને બે મહિનાથી વધુ સમય થયો હોવા છતાં હજી પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી જાહેર કરાતી નથી.

ડભોઇ એપીએમસીમાં ભાજપે પહેલીવાર બહુમતી મેળવી છે.પરંતુ સામે વિરોધ પક્ષના ચાર સભ્યો પણ વિજેતા બન્યા છે.ભાજપ પાસે બહુમતી હોવા છતાં અને પરિણામો જાહેર થયાને દોઢ મહિનો થઇ ગયો હોવા છતાં હજી પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી કેમ જાહેર નથી કરાતી તે સવાલ છે. વડોદરા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘમાં પણ ભાજપે બહુમતી મેળવી હતી.આ ચૂંટણીમાં ભાજપે જૂની તારીખ નાંખેલા મેન્ડેટ પછીથી આપતાં વિવાદ સર્જાયો હતો.ભાજપે બિનહરીફ વિજેતા થયા હોય તેવાને મેન્ડેટમાં સમાવી લીધા હોવાનો પણ આક્ષેપ થયો હતો.સંઘની ચૂંટણીને પણ એક મહિનાથી વધુ સમય થયોહોવા છતાં હજી ચૂંટણી શા માટે જાહેર નથી કરાતી તે ચર્ચાનો વિષય છે. વડોદરા જિલ્લાની શિનોર અને કરજણ એપીએમસીમાં પણ પ્રમુખની અઢી વર્ષની બીજી ટર્મ માટેની ચૂંટણીની જાહેરાત થઇ નથી.

શિનોર અને કરજણ એપીએમસી ભાજપ હસ્તક છે તેમજ બંને એપીએમસીમાં પ્રમુખ-ઉપપ્રમુખની અઢી વર્ષની પહેલી ટર્મ દસેક દિવસ પહેલાં જ પુરી થઇ ગઇ છે.પરંતુ તેમ છતાં અઢી વર્ષની બીજી ટર્મ માટે ચૂંટણીની જાહેરાત કરવામાં આવી નથી. નોંધનીય છે કે,ઉપરોક્ત બંને તાલુકામાં ભાજપમાં કોંગ્રેસ છોડીને આવેલા ભાજપના વર્તમાન ધારાસભ્ય અને ભાજપના પૂર્વ ધારાસભ્યના ગુરૂપ વચ્ચે લાંબા સમયથી જૂથબંધી ચાલતી હોવાથી તેના પ્રત્યાઘાત ઉપરોક્ત ચૂંટણીમાં પડે તેવી દહેશત વર્તાઇ રહી છે.

# MLA કિરીટ પટેલનો યુ-ટર્ન, દંડક પદેથી રાજીનામાનો નિર્ણય મોકૂફ

## હાઇકમાન્ડ સાથેની બેઠક બાદ મામલો થાળે પડ્યો

**પાટણ**

છેલ્લા કેટલાક સમયથી ગુજરાતના રાજકારણમાં ગરમાવો લાવનાર પાટણના ધારાસભ્ય કિરીટ પટેલના રાજીનામાના સમાચાર પર આખરે પૂર્ણવિરામ મૂકાયું છે. કિરીટ પટેલે દંડક પદેથી રાજીનામું આપવાનો પોતાનો નિર્ણય હાલ પૂરતો મોકૂફ રાખ્યો છે. હાઇકમાન્ડ સાથેની મહત્ત્વની બેઠક અને ટેલિફોનિક વાતચીત બાદ તેમણે આ નિર્ણય લીધો હોવાનું સામે આવ્યું છે. કિરીટ પટેલે પક્ષના ઉચ્ચ નેતાઓ અને હાઇકમાન્ડ સાથે વિગતવાર ચર્ચા કરી હતી. આ વાતચીતમાં તેમની નારાજગીના કારણો અને સ્થાનિક પ્રશ્નો અંગે હકારાત્મક ખાતરી મળતાં તેમણે પોતાનો નિર્ણય બદલ્યો છે. હવે તેઓ દંડક પદે કાર્યરત રહેશે અને રાજીનામું આપશે નહીં.

MLA કિરીટ પટેલે દંડક પદેથી સત્તાવાર રીતે પોતાનું રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. સંગઠનમાં થયેલી નિમણૂકો અને ખાસ કરીને પાટણ જિલ્લા અનુસૂચિત જાતિ (SC) મોરચાના પ્રમુખની વરણી મુદ્દે ભારે નારાજગી જોવા મળી હતી.

# ભાગવાનો પ્રયાસ કરતા બિશ્નોઈ ગેંગના સાગરીત પર દાહોદમાં પોલીસનું ફાયરિંગ, પગે ગંભીર ઈજા

## બિશ્નોઇ ગેંગ સાથે સંકળાયેલા અશોક બિશ્નોઇને આસામથી ઝડપી પાડ્યો હતો

**દાહોદ**

ગુજરાત સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમ લિકર માફિયા અને બિશ્નોઈ ગેંગ સાથે સંકળાયેલા અશોક બિશ્નોઈને આસામથી ધરપકડ કરીને ગુજરાત લાવી રહી હતી. ટ્રાન્ઝિટ રિમાન્ડ બાદ આજે ખાનગી વાહનમાં બાય રોડ આરોપીને ગાંધીનગર લાવવામાં આવી રહ્યો હતો ત્યારે દાહોદ નજીક આરોપીએ પોલીસ કસ્ટડીમાંથી ફરાર થવા SMCના પોલીસ કર્મીનું ગળું દબાવ્યું હતું, બાદમાં ભાગવાનો પ્રયાસ કર્યો હતો, જેથી ખૂંખાર આરોપીને પકડવા પોલીસે ગોળીબાર કર્યો હતો. જેમાં અશોક બિશ્નોઇને પગના ભાગે ગોળી વાગી હતી.

બીજી તરફ આજે (૩૦ ડિસેમ્બર) સાંજે સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકાના શિયાણી ગામે મારામારીના ગુનામાં સંડોવાયેલા આરોપી પર PSIએ ફાયરિંગ કર્યું હતું. ગુનાની વિગતોની તપાસ માટે આરોપી દેવરાજ બોરાણાને રીકન્સ્ટ્રક્શન માટે લઈ જવામાં આવ્યો હતો.જ્યાં તેને પોલીસની નજર ચૂકવી પહેલેથી સંતાડેલી છરી વડે હુમલો કર્યો હતો. જેમાં જેમાં એક પોલીસકર્મી પણ ઘાયલ થયો હતો. જવાબી કાર્યવાહીમાં હાજર PSIએ આરોપી દેવરાજ બોરાણાના પગના ભાગે ગોળી મારી હતી. જે બાદ તે ઢળી પડ્યો હતો. જેને હાલ સારવાર અર્થે લીંબડીની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. ઘાયલ પોલીસકર્મીની પણ સારવાર ચાલી રહી છે.

# પંચમહાલના 5 ગામમાં અધૂરા પુરાવાના આધારે 1048 લગ્નની નોંધણી પકડાઈ, ચાર્જશીટ દાખલ

## યોગ્ય ખુલાસો નહીં કરનાર ચાર તલાટી કમ મંત્રીઓને નોટિસ ફટકારાઇ હતી

**પંચમહાલ**

પંચમહાલ જિલ્લો બોગસ લગ્ન નોંધણીનું એપિસેન્ટરબન્યું છે, ત્યારે જિલ્લા પંચાયત દ્વારા ઘોઘંબાની 4 અને કાલોલની 1 ગ્રામપંચાયતમાં તપાસ કરતા 1048 લગ્ન નોંધણીઓ અધુરા પુરાવાના આધારે કરી હોવાનુ પુરવાર થયું હતું. જેના પગલે નાયબ ડીડીઓ દ્વારા ભાણપુરા, કણબી પાલ્લી, નાથકુવા તથા કંકોડા કુઈ અને કાલંત્રા એમ ચાર તલાટીઓ સામે આરોપનામુ ઘડીને ચાર્જશીટ અપાતા મહેસુલ આલમમાં સન્નાટો ફેલાયો હતો.

જિલ્લાના કંકોડાકોઈ, ભાણપુરા, કણબીપાલ્લી તથા કાલંત્રા સહિતની 5 ગ્રામપંચાયતોમાં કુલ 1048 લગ્ન નોંધણી અધૂરા પુરાવા, જરૂરી દસ્તાવેજો વિના થઈ હતી. તલાટીના જવાબ બાદ ખુલાસો સંતોષકારક ન જણાતા ભાણપુરાના બી.એલ.કામોડ, કણબી પાલ્લી ગ્રામપંચાયતના એન. એલ. સોલંકી, નાથકુવા તથા કંકોડા કુઈ ગ્રામપંચાયતના પી. એ પટેલ તથા કાલંત્રા ગ્રામ પંચાયતના આર. સી. ભોઈ સહિત 4 તલાટી કમ મંત્રીને ચાર્જશીટ ફટકારી છે. જિલ્લામાં 4 વર્ષમાં બોગસ નોંધણીના ચોકાવનારા આંકડા સામે આવ્યા છે. જેમાં શહેરાના ભદ્રાલા ગ્રામ પંચાયતમાં 571, કાલોલ તાલુકાના મલાવ ગ્રામપંચાયતમાં 1502, ઘોઘંબા તાલુકાના કણબી ગ્રામ પંચાયતમાં 411, નાથકુવા 111, કંકોડાકુઈ 341, ભાવાપુરા 149, કરણ તથા કાલોલની કાંલત્રા ગામે 31 લગ્ન નોંધણીઓ અપુરતા પુરાવાના આધારે કરાઈ હોવાનું બહાર આવ્યું છે.

# સેલ્ફ ડિપોર્ટનો ક્રેઝ, મહેસાણાનો યુવક દિલ્હીથી નકલી પાસપોર્ટ સાથે ઝડપાયો

**મહેસાણા**

મહેસાણાની ગાયત્રી સોસાયટીમાં રહેતા જીગર પટેલ નામના મુસાફરના પ્રવાસ દસ્તાવેજોમાં વિસંગતતા જણાતા 19 ડિસેમ્બરે આઈજીઆઈ એરપોર્ટ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. પટેલ અમેરિકાથી ફ્લાઇટ AI 126 દ્વારા બપોરે 12.30 વાગ્યે ડિપોર્ટ તરીકે ટર્મિનલ-૩ પર ઉતર્યો હતો.

FIR મુજબ, જીગર પટેલની ટ્રાવેલ હિસ્ટ્રી તપાસતા જાણવા મળ્યું કે, તે એપ્રિલ 2013માં ભારતીય પાસપોર્ટ પર ભારત છોડીને ગયો હતો, જે જૂન 2022માં એક્સપાયર થઈ ગયો હતો. પરત આવવા માટે તેણે 2019માં ન્યૂયોર્કથી ઈશ્યુ થયેલા એક પાસપોર્ટનો ઉપયોગ કર્યો હતો, જે ઉત્તર પ્રદેશના કુશીનગરના રહેવાસી ખુરશીદ અંસારીના નામે હતો. સરકારી રેકોર્ડમાં આ પાસપોર્ટ 'ખોવાયેલ' તરીકે નોંધાયેલો હતો.

ઈમિગ્રેશન અધિકારીઓએ તપાસમાં જોયું કે પાસપોર્ટ ભારતીય સુરક્ષા માપદંડો મુજબનો નહોતો. પાસપોર્ટમાં લેઝર પરફોરેશન મેન્યુઅલી કરેલું હતું, બાયો પેજ પરની ઘોસ્ટ ઈમેજ ખામીયુક્ત હતી, અને રાષ્ટ્રીય પ્રતીકનું વોટરમાર્ક દેખાતું નહોતું. આથી અધિકારીઓએ નિષ્કર્ષ કાઢ્યો કે પાસપોર્ટ નકલી હતો.

# અંબાજીમાં પોષી પૂનમે પ્રાગટ્ય મહોત્સવની ઉજવણી, ઝાંખી સાથે નીકળશે શોભાયાત્રા

**અંબાજી**

શક્તિપીઠ અંબાજી ખાતે પોષી પૂનમના પવિત્ર અવસરે મા અંબાના પ્રાગટ્ય મહોત્સવને યાદગાર બનાવવા માટે વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. આ મહોત્સવના સુચારુ આયોજન માટે અંબાજી મંદિર ટ્રસ્ટના વહીવટદાર અને અધિક કલેક્ટર કૌશિક મોદીની અધ્યક્ષતામાં એક મહત્ત્વની બેઠક યોજાઈ હતી. જેમાં યાત્રાળુઓની સુવિધા અને સુરક્ષાને લઈને અનેક નિર્ણયો લેવામાં આવ્યા છે. પોષ સુદ પૂનમ એટલે જગતજનની મા અંબાનો પ્રાગટ્ય દિવસ. આ દિવસે અંબાજીમાં લાખોની સંખ્યામાં માઈભક્તો ઉમટી પડે છે. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને ધાર્મિક ઉત્સવ સેવા સમિતિ દ્વારા આ વર્ષે પણ પરંપરાગત રીતે ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. બેઠક દરમિયાન અધિક કલેક્ટરે તમામ વિભાગોને સંકલનમાં રહી કામ કરવા સૂચના આપી છે. મોટી જનમેદનીને ધ્યાને રાખીને મંદિર પરિસર અને સમગ્ર શહેરમાં વિશેષ પોલીસ ફોર્સ તૈનાત કરવામાં આવશે. યાત્રાળુઓને આવવા-જવામાં કોઈ તકલીફ ન પડે તે માટે પોલીસ વિભાગ દ્વારા ખાસ ટ્રાફિક પ્લાન તૈયાર કરાયો છે.

# સાણંદના કલાણા ગામે હિંસા મામલે કાર્યવાહી ડ્રોનની મદદથી 42 તોફાનીઓને ઝડપી પડાયા

## તોફાનને પગલે ગામ પોલીસ છાવણીમાં ફેરવાયું, આરોપીઓના ઘરે તાળા દેખાયા

**સાણંદ**

અમદાવાદ જિલ્લામાં સાણંદના કલાણા ગામે હિંસા મામલે 42 શંકાસ્પદોને રાઉન્ડ અપ કરાયા છે. આજે કલાણા ગામે બે જૂથ વચ્ચે અથડામણ થઈ હતી આ જીવલેણ હુમલામાં ધાબે ચડીને અનેક લોકો એકબીજા પર પથ્થરમારો કરતા દેખાયા હતા. જે બાદ સમગ્ર ગામને પોલીસ ઘેરામાં ફેરવવાની જરૂર પડી હતી. ઘટનાની ગંભીરતા જોતાં SP અને DySP સહિતનો પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો હતો. સ્થિતિને કાબૂમાં લીધા બાદ પોલીસે તોફાન મચાવનારા તત્ત્વોને પકડવાની તજવીજ હાથ ધરી હતી, જેમાં પોલીસે 42 શંકાસ્પદ લોકોને રાઉન્ડ અપ કર્યા છે.

ઘટના બાદ ડ્રોન સર્વેલન્સથી પથ્થરમારો કરનારા આરોપીઓને શોધવાની કવાયત હાથ ધરવામાં આવી હતી. પોલીસની કાર્યવાહીથી ડરના માર્યા મોટાભાગના ઘરોમાં ખંભાતી તાળા જોવા મળ્યા હતા. આરોપીઓ પથ્થરમારો કરી ભાગી છૂટ્યા હતા. જેમને દબોચવા માટે ડ્રોનની મદદ લેવાઈ હતી. જેમાં અનેક આરોપીઓ ખેતરોમાં સંતાયેલા હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસથી બચવા આરોપીઓ ખેતરમાં પાક વચ્ચે સૂતા હતા તેમ છતાં પણ પોલીસે પકડી પાડયા હતા. પોલીસે ગામમાં લાગેલા સીસીટીવી કેમેરાના DVR પણ કબજે કરી તપાસ આદરી છે.

# ભાનુશાલી હત્યાકાંડઃ મનજી બાપુને આરોપી બનાવવા આદેશ

**2019માં સયાજી એક્સપ્રેસ ટ્રેનમાં બે શાર્પશૂટરો દ્વારા બંદૂકના ભડાકે હત્યા કરી દેવાઈ હતી, દબાણ અંગે કાર્યવાહીથી બાપુ નારાજ હતા**

**ભુજ**

અબડાસાના માજી ધારાસભ્ય જયંતી ભાનુશાલીની ગત જાન્યુઆરી, ૨૦૧૯માં સયાજી એક્સપ્રેસ ટ્રેનમાં બે શાર્પશૂટરો દ્વારા બંદૂકના ભડાકે હત્યા કરી દેવાના, રાષ્ટ્રીય સ્તરે ચર્ચાસ્પદ બનેલા પ્રકરણમાં જે-તે સમયે ભાનુશાલીના રાજકીય હરીફ છબીલ પટેલ, તેમના પુત્ર સિધ્ધાર્થ પટેલ, જેન્તી ઠક્કર, સુરજીત પરદેશી (ભાઉ) અને મહારાષ્ટ્રના શાર્પશૂટરો સહિત પકડાયેલા ૧૨ આરોપીઓ સાત વર્ષના ગાળામાં જામીન પર મુક્ત થઈ ગયાં છે, અલબત્ત, હત્યાના અન્ય એક બનાવમાં મહારાષ્ટ્રની પુણેની યરવડા જેલમાં સજા કાપી રહેલા બે પૈકીના એક



શાર્પ શૂટર એવા વિશાલ નાગનાથ કામબલેની અન્ય બંદિવાનોએ હત્યા કરી નાખી હતી, જ્યારે ભાનુશાલીની હત્યાના એક વર્ષ બાદ ગુનાની તપાસ કરતી રેલવે અને સીઆઈડી ક્રાઈમની સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમે સમન્સ પાઠવીને અમદાવાદ સ્થિત કચેરીએ મનજી ભાનુશાલીની મેરેથોન પૂછપરછ બાદ જવા દીધા હતા.

આ પરિસ્થિતિ વચ્ચે ભાનુશાલી હત્યા કેસના મુખ્ય ફરિયાદી અને મૃતક ધારાસભ્યના ભત્રીજા એવા સુનિલ ભાનુશાલી દ્વારા ભચાઉની સેશન્સ અદાલત સમક્ષ રાતા તળાવ પાંજરાપોળના સ્થાપક મનજી ભાનુશાલીને આરોપી બનાવવા માટે અરજી દાખલ કરાઈ હતી જેમાં જણાવ્યા અનુસાર, રાતા તળાવ પાંજરાપોળના પશુઓને આપવામાં આવતી સબસીડીનો મનજી બાપુ દુરુપયોગ કરતા હોવા અંગેની જયંતી ભાનુશાલીએ ગત તા.૨૪-૦૩-૨૦૧૫ના રોજ તત્કાલીન જિલ્લા સમાહર્તા સમક્ષ અરજી કરી હતી. તેમજ વર્ષ ૨૦૧૩-૨૦૧૪માં મનજી બાપુ દ્વારા જાહેર માર્ગ પર ગેરકાયદે રીતે કરેલાં અતિક્રમણને જયંતભાઈએ હટાવ્યું તે બાબતનું બાપુને મનદુઃખ હતું. સહઆરોપી જેન્તી ઠક્કર સાથે મનજી બાપુને પહેલાંથી જ ખૂબ નિકટના સંબંધો હતા તો મહિલા આરોપી પણ તેમના આશ્રમ પર આવતી રહેતી હતી. હત્યાના ત્રણેક દિવસ અગાઉ મનજી બાપુએ રાતા તળાવ ખાતે ગૌ-બચાવ કાર્યક્રમનું આયોજન કર્યું હતું અને તેમાં જયંતી ભાનુશાલીને આયોજનપૂર્વક આમંત્રણ આપીને બોલાવ્યા હતા. જેનું કારણ આપતાં સુનિલ ભાનુશાલીએ અરજીમાં જણાવ્યું હતું કે, મૃતક માજી ધારાસભ્ય તેની કરપીણ હત્યાના આગલા જ દિવસે અમદાવાદ જવાના હતા પરંતુ મનજી ભાનુશાલીએ તેમને મહિલા આરોપી સાથેના કથિત સેક્સ કાંડને લઈને ચાલી રહેલા વિવાદના સમાધાન માટે બેઠકના બહાને જાણી જોઈને રોકી રાખ્યા હતા.

## ભ્રષ્ટાચાર રોકવા પ્રિવેન્ટિવ વિજિલન્સ ઇન્સ્પેક્શન પદ્ધતિનો અમલ કરાશે

**સરકાર વિભાગોમાં ખામી હોવાનું ધ્યાને આવતા નિર્ણય**

**અમદાવાદ**

ગુજરાતના સરકારી તંત્રમાં ભ્રષ્ટાચાર ફૂલ્યોફાલ્યો છે. સરકારી કર્મચારીઓના ભ્રષ્ટાચારના અનેક કિસ્સા બહાર આવતા સરકાર દ્વારા હવે ફરિયાદ આવ્યા બાદ પગલાં લેવાને બદલે અગાઉથી જ વહીવટી પ્રક્રિયાની ચકાસણી કરીને ખામીઓને દૂર કરવાની નીતિ અપનાવવામાં આવી છે. ગુજરાત તકેદારી આયોગની સૂચનાને આધારે સરકાર દ્વારા રાજ્યના વિવિધ સરકારી વિભાગો અને કચેરીઓમાં "પ્રિવેન્ટિવ વિજિલન્સ ઈન્સ્પેક્શન" પદ્ધતિ અમલમાં મૂકવામાં આવી છે.

ગુજરાત તકેદારી આયોગની માર્ગદર્શિકા મુજબ દરેક વિભાગે દર છ મહિને પોતાની કચેરીઓનું પ્રિવેન્ટિવ વિજિલન્સ ઈન્સ્પેક્શન કરવું ફરજિયાત રહેશે અને તેનો વિગતવાર અહેવાલ સરકારને મોકલવાનો રહેશે. પ્રથમ અહેવાલ જાન્યુઆરીથી 30 જૂન સુધીના સમયગાળાનો રહેશે, જેને 20 જુલાઈ સુધીમાં સરકારને સુપરત કરવો પડશે. તકેદારી નિરીક્ષણ દરમિયાન ખાસ કરીને અરજદારો સાથે સંબંધિત પ્રક્રિયાઓ પર ભાર મૂકવામાં આવશે.

## SIR બાદ ગુજરાતની ચૂંટણીમાં ઊલટફેરની આશંકા : ધારાસભ્ય અને કોર્પોરેટરને ચિંતા

**બે જગ્યાએ નામ હોય તો જેલ અને દંડની જોગવાઈ, મતદારો નામ કમી કરાવવા દોડ્યાં**

**ગાંધીનગર**

SIRને પગલે કેટલીય વિધાનસભા બેઠકોમાં મતોમાં ઉલટફેર થઈ શકે છે. જેથી આગામી દિવસોમાં યોજાનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણી પર તેની અસર પણ જોવા મળશે. ગુજરાતમાં અત્યાર સુધીમાં 70 લાખથી વધુ મતદારોનું મેપિંગ થઈ શક્યું નથી. મૃતક ઉપરાંત બેથી વધુ સ્થળે નામ ધરાવતાં મતદારોના નામો કમી થતાં મતોની સંખ્યામાં ઘટ થઈ છે જેના કારણે નજીવી સરસાઈથી વિજેતા ધારાસભ્ય જ નહીં, મ્યુનિ. કોર્પોરેટરોને પણ હવે હાર દેખાઈ રહી છે. આ જોતાં મતદાર માટે ફોર્મ ભરાવવા ધારાસભ્યો સક્રિય થયા છે.

18 લાખથી વધુ મૃતક મતદારોના નામ મતદારયાદીમાંથી કમી કરાયા છે. આ ઉપરાંત જુદી જુદી વિધાનસભા બેઠકોમાંથી કુલ મળીને 39 લાખ મતદારો સ્થળાંતર કરી ચૂક્યા છે. 10 લાખથી વધુ મતદારો પોતાના સરનામે ગેરહાજર રહ્યાં છે. આ કારણોસર મોટાભાગની વિધાનસભા બેઠકોમાં મતદારો ઘટ્યાં છે, જેના કારણે નજીવી સરસાઈથી જીતેલાં ધારાસભ્યોને હવે હાર દેખાવવા માંડી છે. મતદારોની સંખ્યામાં થયેલો ઘટાડો સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પર પણ અસર કરશે જેના કારણે મ્યુનિ.કોર્પોરેટરોની પણ ચિંતા વધી છે. બીજી તરફ જેલ ઉપરાંત દંડની જોગવાઈને પગલે જાગૃત મતદારો બે સ્થળે નામ હોય તો સામે ચાલીને કમી કરાવવા દોડ્યાં છે. નવા મતદારો લાવવા ક્યાંથી એ રાજકીય પક્ષોને ચિંતા પેઠી છે. હાલ ધારાસભ્યોથી માંડીને કોર્પોરેટરો ઘેર ઘેર ફરીને મતદારોના ફોર્મ ભરવાના બાકી છે કે કેમ તે મુદ્દે પૃચ્છા કરી રહ્યાં છે.

## શેરબજારમાં રોકાણના નામે છેતરપિંડી સાયબર ઠગો 17.90 લાખ ખંખેરી ગયા

**યુવકે લિંક ડાઉનલોડ કર્યા બાદ માત્ર 25 હજાર ઉપાડ્યા અને બાકીની રકમ મળી નહીં**

**અમદાવાદ**

સાયબર ગઠિયાઓ અમદાવાદમાં એક યુવાનને શેર બજારમાં રોકાણ કરાવવાના બહાને 17.90 લાખ રૂપિયા પડાવ્યા હોવાનું જાણવા મળ્યું છે. ગઠિયાઓએ યુવકને એપ્લિકેશન ડાઉનલોડ કરાવી શરૂઆતમાં 1 લાખનું રોકાણ કરાવ્યું અને 25 હજાર ઉપાડવા દીધા હતા.

જોકે યુવકને રોકાણ કે નફાની રકમ પરત આપવામાં આવી ન હતી જેથી યુવકે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી. અમદાવાદ શહેરના વસ્ત્રાલમાં રહેતો પ્રમિત દરજી નામનો યુવક વડોદરાની ખાનગી કંપનીમાં નોકરી કરે છે. પ્રમિતને અજાણ્યા નંબર પરથી વોટ્સએપમાં મેસેજ આવ્યો હતો જેમાં શેર બજારમાં રોકાણ કરવાનો ઉલ્લેખ કર્યો હતો. પ્રમિત લિંક દ્વાર ગ્રુપમાં એડ થયો હતો. ગ્રુપમાં શેર બજાર અને સ્ટોકની લગતી માહિતી આપવામાં આવતી હતી. પ્રમિતને ગ્રુપના મેનેજરે ઓળખ આપીને સલાહ સૂચન આપવાની ચાલુ કરી હતી. જેના કારણે તેની સાથે છેતરપિંડી થઈ હતી.

ગ્રુપના મેનેજરે પ્રમિતને એપ્લિકેશન ડાઉનલોડ કરવાની લિંક મોકલી હતી. પ્રમિતે લિંક ડાઉનલોડ કર્યા બાદ પોતાની વિગતો એડ કરી હતી. પ્રમિતે એપ્લીકેશનમાં 1 લાખનું રોકાણ કર્યું હતું, જેની સામે નફા સહિતની રકમ બતાવતા હતા જેથી પ્રમિતે 25 હજાર ઉપડ્યા હતા. પ્રમિતને વિશ્વાસ આવતા ટૂકડા ટુકડે 17.90 લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું જેની સામે પ્રમિતને નફો કે રોકાણની રકમ પરત મળી ન હતી

## ગુજરાતમાં નવ નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકને કેબિનેટની મંજૂરી

**અમદાવાદ**

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાજ્ય મંત્રીમંડળની બેઠક મળી હતી. બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણય અંગે માહિતી આપતા પ્રવક્તા પ્રધાન જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ૦૯ નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચનાને બુધવારે કેબિનેટ બેઠકમાં સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. તેમણે વિશેષ માહિતી આપતા જણાવ્યું હતું કે નાબાર્ડ દ્વારા દેશના કેટલાક જિલ્લામાં નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચના કરવા માટે સહકારિતા મંત્રાલયને એપ્રોચ નોટ રજૂ કરવામાં આવી હતી. વર્તમાન સહકારી બેંકોના વિભાજનથી નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચના થશે.

પંચમહાલ બેંકના વિભાજનથી દાહોદ જિલ્લામાં, સાબરકાંઠા બેંકના વિભાજનથી અરવલ્લી જિલ્લામાં, સુરત બેંકના વિભાજનથી તાપી જિલ્લામાં, વડોદરા બેંકના વિભાજનથી છોટાઉદેપુર જિલ્લામાં, જામનગર બેંકના વિભાજનથી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં, જૂનાગઢ બેંકના વિભાજનથી પોરબંદર જિલ્લામાં, ખેડા બેંકના વિભાજનથી આણંદ જિલ્લામાં તેમજ વલસાડ બેંકના વિભાજનથી ડાંગ અને નવસારી જિલ્લામાં નવી બેંકોની રચના થશે.

## ગુજરાતમાં વિપક્ષ જનઆક્રોશ પદયાત્રા' યોજીને જનતાનો અવાજ બુલંદ કરશે

**અમદાવાદ**

ગુજરાત કોંગ્રેસ દ્વારા 1 જાન્યુઆરીથી સમગ્ર રાજ્યમાં 'મહાજનસંપર્ક અભિયાન' શરૂ કરાયું હતું. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જાહેરાત કરી હતી કે, કોંગ્રેસ રાજ્યની 1090 જિલ્લા પંચાયત અને 5200 તાલુકા પંચાયત બેઠકો પર જનસંવાદ યોજશે, જ્યારે 17 મહાનગરોમાં 'કોંગ્રેસ આપના દ્વાર' કાર્યક્રમ હેઠળ ઘરે-ઘરે જઈ લોકોના પ્રશ્નો સાંભળશે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે મતદારોને રીઝવવા માટે ગુજરાત કોંગ્રેસે એક્શન પ્લાન તૈયાર કર્યો હતો. આ ઉપરાંત, શહેરી વિસ્તારોમાં ભાજપ શાસિત નગરપાલિકાઓના ભ્રષ્ટાચાર અને ગેરવહીવટ સામે 'જનઆક્રોશ પદયાત્રા' યોજીને વિપક્ષ જનતાનો અવાજ બુલંદ કરશે.

## 2025માં ગુજરાતમાં 1.78 લાખ લોકો અકસ્માતમાં ઘવાયા

**અમદાવાદમાં વધુ ઘટના : 28,677 લોકો ઇજાગ્રસ્ત, ઇજાના કેસમાં વાર્ષિક 5%નો ઉછાળો**

**ગાંધીનગર**

ગુજરાતમાં રોડ એક્સિડેન્ટમાં 2025માં 1,78,975 વ્યક્તિને ઈજા થયેલી છે. ગત વર્ષે રોડ એક્સિડેન્ટથી 1,65,065 ઈજાગ્રસ્તો નોંધાયા હતા. આ સ્થિતિએ ગત વર્ષની સરખામણીએ રોડ એક્સિડેન્ટમાં 10 ટકા જેટલો વધારો નોંધાયો છે. હાલની સ્થિતિએ ગુજરાતમાં પ્રતિ કલાકે 21 અને પ્રતિ દિવસે 500 વ્યક્તિને અકસ્માતમાં ઈજા થાય છે.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાતના જે જિલ્લામાં માર્ગ



અકસ્માતથી ઈજાના સૌથી વધુ કેસ નોંધાયા છે તેમાં અમદાવાદ જિલ્લો મોખરે છે. અમદાવાદ જિલ્લામાં 1 જાન્યુઆરીથી 25 ડિસેમ્બર સુધી 28677 વ્યક્તિને માર્ગ અકસ્માતમાં ઈજા થઈ હતી. જેની સરખામણીએ 2023માં 25191, વર્ષ 2024માં 27886 વ્યક્તિને માર્ગ અકસ્માતમાં ઈજા બાદ '108'ની મદદથી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. અમદાવાદમાં રોડ એક્સિડેન્ટથી ઈજાના કેસમાં દર વર્ષે 5-5 ટકાનો વધારો થઈ રહ્યો છે. આ સ્થિતિએ અમદાવાદમાં પ્રતિ દિવસે 80 વ્યક્તિ માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત થાય છે. રોડ એક્સિડેન્ટથી ઈજાના સૌથી વધુ કેસમાં સુરત 18983 સાથે બીજા, વડોદરા 11755 સાથે ત્રીજા જ્યારે રાજકોટ 9200 સાથે ચોથા સ્થાને છે. વર્ષ 2024નીસરખામણીએ વર્ષ 2025માં કેસમાં વધારો થયો હોય તેમાં મુખ્યત્વે સુરત, પંચમહાલ, નર્મદા, દાહોદ, બોટાદ, અમરેલીનો સમાવેશ થાય છે.

# દાદાનું અવસાન થયું છે કહીને પ્રેમી હોસ્ટેલમાંથી વિદ્યાર્થિનીને ભગાડી ગયો

## પ્રેમીપંખીડું આખી રાત બારડોલીના ગાર્ડનમાં બેસી રહ્યું

**સુરત**

સુરતના પુણા ગામ વિસ્તારમાં રહેતા પરિવારની 15 વર્ષીય દીકરી રવિના (નામ બદલ્યું છે) અબ્રામા સ્થિત પી.પી. સવાણી સ્કૂલની હોસ્ટલમાં રહીને ધોરણ 11માં અભ્યાસ કરે છે. ગત રવિવારે સવારે 8 વાગ્યાના અરસામાં મધુર મુકેશ વાઘેલા નામનો યુવાન હોસ્ટલ પર આવ્યો હતો અને તેણે હોસ્ટલ સ્ટાફને જણાવ્યું હતું કે રવિનાના દાદાનું અવસાન થયું છે. હોસ્ટલ સ્ટાફે કોઈ પણ પ્રકારની ખાતરી કર્યા વગર વિદ્યાર્થિનીને મધુર સાથે જવા દીધી હતી.

ઘટનાની જાણ ત્યારે થઈ જ્યારે રવિવારે સાંજે હોસ્ટલ સ્ટાફે રવિનાના માતા-પિતાને ફોન કર્યો અને પૂછ્યું કે, હોસ્ટલનો સમય પૂરો થયો છે, તો રવિનાને ક્યારે પરત મૂકી જશો?' આ સાંભળી પરિવાર ચોંકી ઉઠ્યો હતો, કારણ કે પરિવારમાં કોઈનું મૃત્યુ થયું નહોતું. તપાસ કરતા જાણવા મળ્યું કે મધુર રવિનાને પોતાની મોપેડ પર



બેસાડીને લઈ ગયો છે.

પરિવારજનો તાત્કાલિક મધુરના ઘરે પહોંચ્યા હતા, પરંતુ તે પણ ગાયબ હતો. આખરે ઉત્રાણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. બીજા દિવસે સવારે 8 વાગ્યે જ્યારે રવિના હોસ્ટલ પર પરત ફરી ત્યારે સમગ્ર હકીકત સામે આવી હતી. મધુર તેને જૂઠું બોલીને લઈ ગયો હતો અને તેઓ આખી રાત બારડોલી સ્થિત એક ગાર્ડનમાં બેઠા રહ્યા હતા.

પોલીસે આ મામલે રવિનાની પૂછપરછ હાથ ધરી છે. તેની સાથે કોઈ અઘટિત ઘટના બની છે કે કેમ તે જાણવા માટે પોલીસ દ્વારા તેનું મેડિકલ ચેકઅપ પણ કરાવવામાં આવ્યું છે.

# સુરતમાં કથાકારની પુત્રીએ આપઘાત કરતાં ચકચાર

**સુરત**

અલથાણ વિસ્તારમાં રહેતા કથાકારની પુત્રી ધો. 12 સાયન્સમાં અભ્યાસ કરતી હતી. તેણે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. વિદ્યાર્થિનીના પિતા ધાર્મિક પ્રસંગે કથા કરવા માટે બહાર ગયા હતા અને ઘરે કોઈ હાજર નહોતું ત્યારે તેણે આ પગલું ભર્યું હતું.

પોલીસ તપાસમાં સામે આવેવી વિગત પ્રમાણે, વિદ્યાર્થિની આગામી ધોરણ-12ની બોર્ડની પરીક્ષા અને મેડિકલમાં પ્રવેશ માટેની NEET (નીટ) ની પરીક્ષાને લઈને છેલ્લા કેટલાક સમયથી ભારે માનસિક તણાવમાં હતી. પોલીસે મૃતક વિદ્યાર્થિનીની બહેનપણીઓના નિવેદન નોંધ્યા છે, જેમાં તેમણે જણાવ્યું હતું કે તે ભણતરમાં તેજસ્વી હોવા છતાં બંને મહત્વની પરીક્ષાઓ એકસાથે આવતી હોવાથી ગભરાયેલી રહેતી હતી.

વિદ્યાર્થિની તેની બહેનપણીઓને કહેતી હતી કે "બંને પરીક્ષાઓ ખૂબ નજીક છે, હું કેવી રીતે મેનેજ કરીશ? જો માર્કસ ઓછા આવશે તો શું થશે?"

# ઉમરગામના જબુંરીમાં યુવાનની હત્યા કરનાર પડોશીને 10 વર્ષની કેદની સજા

## જમવા બાબતે તકરાર કરનારને ટકોર બાદ ફટકા મરાયા

**ઉમરગામ**

ઉમરગામ તાલુકા જબુંરી ગામે વર્ષ 2022માં ઝઘડાની અદાવતમાં યુવાની હત્યા કરનાર આરોપીને વાપી કોર્ટે 10 વર્ષની કેદની સજા અને રૂ.2 સવારનો દંડ ફટકારતો ચુકાદો આપ્યો છે.

કેસની વિગત એવી છે કે ઉમરગામ તાલુકાના ભિલાડ નજીકના જબુંરી ગામે રહેતો વિપુલ નારણભાઈ હળપતિ ગત તા.05-02-25ના રોજ અંજુબેન કાંતિભાઈ વારલીના ઘરે ગયો હતો. તે વેળા કલ્પેશ કે વારલી સાથે ઝઘડો થયો હતો. બાદમાં કલ્પેશ અને તેની બહેન કવિતા ચુલા નજીક જમતા હતા. ત્યારે વિપુલ ઘરમાં ઘુસી ગયા બાદ જમવા બેઠેલા કલ્પેશ પર લાકડા વડે જીવલેણ હુમલો કરી બચાવવા પડેલી બહેન પર હુમલો કર્યો હતો. જેમા કલ્પેશનું મોત થયું હતું. પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.

પોલીસે આરોપી સામે ચાર્જશીટ દાખલ કરાયા બાદ વાપી એડિશનલ સેશન્સ કોર્ટમાં સુનાવણી શરૂ થઈ હતી.



જે લેતા પબ્લિક પ્રોસિક્યુટર અનિલ ત્રિપાઠીએ પરિવારજનો, પાડોશીની જુબાની, પી.એમ. રિપોર્ટ સહિતના પુરાવા સાથે અનેક મુદ્દા પર દલીલો કરી હતી. જજ એચ.એન.વકીલે આરોપી વિપુલ હળપતિ (ઉ.વ.35) ને તકસીરવાર ઠેરવી 10 વર્ષની કેદ અને રૂ.2 હજારનો દંડ ફટકારતો ચુકાદો આપ્યો છે. સાથે મૃતકના આશ્રિતોને વળતર આપવા જિલ્લા કાનૂની સત્તામંડળને કેસ રિફર કરવા હુકમ કર્યો છે.










સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# કંડલા સેઝના ઓફિસરને 5 વર્ષની કેદ, 93 લાખનો જંગી દંડ

## CBI કોર્ટની લાલ આંખ: આરોપી અધિકારીની પત્નીને પણ એક વર્ષનો સખ્ત કારાવાસ અને રૂ.50 હજારનો દંડ ફટકારવામાં આવ્યો

**ભુજ**

પોતાની વાસ્તવિક આવક કરતાં વધારે અપ્રમાણસર સંપત્તિ એકત્ર કરવાના ગંભીર કેસમાં અમદાવાદ સ્થિત સ્પેશિયલ સીબીઆઈ કોર્ટે કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોનના તત્કાલીન પ્રિવેન્ટિવ ઓફિસર તથા ભાવનગર સેન્ટ્રલ એક્સાઇઝ અને કસ્ટમ્સ વિભાગના પૂર્વ ઈન્સ્પેક્ટર કૌશિક અનંતરાય કારેલીયાને, સીબીઆઈ સ્પેશિયલ જજ ડી.જી. રાણા દ્વારા પાંચ વર્ષની સખ્ત કેદ અને રૂ. ૯૩ લાખના દંડની સજા ફટકારી છે અને તેની ધર્મપત્ની પૂજા કારેલીયાને પણ એક વર્ષની કેદ અને રૂ. ૫૦,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે.




કોર્ટે ભ્રષ્ટાચારના આ કેસના અવલોકનમાં જણાવ્યું હતું કે, જાહેર સેવકને રાજ્ય દ્વારા સોંપવામાં આવેલી સત્તા સાથે સત્યનિષ્ઠા, આત્મસંયમ અને પ્રમાણિકતા જેવી મૂલ્યો જોડાયેલા હોય છે. જો જાહેર સેવક આ મૂલ્યોથી ભટકે છે તો તે માત્ર વ્યક્તિગત ચરિત્ર નહીં પરંતુ જાહેર વિશ્વાસ અને શાસન વ્યવસ્થાના પાયાને ગંભીર નુકસાન પહોંચાડે છે. ગીતાના ૧૯મા અધ્યાયનો સંદર્ભ આપતાં અવલોકનમાં વધુમાં જણાવ્યું હતું કે, જાહેર સેવકનું વર્તન સમાજ માટે નૈતિક દિશાસૂચક બનવું જોઈએ. અપ્રમાણસર સંપત્તિ એકત્ર કરવી માત્ર ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો જ નથી, પરંતુ તે બંધારણીય મૂલ્યો અને આર્થિક ન્યાય સામે ગંભીર ખતરા સમાન છે.

ચુકાદામાં કોર્ટે સ્પષ્ટ જણાવ્યું હતું કે, જાહેર સેવા પસંદ કરનાર વ્યક્તિએ કાયદેસર મળતા મહેનતાણાં સિવાય પોતાની માનસિકતા વ્યક્તિગત સંપત્તિ સંગ્રહ નહીં પરંતુ સમાજની સેવા તરફ કેન્દ્રિત રાખવી જોઈએ. લોભ અને લાલચથી પ્રેરિત જાહેર સેવક રાજ્ય કે જનતાની અસરકારક રીતે સેવા કરી શકતો નથી.

કેસના ટ્રાયલ દરમિયાન સીબીઆઈના સ્પેશિયલ કાઉન્સેલ ગીરીશ નારાયણ પાંડેએ અદાલતનું ધ્યાન દોરતાં જણાવ્યું હતું કે, આરોપી કૌશિક કારેલીયા કંડલા સેઝના કસ્ટમ્સ અપેઝર-પ્રિવેન્ટિવ ઓફિસર તરીકે તેમજ ભાવનગર સેન્ટ્રલ એક્સાઇઝ અને સર્વિસ ટેક્સ વિભાગમાં ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા હતા. તેમણે પોતાના પદ અને સત્તાનો દુરુપયોગ કરી ૧૮૩ ટકા જેટલી અપ્રમાણસર સંપત્તિ એકત્ર કરી હોવાનું તપાસમાં સામે આવ્યું હતું.

# બગદાણામાં કોળી સમાજ ભડક્યો માયાભાઈની માફીથી કામ ન થયું

**બગદાણા**

મહુવાના બગદાણા પંથકમાં ત્રણ દિવસ પહેલા થયેલ માથાકૂટ મુખ્ય આરોપીઓને પકડવા માટે વધુ વિવાદ વધ્યો છે. ભાવનગરના બગદાણામાં હુમલા મામલે કોળી સમાજ મેદાને આવ્યો છે. કોળી સમાજના આગેવાન અને પ્રદેશ પ્રમુખ હીરા સોલંકીએ કર્યા પોલીસ પર આક્ષેપ કરતા કહ્યું કે, સમાજ પર અત્યાચાર ન સાખી લેવાય. સમાજના આગેવાનો હંમેશા પીડિતની સાથે છે.' માયાભાઈ આહીર દ્વારા મુંબઈ ખાતે 24 ડિસેમ્બર 2025 ના રોજ યોજાયેલ ડાયરામાં બગદાણા ધામના મેનેજિંગ ટ્રસ્ટીના શબ્દોને લઈ વિવાદ સર્જાયો હતો. જેમાં નવીન બાલધીયાને બગદાણા ધામના મેનેજિંગ ટ્રસ્ટી કહી જાહેર કાર્યક્રમમાં બોલાવવામાં આવ્યા હતા. જેને લઈ નવીન બાલધીયાએ માયાભાઈ આહીરને ટેલિફોન કરી જણાવ્યું હતું કે, 'તેઓ બગદાણા ધામ ખાતે કોઈ મેનેજિંગ ટ્રસ્ટી નથી, માત્ર ટ્રસ્ટી છે અને હું ત્યાં એક સેવક છું.' જેને લઈને વિવાદ સર્જાયો હતો. લોકગાયક માયાભાઈ આહીરનો વીડિયો વાયરલ થયા બાદ વિવાદ સર્જાયો હતો. આ વાયરલ વીડિયોને લઈને ટ્રસ્ટી શબ્દ અંગે માયાભાઈ સાથે ટેલિફોનિક વાત કરનાર બગદાણાના સેવક પર અજાણ્યા શખસો દ્વારા હુમલો કરાયો હતો.

# મહુવામાં હત્યાના ગુનામાં 4ને આજીવન કારાવાસ

## 5 વર્ષ પૂર્વે ફટાકડાની લારી રાખી વેપાર ધંધો કરતા શખ્સને છરીના ઘા ઝીકાયા હતા

**ભાવનગર**

ભાવનગર જિલ્લાના મહુવા ખાતે પાંચ વર્ષ પહેલા દિવાળીના સમયમાં મહુવાના ગાંધીબાગ પાસે ફટાકડાની લારી રાખી ધંધો કરતા ગોપાલ નામના યુવકની મહુવાના છ જેટલા શખ્સોએ આડેધડ છરીના ઘા ઝીંકી હત્યા કરી હતી. જેનો કેસ મહુવાની અદાલતમાં ચાલી જતા મુખ્ય 4 આરોપીને અદાલતે આજીવન કેદની સજા ફટકારી હતી.

મળતી વિગતો મુજબ તા. ૧૪-નવેમ્બર-૨૦૨૦ના રોજ રાત્રીના સવા દસેક આસપાસ દિપકભાઈ ઉર્ફે કાળુભાઈ બાબુભાઈ બારૈયાએ તેના કુટુંબી મામા અને મૃતક ગોપાલભાઈ દેવજીભાઈ કોડીયાની સાથે મળી મહુવા સરકારી દવાખાનાથી ગાંધીબાગ જવાના રસ્તે આવેલ કપડાની દુકાન અને ઓમકાર કપડાની દુકાનની વચ્ચે દિવાળીના તહેવારમાં ફટાકડાની લારી રાખી વેપાર ધંધો કરતા હતા ત્યારે રાકેશભાઈ સાંખટ દોડીને ગોપાલભાઈની લારી પાસે આવેલ જેથી ગોપાલભાઈએ રાકેશભાઈ સાંખટને પુછેલ કે 'શું થયુ?' તો તેણે કહેલ કે 'હરેશ અને કૌશિક તથા નયન તથા યાજ્ઞિક તથા વિપુલ ઉર્ફે કાળુ મને મારે છે.' તેમ વાત કરતા હતા ત્યાં આરોપીઓ આવી ગયા હતા અને ગાળા ગાળી કરવા લાગેલ જેથી ગોપાલભાઈએ આરોપીઓને કહેલ કે 'ગાળ બોલોમાં વેપાર ધંધો કરવા દો' તો આરોપીઓ ગોપાલભાઈને ગાળો આપી ધક્કા મારવા લાગેલ અને આરોપી કાઠલો પકડી લીધેલ ત્યારે ફરીયાદી તથા લાલજીભાઈ દેવજીભાઈ ડોડીયાએ છોડાવેલ અને સમજાવી જતા રહેવા કહેલ ત્યારે આરોપીઓ ત્યાંથી જતા રહેલ. થોડીવાર પછી તમામ આરોપી છરી પાઈપ સાથે આવી ફરીયાદી તથા મૃતક ગોપાલભાઈને ગાળો આપી ઝપાઝપી ગોપાલભાઈ પર છરી અને પાઈપ વડે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવ્યું હતું.

# પાલીતાણાનો ફિલ્મ નિર્માતા IPSના સ્વાંગમાં કમાન્ડો સાથે દ્વારકાની કથામાં પહોંચી ગયો

## રૂપિયા 1.48 કરોડની ઠગાઈ કેસમાં પકડાયેલા આરોપીની પૂછપરછમાં ખુલાસો થયો

**રાજકોટ**

રાજકોટ નવાગામમાં રહેતા પશુપાલક જીતુભાઈ ગમારાના પુત્ર રાહુલને પોલીસ અધિકારી બનાવવાની લાલચ આપીને ૧.૪૮ કરોડ ઓળવી જનાર પાલીતાણાના ફિલ્મ પ્રોડ્યુસર વિવેક ઉર્ફે વિક્કી પ્રવીણ દવેને ક્રાઈમ બ્રાંચે ઝડપી લઈ પાંચ દિવસના રિમાન્ડ પર મેળવી તપાસ જારી રાખી છે. તેની પૂછપરછ દરમિયાન તે આઈપીએસના શ્વાંગમાં દ્વારકા પહોંચી દેખાડો કર્યો હોવાનું બહાર આવ્યું છે.

રાજકોટ જિલ્લા પોલીસ ક્રાઈમ બ્રાંચના સૂત્રોએ જણાવ્યું કે આરોપી વિવેક ઉર્ફે વિક્કી આઈપીએસ ઓફિસર બનીને ફરતો હતો. ૨૦૨૨ની સાલમાં દ્વારકા ખાતે ભરવાડ સમાજ દ્વારા ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તે આઈપીએસ ઓફિસર બની અતિથિ વિશેષ તરીકે પહોંચ્યો હતો. તે વખતે તેની સાથે કમાન્ડો પણ હતા. તેણે ભાષણ પણ આપ્યું હતું.

આ રીતે આઈપીએસ ઓફિસરનો સ્વાંગ રચી તેણે બીજે ક્યા-ક્યા છેતરપિંડી કરી છે તે અંગે પણ ક્રાઈમ બ્રાંચ તપાસ કરી રહી છે. અન્ય જગ્યાએ પણ ઠગાઈ કર્યાની ક્રાઈમ બ્રાંચને હાલ માહિતી મળી છે.

જો કે હજુ સુધી તેની પાસેથી ક્રાઈમ બ્રાંચ ઠગાઈની રકમ કબજે કરી શકી નથી. આ કેસમાં બીજો આરોપી હરી ગમારા હજુ હાથમાં આવ્યો નથી. ક્રાઈમ બ્રાંચ તેની શોધખોળ કરી રહી છે. તે ઝડપાયા પછી બીજા નવા ખુલાસા થવાની શક્યતા છે.

# સૌરાષ્ટ્ર-ભાજપના ઈન્ચાર્જ તરીકે અનિરૂદ્ધ દવે : 4 મહામંત્રીઓને જવાબદારી સોંપાઈ

**રાજકોટ**

ગુજરાત ભાજપમાં પ્રદેશ સંગઠનની નવરચના થયા બાદ નિયુક્ત થયેલા ચાર મહામંત્રીઓને હવે ચાર ઝોન મુજબ જવાબદારી સોંપાઈ છે. જેમાં સૌરાષ્ટ્ર ઝોનના ઈન્ચાર્જ તરીકે કચ્છ-માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધ દવેને સોંપાયો છે. આમ સૌરાષ્ટ્ર-કચ્છ ઝોનનો ચાર્જ 'કચ્છ' માંજ રહ્યો છે. અગાઉ પક્ષના મહામંત્રી-સાંસદશ્રી વિનોદ ચાવડા પાસે આ ચાર્જ હતો.

તો યુવા મોરચાના પુર્વ પ્રમુખ તથા સૌરાષ્ટ્રમાં ભાજપના યુવા નેતા તરીકે ઉભરી રહેલા શ્રી પ્રશાંત કોરાટને દક્ષિણ ગુજરાતની જવાબદારી સોંપાઈ છે. આ ઉપરાંત તેઓને પ્રદેશ કાર્યાલયની પણ જવાબદારી સોંપાઈ છે તેથી હવે 'કમલમ' તેમનું નવું નિવાસ બની ગયું છે. જયારે અજય બ્રહ્મભટ્ટને ઉતરઝોન અને સુરેન્દ્રનગર ભાજપના યુવા નેતા હિતેન્દ્રસિંહ ચૌહાણને મધ્યઝોનની જવાબદારી સોંપાઈ છે. ભાજપના નવા સંગઠનની રચનામાં હવે પ્રદેશ કક્ષાએ લગભગ તમામ નિયુક્તિઓ થઈ ગઈ છે અને તેની આગામી દિવસોમાં મહામંત્રીઓ તેમના ઝોનમાં સ્થાનિક સંગઠન નિયુક્તી અને તે સાથે આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીની કામગીરી આગળ વધારશે.

# આરોપી પર પોલીસે કર્યું ફાયરિંગ, રિકન્સ્ટ્રક્શન વખતે છરીથી કર્યો હતો હુમલો

**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકાના શિયાણી ગામે મારામારીના ગુનામાં સંડોવાયેલા આરોપી પર PSIએ ફાયરિંગ કર્યું છે. ગુનાની વિગતોની તપાસ માટે આરોપી દેવરાજ બોરાણાને રીકન્સ્ટ્રક્શન માટે લઈ જવામાં આવ્યો હતો.જ્યાં તેને પોલીસની નજર ચૂકવી છરી વડે હુમલો કર્યો હતો.જે બાદ સ્વબચાવમાં PSIએ આરોપીને પગમાં ગોળી ધરબી હતી. આરોપી દેવરાજ બોરાણાને ગુના સ્થળે લઈ જતાં તેને અચાનક જ છરી વડે પોલીસ કર્મચારી પર હુમલો કરી દીધો હતો, જેમાં એક પોલીસકર્મી ઘાયલ થયો છે. જવાબી કાર્યવાહીમાં હાજર PSIએ ગોળી મારી હતી. જે બાદ તે ઢળી પડ્યો હતો. જેને હાલ સારવાર અર્થે લીંબડીની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

# જામનગરમાં કોર્પોરેટર ઉપર હુમલા અંગે કોંગ્રેસી નગરસેવક સહિત 6 સામે ફરિયાદ

**જામનગર**

જામનગરના વોર્ડનંબર ૧૨નાં વર્તમાન કોર્પોરેટર અસલમ ખીલજી ઉપર ભીડભંજન રોડ પર હુમલો કરાયો હતો. તેઓ પોતાનું બાઈક લઈને મહાનગર પાલિકાની કચેરીમાંથી બહાર નીકળ્યા દરમિયાન એક કારમાં પાંચ શખ્સો ધારદાર હથિયાર સાથે ઉતરી પડયા હતા અને જીવલેણ હુમલો કરતાં ગંભીર રીતે ઘાયલ કોર્પોરેટરને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ તે સારવાર હેઠળ છે.

આ બનાવ અંગે મોડી રાત્રે ઈજાગ્રસ્ત અસલમ ખીલજીના ભત્રીજા શાહનવાજ મોહમ્મદ હનીફ ખીલજીએ સિટી એ.ડિવિઝન પોલીસ મથકમાં વોર્ડ નંબર-૧૨ના કોર્પોરેટર અલતાફભાઈ ખફીના કહેવાથી રાજકીય રાગદ્વેષના કારણે આ હુમલો કરાયો હોવાની ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર અસલમભાઈ ખીલજી રાજકીય આગેવાન હોય અને તેઓની કોંગી કોર્પોરેટર અલ્તાફભાઈ ખફી સાથે રાજકીય વાંધા ચાલતા હોય જે બાબતનો ખાર રાખી તેઓને મારી નાખવાના ઈરાદાથી કોર્પોરેટર અલ્તાફભાઈ ખફીએ પોતાના માણસોને મોકલી માર મારતા અસલમભાઈને ઈજા થઈ છે.

# ભાવનગરમાં એસટીના કંડકટરે કપાળમાં પિસ્ટલ વડે ફાયરિંગ કરી આત્મહત્યા કરી

**બોટાદ**

બોટાદના નારાયણગરમાં બે પાંચપડા સુંદરમ સ્કુલની બાજુમા રહેતા અને એસટીમાં કંડકટર તરીકે ફરજ બજાવતા બાવકુભાઈ રામભાઈ ખવડએ ગત ૧૭ જુલાઈ ૨૦૨૫ ના રોજ પોતાના ઘરે ખાનગી પિસ્ટલ વડે કપાળના ભાગે ફાયરિંગ કરી આત્મહત્યાની કોશિશ કરી હતી.બાવકુભાઈ ગંભીર ઈજા થતા ખાનગી દવાખાનામાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.જ્યાં તેમની તબિયત વધુ નાજુક બનતા ઈજાગ્રસ્તને તુરતજ અમદાવાદ સિવિલ હેસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તા.૧૮ જુલાઈ ૨૦૨૫ ના રોજ મોત નિપજયું હતું. પોલીસે પિસ્ટલ તેમજ કારતૂસ એફએસએલની તપાસ માટે ગાંધીનગર ખાતે મોકલી આપ્યા છે.



## ‘ધુરંધર’ : શુક્રવારથી સુધારા સાથેનું વર્ઝન જોવા મળશે

આદિત્ય ધરના નિર્દેશનમાં બનેલી સ્પાય-થ્રિલર ફિલ્મ ‘ધુરંધર’ વિવાદ અને સફળતા બંને વચ્ચે ઘેરાયેલી છે. આ ફિલ્મે અત્યાર સુધીમાં વિશ્વભરમાં 1100 કરોડથી વધુની કમાણી કરીને ઈતિહાસ રચી દીધો છે. જો કે, માહિતી અને પ્રસારણ મંત્રાલયની સૂચના અનુસાર 1 જાન્યુઆરીથી થિયેટરોમાં આ ફિલ્મનું નવું વર્ઝન જોવા મળશે. રણવીર સિંહની બ્લોકબસ્ટર ફિલ્મ ‘ધુરંધર’માં મહત્ત્વના ફેરફારો કરાયા છે. રિપોર્ટ્સ અનુસાર, ફિલ્મના કેટલાક વિવાદાસ્પદ ડાયલોગ્સ પર કાતર ફેરવવામાં આવી છે. ખાસ કરીને ‘બલૂચ’ (Baloch) શબ્દને મ્યુટ કરી દેવામાં આવ્યો છે.

## સુનિલ ગ્રોવરને આમિર ખાનના ગેટઅપમાં જોઈને લોકો ચોંકી ગયા



મુંબઈ : કોમેડિયન અને એક્ટર સુનિલ ગ્રોવર પોતાની કોમેડી ઉપરાંત અદભૂત મિમિક્રીથી પણ લોકોને આૃર્યચકિત કરતો રહેતો હોય છે. ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શોમાં સુનિલ ઘણીવાર અલગ અલગ બોલિવૂડ કલાકારોની મિમિક્રી કરતો જોવા મળે છે. હવે સુનિલે બોલિવૂડના મિસ્ટર પરફેક્શનિસ્ટ કલાકાર ગણાતા આમિર ખાનની મિમિક્રી કરી છે. તેની એક ઝલક જોઈને જ ચાહકો હેરાન રહી ગયાં છે કેમ કે આમાં સુનિલ ગ્રોવર હુબહુ આમિર ખાન જ લાગી રહ્યો છે અને તેની માફક જ બોલી રહ્યો છે. શોના નવા એપિસોડમાં કાર્તિક આર્યન અને અનન્યા પાંડે મહેમાન તરીકે પહોંચ્યાં હતાં. હાલમાં જ આ શોનો પ્રોમો સામે આવ્યો છે. તેમાં સુનિલ આમિર ખાન બનીને શોમાં પહોંચ્યો હતો. આમિરના ગેટઅપમાં અસ્સલ તેના જેવા જ લાગતા અને તેની જેમ જ બોલતા સુનિલની વાતચીત સાંભળીને ચાહકો આશ્ચર્યચક્તિ છે.

## રોહિત શેટ્ટીની ગોલમાલ-પાંચમાં પ્રથમ વખત મહિલા વિલનની એન્ટ્રી



મુંબઈ : રોહિત શેટ્ટીની ગોલમાલ પાંચની તૈયારી થઈ રહી છે. ફિલ્મનું શૂટિંગ માર્ચ મહિનામાં શરૂ કરવામાં આવશે. આ ફિલ્મને લઈને અપડેટ છે કે, આ વખતે આ ફિલ્મમાં કોમેડીની સાથે એક નેગેટિવ રોલનો પણ સમાવેશ કરવામા આવ્યો. આ વખતે આ ફિલ્મમાં એક મહિલા વિલનની ભૂમિકામાં જોવા મળશે.જોકે આની સત્તાવાર ઘોષણા કરવામાં આવી નથી. રોહિત શેટ્ટીએ ફિલ્મની કાસ્ટને લઈને કન્ફર્મ કર્યું હતું કે, તે કરીના કપૂર ખાન અને સારા અલી ખાન સાથે પણ વાતચીત કરી રહ્યો છે.બન્ને અભિનેત્રીઓએ ગોલમાલ પની સ્ટારકાસ્ટ સાથે જોડાવામાં રસ પણ દાખવ્યો છે. કુણાલ ખેમૂ ફિલ્મના ક્રિએટિવ કન્સલટ્ન્ટ તરીકે જોવા મળશે. ગોલમાલ પમાં અજય દેવગણ સાથે અરશદ વારસી અને કુણાલ ખેમૂ કામ કરાનો હોવાનો અંતિમ નિર્ણય લેવાઈ હયો છે. તુષાર કપુર ગોલમાલ ૪ સુધીઆ ફિલ્મનો હિસ્સો રહ્યો હોવાથી તેણ જોવા મળશે.

## ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં જોરદાર પાવર ગેમ, રાજકારણ ચાલે છે : ચિત્રાંગદા સિંહ



મુંબઈ : ચિત્રાંગદા સિંહ હાલના દિવસોમાં પોતાની આગામી ફિલ્મ તથા તાજેતરમાં રિલીઝ થયેલી બન્ને ફિલ્મોને લઈને ખૂબ ચર્ચામાં છે. એક તરફ જ્યાં તેની તાજેતરમાં રિલિઝ થયેલી ‘રાત અકેલી હૈ : ધ બંસલ મર્ડર’ ફિલ્મને ખૂબ જ પ્રશંસા મળી રહી છે ત્યારે બીજી તરફ ચિત્રાંગદા સલમાન ખાન સાથેની પોતાની આગામી ફિલ્મ ‘બેટલ ઓફ ગલવાં’ને લઈને પણ સમાચારોમાં ઝળકી રહી છે. તાજેતરમાં જ આ ફિલ્મનું ટિઝર સામે આવ્યું છે. આ દરમિયાન ચિત્રાંગદાએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીને લઈને પોતાના અનુભવો શેર કર્યા છે. આ સાથે તેણે જણાવ્યું હતું કે ઈન્ડસ્ટ્રીમાં પ્રભાવશાળી લોકો તમારી સામે કેટલા બધા પડકારો ઊભા કરી શકે છે.

એક મુલાકાતમાં આ હિરોઈને જણાવ્યું હતું કે ઈન્ડસ્ટ્રીમાં રાજકારણ અને પાવર ગેમ ચાલે છે. ઈન્ડસ્ટ્રીના પ્રભાવશાળી લોકો હંમેશા અવરોધો ઊભા કરે છે, ખાસ કરીને જ્યારે દાવ ઊંચો હોય. તેનું માનવું છે કે આ ઈન્ડસ્ટ્રીમાં ઘણું બધું હાંસલ કરવાનું અને ખોવાનું છે. જ્યારે પણ તમે એવા સ્થાન પર હોવ કે જ્યાં પ્રસિદ્ધિ અને ઘણું બધું હાંસલ કરવાની સંભાવના હોય છે ત્યારે તમારા માર્ગમાં ઘણા બધા લોકો ઊભા થઈ જાય છે. જેમ જેમ જોખમ વધવા લાગે છે તેમ તેમ લોકો વચ્ચે આવવા લાગે છે. તમારે તેમની સામે લડવું પડે અથવા તો કિસ્મતને તમારી સાથે લઈને આગળ વધવું જોઈએ.

## ડિવોર્સ બાદ મલાઇકા અરોરાએ પરિવાર અને દોસ્તોના વિરોધનો સામનો કરવો પડયો

મુંબઈ : મલાઈકા અરોરાએ સલમાનના ભાઈ અરબાઝ સાથે લગ્ન કર્યા હતાં અને બન્નેને એક પુત્ર પણ છે. જો કે વર્ષ ૨૦૧૬માં બન્નેએ અલગ થવાની જાહેરાત કરી હતી અને ૨૦૧૭માં બન્નેએ ડિવોર્સ લઈ લીધા હતાં. જો કે હવે વર્ષો બાદ મલાઈકા કહે છે કે જ્યારે તેણે ડિવોર્સ લીધા ત્યારે તેને લોકોએ ખાસ કરીને પરિવારના લોકોએ અને મિત્રોએ તેને ખુબ જ જજ કરી હતી. આ ઉપરાંત મલાઈકાને અન્ય એક બાબતનો પણ અફસોસ છે. તેણે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે મારે ખુબ જ જજમેન્ટ અને ટીકાઓનો સામનો કરવો પડયો હતો.



ફક્ત જાહેર જનતાએ જ નહીં પણ મારા પરિવાર અને મિત્ર વર્તુળ દ્વારા પણ મને જજ કરવામાં આવી હતી. મને મારી પસંદગી પર સવાલ કરવામાં આવ્યા. પરંતુ મારી સારી બાબત એ છે કે હું મારી પસંદગી સાથે જોડાયેલી છું. મને કોઈ અફસોસ નથી. મને ખબર ન હતી કે મારા સ્ટોરમાં શું છે. હું જાણતી હતી કે આ સમયે મારે મારી લાઈફમાં આ મૂવ લેવાનું જ હતું. મારા માટે ખુશ રહેવું જરૂરી હતું, પરંતુ તેને કોઈ સમજી શક્યું નહીં. લોકો કહેતાં હતાં કે તમે તમારી ખુશીને પબહેલાં કેવી રીતે રાખી શકો? પરંતુ હું ખુશ હતી. વધુંમાં વધું શું થયું? હું કેટલોક સમય કામ કરી શકી નહીં અને લોકો મારા માટે વાત કરતાં રહ્યાં.

# ચીની મીડિયાને સલમાનની બેટલ ઓફ ગલવાનથી પેટમાં દુખ્યું

## ચીની મીડિયાએ ફિલ્મ પર સત્ય સાથે ચેડાં કરવાનો આરોપ મુક્યો : ડ્રામા ફિલ્મ ગણાવી

**મુંબઈ ।** સલમાન ખાનની અપકમિંગ ફિલ્મ બેટલ ઓફ ગલવાન આજકાલ સમાચારોમાં ઝળકી રહી છે. સત્ય ઘટના પર આધારિત આ ફિલ્મનું ટિઝર તાજેતરમાં રિલિઝ કરવામાં આવ્યું છે. જો કે આ ટિઝર જોઈને ચીની મીડિયાના પેટમાં દુઃખવા લાગ્યું છે. ચીની મીડિયા દ્વારા ફિલ્મ પર સત્યની સાથે ચેડા કરવાનો આરોપ મુકવામાં આવી રહ્યો છે. એક ચીની અખબાર ગ્લોબલ ટાઈમ્સે આ પિલ્મ અંગે એક આર્ટિકલ લખ્યો છે જેનું હેડિંગ એવું છે કે તથ્યોની સાથે છેડછાડ કરવાને લઈને બોલીવૂડની ફિલ્મ બેટલ ઓફ ગલવાને પર વિવાદ જાગ્યો છે. તજજ્ઞોએ જણાવ્યું હતું કે કોઈ ઓવર ધ ટોપ ડ્રામા દેશની પવિત્ર સીમાઓને પ્રભાવિત કરી શકે નહીં. રિપોર્ટમાં ભારતીય



સેનાના અધિકારી કર્નલ બિક્કુમલ્લા સંતોષ બાબુની શુરવીરતાપુર્ણ શહીદીને ફગાવી દેવામાં આવી છે અને તેને કહેવાતો લીડ રોલ ગણાવ્યો હતો. આ રિપોર્ટમાં એવું પણ જણાવવામાં આવ્યું હતું કે આ ફિલ્મના ટીઝરમાં ચીની લોકોની તરફતી પોઝિટીવ રિસ્પોન્સ મળ્યો નથી. અનેક લોકોએ બેટલ ઓફ ગલવાનને ચીનમાં ઓટીટી ડ્રામા ગણાવ્યું છે. ચીની મીડિયાએ ગલવાન વેલીના વિવાદ પર બનાવવામાં આવેલી આ ફિલ્મને આ વિવાદને જાણીજોઈને ભડકાવવાના પ્રયાસનો આરોપ મુક્યો છે. આ રિપોર્ટમાં એવો પણ આરોપ મુકવામાં આવ્યો છે કે ભારતીય સેનાએ શાંત પરિસ્થિતિ સાથે છેડછાડ કરી હતી અને ચીની લોકોની જીંદગીને લઈને ધમકી આપી હતી.








હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news


## દુર્ગમ વિસ્તારમાં ટાવર વગર શક્ય બનશે ઈન્ટરનેટ અને ટેલિવિઝનની સુવિધા

# બ્લૂબર્ડનું લોન્ચિંગ : સ્પેશ સેક્ટરમાં ઈસરોનો ફરી ડંકો

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

ઈસરોએ ફરી એક વખત સ્પેસ સેક્ટરમાં પોતાની ક્ષમતા પુરવાર કરી છે. તેણે ભારતના સૌથી ભારે અને શક્તિશાળી એલવીએમ૩-એમ૬ રોકેટ દ્વારા ઈતિહાસ રચ્યો છે. ઈસરોએ પોતાના આ અદ્વિતિય કોમર્શિયલ સેટેલાઈટ લોન્ચિંગ મિશન દ્વારા અમેરિકાની નવા પેઢીના સેટેલાઈટને પૃથ્વીની નિચલી ભ્રમણકક્ષામાં સ્થાપિત કરી દીધો છે. સ્પેસમાં જનારા સૌથી મોટા કોમર્શિયલ કોમ્યુનિકેશન એરેનું લોન્ચિંગ બુધવારે શ્રીહરિકોટા ખાતેથી સતિશ ધવન સ્પેસ સેન્ટર ખાતેથી કરવામાં આવ્યું હતું. ઈસરો આ અગ્નિપરીક્ષામાં અવ્વલ દરજ્જા સાથે ક્ષમતાવાન સાબિત થયું છે. સવારે ૮-૫૪ કલાકે એલવીએમ૩-એમ૬ રોકેટ દ્વારા આ સેટેલાઈટ અવકાશમાં તરતો મુકાયો હતો. આ રોકેટની ઉંચાઈ ૧૪૩ ફૂટ છે. ત્રણ સ્ટેજવાળું આ રોકેટ પોતાની ૯મી ઉડાણ ભરી આવ્યું છે.

આ સમગ્ર મિશનની સૌથી મોટી ખાસિયત જ રોકેટ અને સેટેલાઈટનું વજન અને વિઝન છે. ભારતના સૌથી મોટા રોકેટ દ્વારા ભારતીય ધરતી ઉપરથી અત્યાર સુધીનો સૌથી ભારે વજન ધરાવતો સેટેલાઈટ લોન્ચ કરાયો છે. ૬૪૨ ટનના રોકેટ દ્વારા ૬.૫ ટન વજનનો સેટેલાઈટ પૃથ્વીની લોઅર ઓર્બિટમાં સ્થાપિત કરવામાં આવ્યો છે. બ્લૂબર્ડ સેટેલાઈટ અવકાશમાં પહોંચી ગયો તે ઈસરો અને એએસટી સ્પેસમોબાઈલ બંને માટે એક મોટો માઈલસ્ટોન થઈ ગયો છે.

આ સેટેલાઈટ દ્વારા કનેક્ટિવિટી અને કોમ્યુનિકેશન તથા ઈન્ટરનેટની સમસ્યામાંથી મોટાપાયે મુક્તિ મળશે. આ સેટેલાઈટને ૫૬૦૦થી વધારે વ્યક્તિગત સિગ્નલ સેલ બનાવવા માટે ડિઝાઈન કરાયો છે. તે ૧૨૦ એમબી પ્રતિ સેકન્ડની ઝડપ સુધી ડેટા આપવાની ક્ષમતા ધરાવે છે. તેના નેટવર્ક અને સ્પીડ એવા છે કે જેનાથી સ્પીડ, વોઈસ કોલિંગ, મેસેજિંગ, સુપર ફાસ્ટ ડેટા ટ્રાન્સફર, બફર ફ્રી વીડિયો સ્ટ્રીમિંગ જેવી ઘણી સુવિધાને સરળતાથી મેળવી શકાશે. તેના કારણે મોબાઈલ કોમ્યુનિકેશન સેક્ટરમાં ક્રાંતિ આવી જશે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, આ રોકેટનો સક્સેસ રેટ અત્યાર સુધી ૧૦૦ ટકા રહ્યો છે. તેણે ૨૦૧૪માં અવકાશમાં જવાની શરૂઆત કર્યા બાદ અત્યાર સુધી ક્યારેય નિરાશ કર્યા નથી. બ્લૂબર્ડ-૨ સેટેલાઈટ પૃથ્વી ઉપર નીચલી ભ્રમણકક્ષામાં રહીને ચક્કર લગાવતો રહેશે. તેના કારણે પૃથ્વીના અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારોમાં મોબાઈલ ઈન્ટરનેટ અને અન્ય સાધનો માટે ઈન્ટરનેટ કનેક્ટિવિટી પહોંચાડવી સરળ થઈ જશે.



ખાસ કરીને હિમાલયના કેટલાક વિસ્તારો, મહાસાગરો, વિવિધ દરિયાના વિસ્તારો, રણ પ્રદેશો જ્યાં હાલમાં કોઈ મોબાઈલ ટાવર કે ડિશ એન્ટેના નથી તેવા વિસ્તારોમાં સીધી સેટેલાઈટ કનેક્ટિવિટી મળતી થઈ જશે. એટલે કે ભારતના આ તમામ વિસ્તારોમાં સીધી સેટેલાઈટ દ્વારા ૪જી અને ૫જી નેટવર્ક સુવિધા આપવું શક્ય બની જશે. ઈન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન યૂનિયન ડેટા મુજબ ૨૦૨૫ના અંતમાં પણ દુનિયાના ૨૦૦ કરોડથી વધારે લોકો ઈન્ટરનેટ અને મોબાઈલ નેટ કનેક્ટિવિટી અને કવરેજ વગર રહેવા મજબુર છે. જાણકારોના મતે આ સેટેલાઈટની મદદથી ડિજિટલ અસમાનતાની જે સમસ્યા ચાલી રહી છે તેમાં મોટાપાયે ઘટાડો થશે. ખાસ કરીને અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારો, જંગલ વિસ્તારો અને જાહેર હવાઈ સફર દરમિયાન નેટવર્ક કવરેજની સમસ્યાનો અંત આવશે. તે ઉપરાંત કોઈપણ કુદરતી આપત્તીમાં મોબાઈલ નેટવર્ક જતું રહેતુ હતુ તે સમસ્યા પણ હવે નહીં રહે. ઉપરાંત જે વિસ્તારોમાં ડિશ ટીવી કે કેબલ ટીવી નથી તેવા વિસ્તારોમાં આ સેટેલાઈટના ઈન્ટરનેટની મદદથી ગંભીર માહિતી મેળવવા સાથે મનોરંજન કાર્યક્રમની મજા માણી શકાશે.

બ્લૂબર્ડ-૨ બ્લોક ૬ની સૌથી મોટી ખાસિયત તેની ટેક્નોલોજી છે. તે ટેક્નોલોજીના સેક્ટરમાં એક ચમત્કાર જેવો સેટેલાઈટ ગણાય છે. આ સેટેલાઈટ અવકાશમાં પહોંચ્યા પછી તેના એન્ટેના એટલે કે એરે ખોલશે. તેની સાઈઝ ૨૪૦૦ સ્ક્વેર ફૂટ જેટલી છે. તે કોમ્યુનિકેશન સેક્ટરના અન્ય સેટેલાઈટ કરતા ઘણો મોટો છે. જાણકારોના મતે એક અપાર્ટમેન્ટ કરતા આ મોટો સેટેલાઈટ છે. આ પહેલાં આ જ કંપની દ્વારા સ્પેસએક્સની મદદથી ફાલ્કન ૯ રોકેટ દ્વારા પાંચ સેટેલાઈટ લોન્ચ કરવામાં આવ્યા હતા. આ વર્ષે જ સપ્ટેમ્બરમાં આ સેટેલાઈટ્સનું લોન્ચિંગ કરાયું હતું.

એએસટી સ્પેસમોબાઈલ કંપની એક એવું નેટવર્ક વિકસાવી રહી છે, જે ભવિષ્ય માટે ગેમચેન્જર સાબિત થશે. તે પૃથ્વીના લોઅર ઓર્બિટમાં સેટેલાઈટ્સનું એવું નેટવર્ક વિકસાવવા માગે છે, જે કોમ્યુનિકેશનના સેક્ટરમાં ક્રાંતિ આણી દેશે. તેનો સીધો આશય પૃથ્વી ઉપર ઉપલબ્ધ કોઈપણ સ્ટાન્ડર્ડ મોબાઈલ કે સ્માર્ટફોનમાં સીધી જ ઈન્ટરનેટ અને બ્રોડબેન્ડ સેવાઓ આપવાનો છે. તેનો અર્થ એટલો જ છે કે, કોઈપણ ડિશ ટીવી કે ટાવર વગર ઈન્ટરનેટ મળી રહેશે. સેટેલાઈટ સીધો જ ફોન સાથે કનેક્ટ થઈ જશે.

આ સેટેલાઈટ એક ગ્લોબલ એલઈઓ કોન્સ્ટેલેશનનો ભાગ છે જેનો આશય દરેક જગ્યાએ અને દરેક સમયે કનેક્ટિવિટી પૂરી પાડવાનો છે. એનસિલ અને અમેરિકી કંપની એએસટી એન્ડ સાયન્સ વચ્ચે આ એક મહત્વની ડીલ થયેલી છે જે કોમર્શિયલ સ્પેસ માર્કેટમાં ભારતનું પણ કદ વધારશે. ઈસરોનું એલવીએમ-૩ એમ ૬ રોકેટ પોતાની તાકાત અને ક્ષમતાના કારણે ખૂબ જ મહત્વનું ગણાય છે. તેને રોકેટ સેક્ટરમાં બાહુબલી તરીકે ગણવામાં આવે છે. તેની ઉંચાઈ ૪૩.૫ મીટર એટલે કે, અંદાજે ૧૪ માળની ઈમારત જેટલું છે. લોન્ચ સમયે તેનું વજન ૬૪૦ ટન હોય છે. તે એક હેવી લિફ્ટ લોન્ચ વ્હીકલ ગણાય છે જે અત્યાર સુધીમાં સતત આઠ મિશન પૂરા કરી આવ્યું છે અને તેણે અમેરિકી કંપનીનું મિશન પૂરું કરતા સાથે પોતાનું નવમું મિશન પણ પૂરું કરી દીધું.

સ્પેસ સેક્ટરમાં સેટેલાઈટ લોન્ચિંગનું કામ ઈસરો દ્વારા લિમિટેડ બજેટમાં છતાં સચોટ રીતે કરવામાં આવી રહ્યું છે, તેના કારણે જ દુનિયાભરના પ્રોજેક્ટ તેની પાસે આવી રહ્યા છે. તેમાંય વન વેબ અને એએસટી સ્પેસમોબાઈલ બે કંપનીઓ એવી છે જેણે સ્પેસ ટેક્નોલોજીમાં ક્રાંતિ લાવી છે. ઈસરો દ્વારા એલવીએમ ૩ દ્વારા આ પહેલાં વનવેબ કંપનીના ૭૨ કોમ્યુનિકેશન સેટેલાઈટ અવકાશમાં છોડવામાં આવ્યા હતા. તેના કારણે જ એએસટી સ્પેસમોબાઈલ કંપનીએ પોતાના સૌથી ભારે સેટેલાઈટના લોન્ચિંગ માટે સ્પેસએક્સ છોડીને ઈસરો ઉપર વિશ્વાસ મુક્યો હતો. ઈસરોનું એલવીએમ-૩, સ્પેસએક્સનું ફાલ્કન-૯ અને યુરોપીયન સ્પેસ એજન્સીનું એરીએન ૬ જ આ સેટેલાઈટને અવકાશમાં લઈ જઈ શકે તેમ હતા. ઈસરોએ આ પહેલાં ચંદ્રયાન-૨ અને ચંદ્રયાન-૩ મિશનમાં પણ આ રોકેટનો ઉપયોગ કર્યો જ હતો. તેના પગલે બ્લૂબર્ડના લોન્ચિંગ માટે ઈસરોની જ પસંદગી કરવામાં આવી હતી. ઈસરોએ પહેલી વખત આટલો ભારે કોમર્શિયલ સેટેલાઈટ અવકાશમાં તરતો મુક્યો અને હવે તેના કારણે દુનિયાભરના દેશોમાં ચાલતા સ્પેશ મિશનો માટે ઈસરો ઉપરનો ભરોસો વધશે. બીજી તરફ આ સેટેલાઈટથી કોમ્યુનિકેશન સેક્ટરમાં જે ક્રાંતિ આવશે તે આગામી પેઢીને ખૂબ જ લાભદાયક રહેશે. કંપનીનો દાવો છે કે, આ સેટેલાઈટની ડેટા કેપેસિટી ૧૦ ગણી વધારે છે. તેનો આશય દુનિયાનું પહેલું સ્પેસ બેઝ સેલ્યુલર બ્રોડબેન્ડ નેટવર્ક બનવાનો છે. જે સામાન્ય લોકોના સામાન્ય સ્માર્ટફોન સાથે સીધું જ કનેક્ટ થશે.

**5600થી વધારે વ્યક્તિગત સિગ્નલ સેલ બનાવવા માટે ડિઝાઈન કરાયેલા બ્લૂબર્ડ-2 સેટેલાઈટથી 120 એમબી પ્રતિ સેકન્ડની ઝડપ શક્ય છે. તેનાથી વોઈસ કોલિંગ, સુપર ફાસ્ટ ડેટા ટ્રાન્સફર, બફર ફ્રી વીડિયો સ્ટ્રીમિંગ જેવી ઘણી સુવિધાને સરળતાથી મેળવી શકાશે**






# સાંસ્કૃતિક વારસાના જતન માટે મેકમાસ્ટર હિંદુ સ્ટુડન્ટ્સ એસો.ની પહેલ

## દૈનિક ધાર્મિક વિધિ, પ્રાર્થના અને તહેવારોની ઉજવણી માટે મંદિર નિર્માણની કવાયત




**ઓન્ટેરિયો**

શ્રદ્ધા, સમુદાય અને સાંસ્કૃતિક ગૌરવના મિશ્રણ સાથે એક સીમાચિહ્નરૂપ વિકાસમાં મેકમાસ્ટર હિન્દુ સ્ટુડન્ટ્સ એસોસિએશન (HSA)મેકમાસ્ટર યુનિવર્સિટીના સમર્થન સાથે યુનિવર્સિટીના બહુધાર્મિક ખંડમાં એક સમર્પિત હિન્દુ મંદિર જગ્યા બનાવવાનું નેતૃત્વ કરી રહ્યું છે. મેકમાસ્ટર ખાતે સત્ય સનાતન ધર્મ મંદિરના બેનર હેઠળ કલ્પના કરાયેલી આ પહેલ માત્ર પ્રાર્થના માટે પવિત્ર સ્થાન પ્રદાન કરવા વિશે જ નથી, પરંતુ હિન્દુ વિદ્યાર્થીઓની સાંસ્કૃતિક અને આધ્યાત્મિક જરૂરિયાતોને સમર્થન આપવા વિશે પણ છે.

આંકડા બિનસત્તાવાર હોવા છતાં તાજેતરના વર્ષોમાં વિશ્વના વિવિધ દેશોમાંથી હિન્દુ-ઓળખ ધરાવતા વિદ્યાર્થીઓમાં મેકમાસ્ટર ખાતે વધારો થઈ રહ્યો છે, જે આ પ્રયાસના મહત્વને વધુ પ્રકાશિત કરે છે. હિન્દુ-કેનેડિયન સમુદાયો માટે, આ સીમાચિહ્નરૂપ ગૌરવનો સ્ત્રોત છે. હિન્દુ સ્ટુડન્ટ્સ એસોસિએશનનું નેતૃત્વ બે ઉત્સાહી નેતા રિભવ ગુપ્તા (સહ-પ્રમુખ) અને મનન શાહ (સહ-પ્રમુખ) તેમની એક્ઝિક્યુટિવ ટીમ સાથે કરી રહ્યા છે. આ વિદ્યાર્થીઓએ એક મંદિર સ્થાન સ્થાપિત કરવા માટે અથાક મહેનત કરી છે, જે હિન્દુ વિદ્યાર્થીઓને દૈનિક ધાર્મિક વિધિઓ કરવા, તહેવારો ઉજવવા અને કેમ્પસમાં પોતાનું સ્થાન મેળવવાની મંજૂરી આપશે.

ઈવેન્ટ પ્લાનિંગ અને મેનેજમેન્ટના વાઈસ પ્રેસિડેન્ટ તરીકે સેવા આપતા હર્ષ શુક્લાએ પણ મંદિર પહેલને ટેકો આપ્યો છે. જે પ્રોજેક્ટ પાછળની સામૂહિક ભાવનાને વધુ પ્રતિબિંબિત કરે છે. તેમણે જણાવ્યું છે કે, આ ફક્ત પ્રાર્થના વિશે નથી," વિદ્યાર્થી નેતાઓએની એક વિશેષ ઝુંબેશ પણ છે.

મેકમાસ્ટર યુનિવર્સિટી સ્પિરિચ્યુઅલ કેર એન્ડ લર્નિંગ સેન્ટર (SCLC)અને મેકમાસ્ટર સ્ટુડન્ટ્સ યુનિયન (MSU)દ્વારા તેનો મલ્ટીફેથ પ્રોગ્રામ ચલાવે છે. એન્ડ્રુ ક્રોવેલ (ડિરેક્ટર - સ્પિરિચ્યુઅલ કેર એન્ડ લર્નિંગ સેન્ટર) અને તેમની ટીમના નેતૃત્વ હેઠળ સંચાલિત આ મલ્ટીફેથ રૂમ દરેક ધાર્મિક જૂથને હાજરી સ્થાપિત કરવાની તક આપે છે.

નિયમો સરળ અને સમાવિષ્ટ છે. જ્યારે ઉપયોગમાં ન હોય ત્યારે પૂજા સ્થળને તટસ્થ લાલ કાપડથી ઢાંકી દેવામાં આવે છે, આદર જાળવવા માટે અવાજ પ્રતિબંધિત છે, અને મોટા મેળાવડાઓ માટે MSUની મંજૂરી જરૂરી છે. કાર્ય પાછળનો ઉદ્દેશ્ય સનાતન ધર્મના સિદ્ધાંતો "વસુધૈવ કુટુંબકમ" (વિશ્વ એક પરિવાર છે) અને "સર્વ ધર્મ સમભાવ" (બધા ધર્મો માટે સમાન આદર) સાથે ઊંડે સુધી જોડાયેલો છે.

આ પહેલનું નેતૃત્વ સહ-પ્રમુખ મનન શાહ અને રિભવ ગુપ્તા દ્વારા કરવામાં આવી રહ્યું છે, જેમાં એન્ડ્રુ ક્રોવેલ (ડિરેક્ટર - સ્પિરિચ્યુઅલ કેર એન્ડ લર્નિંગ સેન્ટર) અને ટ્રિશ વર્ડોન (સ્ટુડન્ટ લાઈફ ડિરેક્ટર)ના સમર્થન અને માર્ગદર્શનનો સમાવેશ થાય છે. તેમને ટેકો આપતી એક પ્રભાવશાળી એક્ઝિક્યુટિવ ટીમ છે.

ઓગસ્ટ 2013માં સ્થપાયેલ, આ સંગઠન મેકમાસ્ટર ખાતે સૌથી સક્રિય સાંસ્કૃતિક અને શ્રદ્ધા-આધારિત વિદ્યાર્થી સંગઠનોમાંના એકમાં સતત વિકસ્યું છે. ગાયત્રી પરિવાર વેસ્ટર્ન ઓન્ટેરિયો (GPWO)દ્વારા તેમના પ્રયાસોને વધુ સમર્થન આપવામાં આવ્યું છે, જેમાં રાકેશ શર્મા (GPWOના સ્થાપક ટ્રસ્ટી) અને મનહર સુતારિયા (GPWOના સ્થાપક ટ્રસ્ટી) અને તેમના સમર્પિત સ્વયંસેવકોના અમૂલ્ય માર્ગદર્શનનો સમાવેશ થાય છે. દિવાળી અને નવરાત્રી જેવા તહેવારો કેમ્પસમાં રંગ લાવશે.

### મનન શાહ અને રિભવ ગુપ્તાની ટીમ

- » હર્ષ શુક્લા - ઇવેન્ટ પ્લાનિંગ અને મેનેજમેન્ટના વાઇસ પ્રેસિડેન્ટ
- » થુવરકાહ સથાનન્થન - માર્કેટિંગ અને પ્રમોશનના વાઇસ પ્રેસિડેન્ટ
- » અનેરી માયાવંશી - માર્કેટિંગ અને પ્રમોશનના વાઇસ પ્રેસિડેન્ટ
- » વત્સલા અદાવિકોલનુ - ઇવેન્ટ પ્લાનિંગ અને મેનેજમેન્ટના વાઇસ પ્રેસિડેન્ટ
- » સના ગુપ્તા - ઇવેન્ટ પ્લાનિંગ અને મેનેજમેન્ટના વાઇસ પ્રેસિડેન્ટ
- » દત્ત ગજ્જર - એડમિનિસ્ટ્રેશન અને ફાઇનાન્સના વાઇસ પ્રેસિડેન્ટ
- » ઓમ પટેલ - એડમિનિસ્ટ્રેશન અને ફાઇનાન્સના વાઇસ પ્રેસિડેન્ટ
- » શ્રી પટેલ - ગ્રાફિક ડિઝાઇનના ઉપપ્રમુખ
- » સિયા દાસાણી - ગ્રાફિક ડિઝાઇનના ઉપપ્રમુખ
- » ધારા દેસાઇ - ગ્રાફિક ડિઝાઇનના ઉપપ્રમુખ
- » મિતિ વ્યાસ - કલા અને નૃત્યના ઉપપ્રમુખ
- » મૈત્રી પટેલ - કલા અને નૃત્યના ઉપપ્રમુખ
- » નવ્યા કુમાર - કલા અને નૃત્યના ઉપપ્રમુખ
- » તનુશ્રી ચોપરા - સ્પોન્સરશિપ અને આઉટરીચના ઉપપ્રમુખ
- » ત્વરા પરીખ - સ્પોન્સરશિપ અને આઉટરીચના ઉપપ્રમુખ
- » દેવ પંડ્યા - સાંસ્કૃતિક બાબતોના ઉપપ્રમુખ
- » સાગર પોલ - સાંસ્કૃતિક બાબતોના ઉપપ્રમુખ
- » ઇશ્વ શાહ - ફોટોગ્રાફર
- » પંક્તી શાહ - ઉચ્ચ વર્ષ પ્રતિનિધિ
- » ઇશા જોશી - ઉચ્ચ વર્ષ પ્રતિનિધિ
- » અયાન મિત્રા - વરિષ્ઠ સલાહકાર

# કેનેડા-યુએસ બોર્ડર પર ટ્રાફિક ઘટતા ડ્યુટી ફ્રી શોપ્સના અસ્તિત્વ સામે જોખમ

## વેચાણમાં 30 ટકાનો તોતિંગ ઘટાડો: મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહેલા સ્ટોર માલિકોએ ફેડરલ સરકાર પાસે મદદ માંગી

**ઓન્ટેરિયો**

યુએસ-કેનેડા વચ્ચે ચાલી રહેલા ટ્રેડ વૉર (વેપાર યુદ્ધ)ની સીધી અને નકારાત્મક અસર હવે સરહદી વેપાર પર જોવા મળી રહી છે. દક્ષિણ-પશ્ચિમ ઓન્ટેરિયોના સરહદી વિસ્તારોમાં આવેલી ડ્યુટી ફ્રી શોપ્સના વેચાણમાં વાર્ષિક ધોરણે 30 ટકાનો મોટો ઘટાડો નોંધાયો છે, જેના કારણે અનેક સ્ટોર માલિકો હવે ધંધો બંધ કરવા જેવા 'મુશ્કેલ નિર્ણયો' લે તેવી શકયતા છે. સ્ટેટિસ્ટિક્સ કેનેડાના અહેવાલ મુજબ, ઓક્ટોબર મહિનામાં કેનેડિયન રહેવાસીઓ દ્વારા યુએસ જતી રોડ ટ્રિપ્સમાં 30.2 ટકાનો ઘટાડો થયો છે. આ ઘટાડો માત્ર એક મહિના પૂરતો સીમિત નથી, પરંતુ માર્ચ મહિનાથી સતત છે.

વિન્ડસર ડ્યુટી ફ્રી શોપના માલિકોના જણાવ્યા અનુસાર, લોકો હવે વિવિધ કારણોસર યુએસમાં મુસાફરી કરવાનું ટાળી રહ્યા છે. બ્લુ વોટર ડ્યુટી ફ્રીના સહ-માલિક તાનિયા લીએ ઉમેર્યું કે, વેચાણમાં આ ઘટાડો માત્ર એક ક્ષેત્ર પૂરતો નથી, પરંતુ દેશભરની ડ્યુટી ફ્રી શોપ્સ આર્થિક નુકસાન ભોગવી રહી છે. ખાસ કરીને જાન્યુઆરી મહિનો ધંધા માટે સૌથી ધીમો ગણાય છે, ત્યારે આગામી સમય વધુ કપરો રહેવાની શક્યતા છે.

ડ્યુટી ફ્રી સ્ટોર્સ હજુ તો કોવિડ-19 સમયની સરહદબંધીના નુકસાનમાંથી બહાર આવી રહ્યા હતા. ઘણા સ્ટોર્સ હજુ પણ તે સમયની સરકારી લોન ચૂકવી રહ્યા છે. ફ્રન્ટિયર ડ્યુટી ફ્રી એસોસિએશને (FDFA) ચિંતા વ્યક્ત કરી છે કે જો સ્થિતિ નહીં સુધરે તો ઘણા સ્ટોર્સ કાયમ માટે બંધ થઈ શકે છે. આથી ફેડરલ સરકાર જરૂરિયાતમંદ દુકાનો માટે વિશેષ આર્થિક પેકેજ જાહેર કરે તેવી માંગ ઉઠી છે.

# અમેરિકા સામે નારાજગી સાથે કેનેડિયન લોકોના વિદેશ પ્રવાસમાં 9.1 ટકાનો ઘટાડો

## ઓક્ટોબરમાં યુ.એસ.થી કેનેડિયન રિટર્ન ટ્રિપ્સ લગભગ 30% વધી: સ્ટેટકેન

**ઓન્ટેરિયો**

સ્ટેટિસ્ટિક્સ કેનેડાએ સોમવારે અહેવાલ આપ્યો હતો કે, ઓક્ટોબરમાં એક વર્ષ અગાઉની તુલનામાં યુ.એસ.થી પરત ફરતા કેનેડિયન રહેવાસીઓમાં 26.3 ટકાનો ઘટાડો થયો હતો. ઓક્ટોબરમાં કેનેડિયનો યુ.એસ.ની 2.3 મિલિયન ટ્રિપ્સથી પાછા ફર્યા હતા, જેમાં હવાઈ અને ઓટોમોબાઈલ બંનેનો સમાવેશ થાય છે. ઓટોમોબાઈલ ટ્રિપ્સ 30.2 ટકા ઘટીને 1.6 મિલિયન થઈ છે. જેમાંથી 67.5 ટકા એક જ દિવસે નોંધાઈ હતી. ઓક્ટોબરમાં હવાઈ માર્ગે, કેનેડિયન નિવાસીઓએ યુ.એસ.થી પરત ફરવાની કુલ ટ્રિપ્સ 685,100 કરી હતી. જે 2024ના સમાન મહિનાની તુલનામાં 15.1 ટકાનો ઘટાડો છે. આ મહિનાની શરૂઆતમાં પ્રકાશિત થયેલા સ્ટેટિસ્ટિક્સ કેનેડાના એક અલગ અહેવાલમાં ગયા વર્ષની તુલનામાં ઓક્ટોબરમાં યુ.એસ. સ્થળોએ જનારા કેનેડિયન એરપોર્ટ પર મુસાફરોમાં 8.9 ટકાનો ઘટાડો દર્શાવવામાં આવ્યો હતો. જે સતત નવમો માસિક ઘટાડો છે. સપ્ટેમ્બરમાં, ગ્લોબલ ન્યૂઝ ઈપ્સોસ પોલમાં ભાગ લેનારા 10માંથી છ પુખ્ત કેનેડિયનોએ જણાવ્યું હતું કે, તેઓ ફરી ક્યારેય અમેરિકનો પર આ રીતે વિશ્વાસ કરી શકતા નથી. આ મહિનાઓથી યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ કેનેડિયન અર્થતંત્રને અસર કરી રહ્યા છે, ઉપરાંત યુએસ રાષ્ટ્રપતિએ કેનેડાને "51મું રાજ્ય" બનવું જોઈએ તેવી ટિપ્પણીઓનું પુનરાવર્તન કર્યું હતું. સ્ટેટિસ્ટિક્સ કેનેડાના આ અઠવાડિયાના અહેવાલમાં દર્શાવવામાં આવ્યું છે કે કેનેડિયનો એકંદરે ઓછા વિદેશ પ્રવાસ કરી રહ્યા છે, પરંતુ જ્યારે તેઓ ત્યાં હોય છે, ત્યારે વધુ લોકો યુ.એસ. સિવાયના સ્થળો પસંદ કરી રહ્યા છે.

કેનેડિયન રહેવાસીઓ ઓક્ટોબરમાં ૩.૩ મિલિયન વિદેશ પ્રવાસો કરીને પાછા ફર્યા છે. જે ગયા વર્ષ કરતા ૧૮.૪ ટકા ઓછા છે. દરમિયાન, કેનેડિયનો દ્વારા વિદેશ સ્થળોએ પ્રવાસોમાં ૯.૧ ટકાનો વધારો થયો છે.

સ્ટેટિસ્ટિક્સ કેનેડા "વિદેશી" સ્થળોને યુરોપ, એશિયા, ઓશનિયા, આફ્રિકા અને "અમેરિકા (યુનાઈટેડ સ્ટેટ્સ સિવાયના દેશો)" તરીકે અલગ પાડે છે. ફ્લાઈટ સેન્ટર કેનેડાના તાજેતરના અહેવાલ મુજબ કેનેડિયનોમાં યુ.એસ.ની મુસાફરી ટાળવાનો ટ્રેન્ડ આવતા વર્ષે પણ ચાલુ રહેવાની અપેક્ષા છે. સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે ૭૦ ટકા ઉત્તરદાતાઓ આગામી વર્ષ માટે ઓછામાં ઓછી એક કે બે યાત્રાઓનું આયોજન કરી રહ્યા છે, પરંતુ ફક્ત આઠ ટકા લોકો યુ.એસ.ને તે સ્થળોમાંથી એક તરીકે ધ્યાનમાં લઈ રહ્યા છે.




# વિશ્વ સંઘ શિબિર દ્વારા સાપ્તાહિક કાર્યક્રમ : ધાર્મિક મૂલ્યો માટે પ્રતિબદ્ધતા

## લગભગ 1,610 લોકો, 400 શિક્ષકો અને પ્રબંધકો ઉપરાંત પાંચ ખંડો અને 71 દેશોમાંથી પ્રતિનિધિઓની વિશેષ હાજરી : આફ્રિકન ખંડના જનરલ ઝેડ જૂથ દ્વારા સ્વાહિલી ભાષામાં ગીતો સાથે પરંપરાગત પ્રસ્તુત રજૂ કરાયું : આયોજનમાં મહિલાઓએ સક્રિયપણે ભાગ લીધો

**ટોરન્ટો**








વિશ્વ સંઘ શિબિર (VSS) 25થી 30 ડિસેમ્બર સુધી વિશ્વ સંઘ શિબિર યોજાઈ હતી. (VSS)25થી 30 ડિસેમ્બર, 2025 @Bhagyanagar, ભારત એ પાંચ વર્ષમાં એક વાર આવતી તક છે, જે વિશ્વભરના ધાર્મિક મૂલ્યો પ્રત્યે પ્રતિબદ્ધ કાર્યકર્તાઓને એકત્ર કરે છે. 2016 પછી કાર્યક્રમ રોગચાળાને કારણે આ કાર્યક્રમ યોજાઈ શક્યો ન હતો. તેથી આ વર્ષે ઐતિહાસિક મેળાવડામાં ઉત્સાહ છલકાઈ ગયો હતો. કાર્યક્રમમાં લગભગ ૧,૬૧૦ લોકો, ૪૦૦ શિક્ષકો અને પ્રબંધકો ઉપરાંત પાંચ ખંડો અને ૭૧ દેશોમાંથી પ્રતિનિધિઓ આવ્યા હતા, જેમાં તમામ વય જૂથોનો સમાવેશ થતો હતો. સંઘની પરંપરાઓ અનુસાર, દરેક વ્યક્તિ પોતાના ખર્ચે હાજર રહ્યો હતો. આ ઉત્સાહ સાથે શિસ્ત અને સમયપાલન પણ એટલું જ આકર્ષક હતું. દરેક કાર્યક્રમ અને સત્ર ચોક્કસ સમયે શરૂ થયા હતા.

સવારે 6:30 વાગ્યે પ્રાર્થના અને રાત્રિભોજન પછી હળવું મનોરંજનનો સૌએ લાભ લીધો હતો. કાર્યકર્તાઓની વિવિધ શ્રેણીઓ માટે સમાંતર સત્રો, નાના બાળકો માટે ખાસ પ્રવૃત્તિઓ અને પૂર્ણ સત્રોનું આયોજન કાળજીપૂર્વક કરવામાં આવ્યું હતું. ભાગ્યનગર (હૈદરાબાદ), તેલંગાણા, ભારતની સીમમાં, કાન્હા શાંતિ વનમના વિશાળ કેમ્પસમાં બધું જ સરળતાથી ચાલ્યું હતું.

સંઘર્ષ, યુદ્ધો, માનસિક તણાવ અને કૌટુંબિક તણાવોથી ભરેલી દુનિયામાં, લોકો ધાર્મિક મૂલ્યો, પરંપરાઓ અને યોગ અને આયુર્વેદ જેવા પ્રથાઓ તરફ આકર્ષાઈ રહ્યા છે. આ મુદ્દાઓ પર નિખાલસતા અને ઊંડાણપૂર્વક ચર્ચા કરાઈ હતી.નાના જૂથ વાર્તાલાપ અને મોટા સત્રોમાં ભારત, ભારતીય સંસ્કૃતિના પ્રચાર પ્રસાર અંગે ચર્ચા કરાઈ હતી. જે બાદ આફ્રિકન ખંડના જનરલ ઝેડ જૂથ દ્વારા નૃત્ય પ્રદર્શન હતું, જેમાં સ્વાહિલી ભાષામાં ગીતો સાથે પરંપરાગત સ્થાનિક નૃત્ય સ્વરૂપો દ્વારા માનવીય મૂલ્યોને વ્યક્ત કરવામાં આવ્યા હતા. મહિલાઓએ શિબિરના આયોજન, માર્ગદર્શન અને અમલીકરણમાં સક્રિયપણે ભાગ લીધો હતો. નોંધનીય છે કે, આ VSSના મુખ્ય શિક્ષક 20 વર્ષની મધ્યમાં એક બ્રિટિશ મહિલા હતી. બ્રિટિશ, અમેરિકન અને આફ્રિકન ઉચ્ચારોમાં આપવામાં આવતી સૂચનાઓ સાંભળીને આનંદ થયો હતો.

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

17 Room Motel in Huntsville - $2.5M
Renovated and Upgraded Room, Located in downtown Huntsville. Absentee owner, Employees run for last 3 years.
Owner operator can make more money

- 78 Room Hotel Ramada Inn – SOLD
- 12 Room Motel and Restaurant in Manitulin Island – SOLD
- 17 Room Motel near Chattham – SOLD
- 12 Room Motel in Blind River – Sold Conditional
- 21 Room Motel with Restaurant in Muskoka – Sold Conditional
- 54 Room Resort in 1000 Islands on 7 acres land – Sold Conditional

43 Room Motel with 241 Pizza Restaurant with Building in Cochrane – $4.5M
Renovated Rooms, Situalted on 6 Acres of the commercial land right on Trans Canada Hwy 11. Access land can be used for further development or many more uses
Plus 2 Apartments for manager and staff - Both businesses are money making and running through the staff. Absentee Owner – ideal for owner operator.

15 Room Motel + 1 Apt – Nr Sudbury - $999K
All Rooms recently renovated + Restaurant & Bar (closed) renovated. Indoor corridor. Easy one man opeation. Money making motel with NO competition. Year round business

12 Room Motel in Blind River - $1,050,000
With 3 BR living quarter, Access land
Indoor corridor, One Man Opearation

17 Room Motel in Sault Ste Mari - $1.8M
Renovated Rooms, Spent thousands of dollar
Owners retiering

Now licensed to work in ALBERTA as well
Motels coming up for Sale in 2026
65 Room Hotel near Calgary - $5.5M
22 Room Motel, 4 BR House near Edmonton - $799,000

Motel Jobs AND Working Partner Opperunity
(min $200,000 to invest) Ontario & Alberta
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Acomodation + Compititive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

# બાઈક ધીમે ચલાવવાનું કહેતા યુવાનની હત્યા કરનાર માતા અને પુત્રને આજીવન કેદની સજા

## ગાંધીનગર સેશન્સ કોર્ટનો ચુકાદો : બંને આરોપીઓને 5 હજાર રૂપિયાનો દંડ

ગાંધીનગર

પ્રભુપુરા ગામમાં ગત ૨૮ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ બપોરના સમયે સંજય રતિલાલ સોલંકી તેનું બાઈક અત્યંત ઝડપી રીતે ચલાવી રહ્યો હતો. જેના પગલે ગામમાં રહેતા ભરતજી ઠાકોરે તેને બાઈક ધીમે ચલાવવા બાબતે ઠપકો આપ્યો હતો. આ વાતની અદાવત રાખી સંજય સોલંકીએ ભરતજીને છાતીના ભાગે ચપ્પાના ઘા ઝીંકી દીધા હતા, જેના કારણે ગંભીર ઈજાઓ થવાથી તેમનું મૃત્યુ નીપજ્યું હતું. સંજયની માતા સુરતાબેન રતીલાલ સોલંકીએ ભરતજીની પત્નીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને પોતાના પુત્ર સંજયને માર માર કહી ઉશ્કેરીને મદદગારી કરી હતી. આ અંગે ડભોડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ કેસ ગાંધીનગરના ચોથા એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ પી.એમ ઉનડકટની કોર્ટમાં ચાલ્યો હતો. ગુનાની સંપૂર્ણ તપાસ કરીને તત્કાલીન પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.એસ રાણા દ્વારા ચાર્જશીટ રજૂ કરવામાં આવ્યું હતું. જ્યાં સરકારી વકીલ પ્રિતેશ ડી. વ્યાસ દ્વારા સાક્ષીઓ અને તપાસ અધિકારીની જુબાનીઓ તપાસી ધારદાર દલીલો કરી હતી. સરકારી વકીલે કોર્ટને જણાવ્યું હતું કે, આરોપી સંજયે અત્યંત ક્રતાપૂર્વક લિવર સુધી ચપ્પુ હુલાવીને હત્યા કરી છે. કોર્ટે આરોપી સંજય રતિલાલ સોલંકી અને તેની માતા સુરતાબેન સોલંકીને આજીવન કેદની સજા અને પાંચ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

# દારૂ દારૂ માટે હેલ્થ પરમિટ લેવામાં સમગ્ર ગુજરાતમાં જામનગર મોખરે

અમદાવાદ

ગુજરાતમાં દારૂબંધી છે, પરંતુ દવાના ભાગરૂપે અમુક શરતોને આધીન અહીં હેલ્થ પરમિટ આપવામાં આવતી હોય છે. પરંતુ કેટલીક વખત આ હેલ્થ પરમિટ વિવાદાસ્પદ રહેતી હોય છે. અત્યારે પણ એક આશ્ચર્ય પમાડે તેવી વાત પ્રકાશમાં આવી છે. હેલ્થ પરમિટધારકોમાં સૌથી પહેલા ક્રમાંકે જામનગરવાસીઓ આવે છે. જામનગરના લોકોએ સૌથી વધારે દારૂ માટે હેલ્થ પરમિટ લીધી છે. અત્યારે જે આંકડો પ્રકાશમાં આવ્યો છે તેને લઈને વિવાદ સર્જાયો છે. એટલું જ નહીં પરંતુ આ મુદ્દો હવે ગુજરાતમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. આ અંગેના આંકડા જોઈએ તો અમદાવાદમાં 5 ટકા, સુરતમાં 6.9 ટકા, રાજકોટમાં 12.7 ટકા, વડોદરામાં 14.8 ટકા, ગાંધીનગરમાં 13.75 ટકા પરમિટ ધારકો છે, પરંતુ એકલા જામનગરમાં 15.9 ટકા પરમિટ ધારકો 2025માં નોંધાયા હોવાની માહિતી સૂત્રો દ્વારા મળી છે. જોકે બીજી બાજુ એક્ટિવ હેલ્થ પરમિટ ધારકોની સંખ્યા ઓછી થઈ હોવાનું જાણવા મળ્યું હતું. સામાન્ય રીતે અમદાવાદ, સુરત જેવા શહેરોમાંથી હેલ્થ પરમિટ માટે વધારે અરજી આવતી હોવાનું આપણે માનતા હોઈએ છીએ, પરંતુ 2025માં જામનગરમાંથી વધારે અરજી આવી હોવાનું જાણવા મળ્યું છે.

# સુરેન્દ્રનગર જમીન કૌભાંડનો મુખ્ય આરોપી ચંદ્રસિંહ મોરી અંતે જેલ ભેગો

ગાંધીનગર

સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટર કચેરીમાં થયેલા કરોડોના કથિત જમીન કૌભાંડ અને ભ્રષ્ટાચારના મામલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. કેસના મુખ્ય આરોપી અને નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીના રિમાન્ડ પૂર્ણ થતા આજે તેને અમદાવાદની સ્પેશિયલ ઈડી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. જ્યાં ઈડી દ્વારા વધુ રિમાન્ડની માંગણી ન કરાતા સ્પે. કોર્ટે આરોપીને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો આદેશ કર્યો છે.

અત્રે ખાસ ઉલ્લેખનિય છે કે સુરેન્દ્રનગર જમીન કૌભાંડના મુખ્ય આરોપીના રિમાન્ડ દરમિયાન મની લોન્ડરિંગના પુરાવા એકત્ર કરવા માટે ઈડીની ટીમ આરોપી ચંદ્રસિંહ મોરીને દિલ્હી ખાતે લઈ ગઈ હતી. જ્યાં ઉચ્ચ અધિકારીઓએ ચંદ્રસિંહની દિલ્હીમાં સઘન પૂછપરછ કરી હતી.

તપાસમાં જમીન હેતુફેર (CLU) ફાઈલોમાં લેવાયેલી લાંચના નાણાં ક્યાં રોકવામાં આવ્યા અને તેમાં અન્ય કયા મોટા માથાઓ સામેલ છે તે દિશામાં મહત્વની વિગતો મેળવવાનો પ્રયાસ કરાયો હતો.

# રાજ્યમાં 30 દિવસમાં 121 કરોડના સાયબર ફ્રોડ

અમદાવાદ

સ્ટેટ સાયબર સેલે હાઈએલર્ટ વચ્ચે માત્ર બે દિવસમાં 17.72 કરોડ રૂપિયા બચાવી લીધા છે. જોકે, ડિસેમ્બરના 30 દિવસમાં ઠગાઈ ગયેલા 121 કરોડમાંથી માત્ર અડધી રકમ પરત મેળવી શકાઈ છે, જ્યારે લોકોએ પોતાની મહેનતના 60 કરોડ રૂપિયા ગુમાવ્યા છે.

ગુજરાત સાયબર સેન્ટર ઓફ એક્સલન્સ યુનિટે ડિસેમ્બર મહિના દરમિયાન સાયબર ફ્રોડ હેલ્પલાઈન ઉપર ફ્રોડ થવાથી 121 કરોડ રૂપિયા લોકોએ ગુમાવ્યાના કોલ આવ્યા તેમાંથી 61 કરોડ રૂપિયા બચાવ્યાં છે.



ખાસ કરીને ડિસેમ્બરના અંતભાગના બે દિવસ તા. 28-29ના નોંધપાત્ર સફળતા મળી હતી. 28 ડિસેમ્બરે 1930 હેલ્પલાઈન ઉપર સાયબર ફ્રોડ સંદર્ભે 658 કોલ આવ્યા હતા. આ પૈકી એક કોલ સમયસર આવતાં ત્વરિત કાર્યવાહીથી 1.57 કરોડ રૂપિયા ઠગાઈ કરાય તે પહેલાં બચાવી લેવાયા હતા.

તા. 29 ડિસેમ્બરે 1115 કોલ આવ્યાં તેમાં 10.54 કરોડના ઈ-ચીટિંગમાંથી 85 ટકા રકમ એટલે કે 9.04 કરોડ બચાવાયા હતા. બીજી ઘટનામાં 7.12 કરોડની ઓનલાઈન ઠગાઈ થયાનો કોલ આવતાં ત્વરિત કામગીરીથી 7.11 કરોડ બચાવાયા હતા. ઠગાઈ થયાની જાણ થાય એટલે તરત 1930 હેલ્પલાઈન ઉપર કોલ કરવાથી આ ગોલ્ડન અવરમાં પૈસા બચવાની સંભાવના વધી જાય છે. હાલ ગુજરાતમાં સાયબર ફ્રોડ અટકાવવા પોલીસ ખાસ ઝુંબેશ ચલાવી રહી હોવાનું જાણવા મળ્યું છે.

# અમદાવાદમાં શેરબજારમાં રોકાણના નામે કરોડોનું કૌભાંડ, ઈડી દ્વારા 4 કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત

## સૂત્રધાર હિમાંશુ ઉર્ફે પિન્ટુ ભાવસાર હોવાનું સામે આવ્યું : મિલકતના દસ્તાવેજો પણ કબજે કરાયા

અમદાવાદ

સામાન્ય રોકાણકારો સાથે શેરબજારમાં રોકાણના નામે છેતરપિંડી આચરવાના કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની અમદાવાદ ઝોનલ ઓફિસને મોટી સફળતા મળી છે. ઈડીએ આ મામલે કરોડો રૂપિયાનું સોનું, ચાંદી અને રોકડ રકમ જપ્ત કરી છે. આ કૌભાંડનો મુખ્ય સૂત્રધાર હિમાંશુ ઉર્ફે પિન્ટુ ભાવસાર હોવાનું સામે આવ્યું છે.

તપાસમાં બહાર આવ્યું છે કે પિન્ટુ ભાવસાર અને તેના સાથીદારોએ મહેસાણા, વિસનગર અને વડનગરમાં ઓફિસો ખોલી હતી. તેઓએ અનેક કર્મચારીઓ રાખીને સામાન્ય લોકોને ફોન કરાવી શેરબજારમાં ઊંચા વળતરની લાલચ આપી રોકાણ કરાવ્યું હતું. જાકે, આ નાણાંનું શેરબજારમાં કોઈ રોકાણ કરવામાં આવતું નહોતું અને આરોપીઓ તેનો વ્યક્તિગત ઉપયોગ કરતા હતા.

તપાસ દરમિયાન ઈડીએ 'પ્રોસીડ્સ ઓફ ક્રાઈમ' (ગુનાહિત રીતે મેળવેલી સંપત્તિ) તરીકે સોનું, ચાંદી અને રોકડ જપ્ત કરી છે. આ સિવાય અનેક મિલકતોના દસ્તાવેજા પણ જપ્ત કરવામાં આવ્યા છે. તપાસમાં એ પણ ખુલાસો થયો છે કે હિમાંશુ ભાવસાર પાસે જીઈમૈં નું પર્સનલ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર સર્ટિફિકેટ હતું, જેનો ગેરકાયદેસર ઉપયોગ કરીને તેણે વિશ્વાસ સ્ટોક્સ રિસર્ચ પ્રા. લિ., દલાલ સ્ટોક્સ એડવાઈઝરી પ્રા. લિ. અને દેવકી સ્ટોક્સ પ્રા. લિ. જેવી કંપનીઓ ચલાવી હતી.

# ફ્લાવર શોએ સતત ત્રીજા વર્ષે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં મેળવ્યું સ્થાન

## ફ્લાવર શોમાં એન્જિનિયરિંગ અને આર્ટનું ઉત્કૃષ્ટ ઉદાહરણ

અમદાવાદ

અમદાવાદમાં દર વર્ષે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ફ્લાવર શોનું આયોજન કરવામાં આવે છે. અઢળક રંગબેરંગી ફૂલોથી આબેહૂબ પ્રતિકૃતિઓને બનાવવામાં આવે છે.ત્યારે આ વર્ષે પણ ફ્લાવર શોએ વૈશ્વિક સ્તરે પોતાનો ડંકો વગાડ્યો છે. સતત ત્રીજા વર્ષે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસમાં સ્થાન મેળવ્યુ છે. આ સિદ્ધિ બદલ ગિનિસ બુક વર્લ્ડ રેકોર્ડ તરફથી સત્તાવાર સર્ટિફિકેટ એનાયત કરવામાં આવશે, જે શહેર માટે ગૌરવની ક્ષણ છે.

૩૦ મીટરનું ફ્લાવર મંડળ આ વર્ષના ફ્લાવર શોમાં એન્જિનિયરિંગ અને આર્ટનું ઉત્કૃષ્ટ ઉદાહરણ જાવા મળ્યું છે. અહીં અંદાજે ૩૦ મીટર લાંબુ વિશાળ ફ્લાવર મંડળ તૈયાર કરવામાં આવ્યું છે. આ મંડળ તેની ભવ્યતા અને ફૂલોની સજાવટના કારણે મુલાકાતીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે અને આ જ વિશેષતાએ તેને વર્લ્ડ રેકોર્ડની યાદીમાં સ્થાન અપાવ્યું છે. સરદાર પટેલનું ફૂલ ચિત્ર વર્લ્ડ રેકોર્ડની સાથે સાથે કળાના ક્ષેત્રમાં પણ આ શોએ એક અલગ છાપ ઉભી કરી છે.

# ગ્રાન્ટ ખૂટી પડતાં ગુજરાતના હજારો પોલીસ કર્મચારીઓનો પગાર અટક્યો

ગાંધીનગર

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવતા હજારો પોલીસ કર્મચારીઓ માટે નવા વર્ષની શરૂઆત ફીકી રહી છે. સત્તાવાર પત્ર મુજબ, પૂરતી ગ્રાન્ટ ન હોવાને કારણે ડિસેમ્બર-2025ના પગાર બિલો નિયત સમય મર્યાદા (23 ડિસેમ્બર) સુધીમાં તિજોરી કચેરીમાં રજૂ કરી શકાયા નથી. આ વિલંબ પાછળ વહીવટી બેદરકારી જવાબદાર હોવાનું મનાય છે. રાજ્ય સરકાર જ્યારે કરોડોના ખર્ચે કાર્યક્રમોના આયોજનમાં વ્યસ્ત છે, ત્યારે રક્ષકોને પોતાના પરિવારના ગુજરાન અને બેંકના હપ્તા ભરવા માટે પગારની રાહ જોવી પડશે. સૂત્રોના જણાવ્યા મુજબ, ગ્રાન્ટ રિલીઝ કરવામાં થયેલી આ વિલંબિત પ્રક્રિયાથી પોલીસ બેડામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પ્રશ્ન એ થાય છે કે શું સરકાર માટે ઉત્સવોની રોશની જવાનોના ઘરના ચૂલા કરતાં વધુ મહત્ત્વની છે?

# ગુજરાતમાં 10 વર્ષમાં 176.42 કરોડની નકલી નોટો પકડાઈ

## નકલી ચલણી નોટોના કારોબારમાં દેશમાં પ્રથમ નંબરે રહ્યું : કોંગ્રેસ

અમદાવાદ

ગુજરાતમાં છેલ્લાં 10 વર્ષ દરમિયાન રૂપિયા 176.42 કરોડથી વધુની 32.73 લાખ નકલી ચલણી નોટો પકડાઈ છે. નોટબંધી પછી ગુજરાતમાં નકલી ચલણી નોટોનો કારોબાર ઘટવાના બદલે વધ્યો છે. વર્ષ 2022માં સમગ્ર દેશમાંથી પકડાયેલી કુલ નકલી ચલણી નોટોમાં ગુજરાત સૌથી અગ્રેસર રહ્યું છે.

વર્ષ 2022માં દેશભરમાં પકડાયેલી કુલ નકલી નોટોમાં ગુજરાતનો હિસ્સો રાષ્ટ્રીય સ્તરે સૌથી વધુ રહ્યો હતો. તે વર્ષે રેકોર્ડ બ્રેક રૂપિયા 150 કરોડની 30 લાખથી વધુ નોટો પકડાઈ હતી. 2016માં નકલી નોટોના કારોબારને નેસ્ત



નાબૂદ કરવા નોટબંધીને નિષ્ફળ પ્રયોગ કરાયો હતો. પરંતુ તેનાથી વિપરીત 500 અને 2000 રૂપિયાની નકલી ચલણી નોટોનું ચલણ વધ્યું છે.

કોંગ્રેસ પ્રવક્તા ડૉ.મનિષ દોશીએ આક્ષેપ કર્યો હતો કે, ગુજરાત નકલી ચલણી નોટોના કારોબારમાં દેશમાં પ્રથમ નંબરે રહ્યું હોવા છતાં ગૃહ વિભાગ ગુનાખોરી ડામવાની ડીંગો હાંકી રહ્યુ છે. તેમણે માંગ કરી હતી કે, માત્ર આંકડા બતાવીને સંતોષ માનવાના બદલે સરહદ ઉપર સુરક્ષા વધુ કડક બનાવવામાં આવે. નકલી નોટો પકડવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે જેથી સંગઠિત ગુનાખોરીના નેટવર્કના મૂળ સુધી પહોંચી શકાય.

તેમણે ઉમેર્યું હતું કે, દેશમાં છેલ્લા પાંચ વર્ષમાં 11,05,400 નકલી નોટો પકડાઈ છે. 11 વર્ષમાં 6,36,992 કરોડના બેંક ગોટાળા થયા છે એટલે કે 416 ટકાનો વધારો થયો છે. નોટબંધી પછી છેલ્લાં 6 વર્ષમાં 500ની નકલી નોટોની સંખ્યામાં 291 ટકાનો વધારો થયો છે.

# હરિયાણા ફરિદાબાદમાં ગેંગરેપ બાદ પીડિતાને ૧૦ની સ્પીડે જતી વેનમાંથી રોડ ઉપર ફેંકી દેવાઈ

## પોલીસે બે આરોપીની ધરપકડ કરી, પીડિતા ભાનમાં આવ્યા બાદ કાર્યવાહી

**ફરિદાબાદ**

હરિયાણામાં ગુરુગ્રામ-ફરીદાબાદ રોડ પર અંજામ આપવામાં આવ્યો હતો. રાત્રે મહિલાને ઘરે ઝઘડો થયો હતો જેથી પોતાની મિત્રને ત્યાં જવા નીકળી હતી, બાદમાં રાત્રે ઘરે પરત ફરી રહી હતી ત્યારે અજાણ્યા શખ્સો ઈકો વેન લઈને પહોંચ્યા અને લિફ્ટ આપી. મહિલાએ વિશ્વાસ કરી લીધો અને વેનમાં બેસી ગઈ. બાદમાં ત્રણ કલાક સુધી વેનમાં તેને ફેરવતા રહ્યા, આ દરમિયાન બન્ને શખ્સો દ્વારા મહિલા પર ગેંગરેપ કરવામાં આવ્યો. ગુનેગારોએ વેનને પીડિતાના ઘર તરફ લઈ જવાના બદલે ગુરુગ્રામ રોડ તરફ લઈ પીડિતાને માર પણ માર્યો હતો. બાદમાં મહિલાને ફરિદાબાદના રાજા ચોક વિસ્તારમાં ચાલુ વાહને ફેંકી દેવાઈ હતી. પ્રાપ્ત જાણકારી અનુસાર જ્યારે મહિલાને વાહનમાંથી ફેંકવામાં આવી ત્યારે તે વાહનની સ્પીડ પ્રતિ કલાક ૯૦ કિમીની હતી. જેને પગલે મહિલાને ૧૨ જેટલા ટાકા આવ્યા, શરીરમાં અનેક અંગોએ ફ્રેક્ચર થયું અને હાલ અત્યંત ગંભીર સ્થિતિમાં સારવાર લઈ રહી છે. પોલીસે જણાવ્યું હતું કે મહિલાની સ્થિતિ એટલી કથળેલી છે કે તે કઈ બોલી શકે તેવી અવસ્થામાં નથી. પોલીસે હાલ બન્ને આરોપીઓની ધરપકડ કરી લીધી છે અને બન્નેએ પોતાનો ગુનો પણ કબુલ કરી લીધો છે. જે વેનમાં બળાત્કારને અંજામ અપાયો તેને પણ જપ્ત કરી લેવાઈ છે. પીડિતા ભાનમાં આવે તે બાદ બન્ને આરોપીઓની તેની સામે પરેડ કરાવવામાં આવશે, ઓળખ થઈ ગયા બાદ બન્ને આરોપીઓની વધુ વિગતો જાહેર કરાશે તેમ પોલીસે જણાવ્યું હતું.

# ભાજપ-શિવસેના સામસામે, 2 નગરપાલિકા માટે અલગ-અલગ ચૂંટણી લડવાની જાહેરાત

**મુંબઈ**

મહારાષ્ટ્રમાં બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણીને લઈને તમામ પક્ષોએ ધમધોકાર તૈયારીઓ કરવાની સાથે આક્ષેપ-પ્રતિઆક્ષેપ પણ શરુ કરી દીધા છે. ચોંકાવનારી વાત એ છે કે, ચૂંટણીને લઈને મહાયુતિના સાથી પક્ષો ભાજપ અને એકનાથ શિંદેની શિવસેના વચ્ચે ડખો ઊભો થયો હોવાના અહેવાલ સામે આવ્યા છે. હાલ મહાયુતિમાં ચૂંટણી માટે સીટ શેયરિંગની કવાયત ચાલી રહી છે, ત્યારે બંને પાર્ટીઓ વચ્ચે બે નગર પાલિકાને લઈ વિવાદ ઊભો થયો છે, જેના કારણે બંને પાર્ટી નેતાઓએ એકબીજા પર આક્ષેપો શરુ કરી દીધા છે. આ વિવાદ ઊભો થયા બાદ બંને પાર્ટીઓએ બે નગર પાલિકામાં સામ-સામે ઉમેદવાર ઊભા રાખવાની જાહેરાત કરી દીધી છે. સીટ શેયરિંગમાં બંને પાર્ટીઓને છત્રપતિ સંભાજીનગર અને પૂણે મહાનગર પાલિકામાં ઉમેદવાર ઊભા રાખવા છે, જેના કારણે હવે તેમણે બંને બેઠકો પર આમને-સામને ઉમેદવાર ઉતારવાની જાહેરાત કરી દીધી છે. બંને પાલિકાની બેઠક વહેંચણીનો વિવાદ ઊભો થયા બાદ હવે પાર્ટીના ધારાસભ્ય અને નેતાઓ પણ નારાજ થયા છે અને એકબીજા પર ગઠબંધન તોડવાનો આક્ષેપ-પ્રતિઆક્ષેપ કરી રહ્યા છે.

# DRDOએ એક જ લોન્ચરથી બે ‘પ્રલય’ મિસાઇલોનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું

## જર્મનીમાં રાહુલ ગાંધીનું વિવાદાસ્પદ નિવેદન આપ્યું

**બાલાસોર**

ભારતની સંરક્ષણ ક્ષમતામાં અભૂતપૂર્વ વધારો થયો છે. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશને (DRDO) આજે સ્વદેશી ‘પ્રલય’ મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે. ઓડિશાના ચાંદીપુર ખાતે દરિયાકાંઠેથી હાથ ધરવામાં આવેલા આ પરીક્ષણમાં એક જ લોન્ચર દ્વારા ટૂંકા સમયગાળામાં બે મિસાઈલો છોડી હતી.

ભારતે પોતાની અત્યાધુનિક ટેકનોલોજી અને ત્વરિત પ્રતિભાવ ક્ષમતાનું લોખંડી પ્રદર્શન કર્યું છે. આજે સવારે 10:30 વાગ્યે ઓડિશાના ચાંદીપુર ખાતેની ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ પરથી એક જ લોન્ચરથી બે મિસાઈલોનું બેક-ટુ-બેક પ્રક્ષેપણ કરવામાં આવ્યું હતું. બંને મિસાઈલોએ તેના પૂર્વનિર્ધારિત માર્ગ પરથી પસાર થઈને તમામ ટાર્ગેટને સફળતાપૂર્વક ભેદ્યા હતા. આ પરીક્ષણ સમયે DRDOના વૈજ્ઞાનિકોની સાથે ભારતીય વાયુસેના અને સેનાના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# સૌથી સ્વચ્છ શહેર ઈન્દોરમાં દૂષિત પાણીના કારણે 7 મોત, 149 બિમાર : અધિકારીઓ સામે કાર્યવાહી

**ઈન્દોર**

જે ઈન્દોર શહેરને ભારત સરકાર દ્વારા છેલ્લા ઘણાં વર્ષોથી સતત 'દેશના સૌથી સ્વચ્છ શહેર'નો ઍવૉર્ડ આપીને સન્માનિત કરવામાં આવે છે, એવામાં હવે ત્યાં જ વહીવટીતંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે. ઈન્દોરમાં પીવાના પાણીમાં ગટરનું પાણી ભળી ગયું. આ જળ પ્રદૂષણ સંકટે અત્યાર સુધીમાં 7 નિર્દોષ લોકોનો ભોગ લીધો છે.

તપાસમાં બહાર આવ્યું છે કે એક પોલીસ ચોકી પાસે પીવાના પાણીની મુખ્ય પાઈપલાઈનની બરાબર ઉપર સેફ્ટી ટેન્ક વગરનું શૌચાલય બનાવી દેવામાં આવ્યું હતું. આ બેદરકારીના કારણે ગટરનું ગંદુ પાણી પાઈપલાઈનના લીકેજ વાટે પીવાના શુદ્ધ પાણીમાં ભળ્યું અને આખરે તે લોકોના ઘર સુધી પહોંચ્યું. મેયર પુષ્યમિત્ર ભાર્ગવે આ ઘટનામાં 7 લોકોના મોતની પુષ્ટિ કરી છે, જ્યારે આરોગ્ય વિભાગ હાલમાં 3 સત્તાવાર મોત ગણાવી રહ્યું છે. અત્યાર સુધીમાં 149થી વધુ લોકો ગંભીર ઝાડા-ઊલટીના કારણે હૉસ્પિટલમાં દાખલ થયા છે, જેમાંથી 116 દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ છે.

ઈન્દોરની સ્વચ્છ શહેર તરીકેની પ્રતિષ્ઠિત છબીને આ ઘટનાથી મોટો ધક્કો લાગ્યો છે, જેને પગલે સ્થાનિક તંત્ર હવે સફાળું જાગીને એક્શન મોડમાં આવ્યું છે. તંત્ર દ્વારા આ ગંભીર બેદરકારી બદલ જવાબદારી નક્કી કરી કડક શિસ્તભંગના પગલાં લેવામાં આવ્યા છે, જેમાં વોટર સપ્લાય વિભાગના આસિસ્ટન્ટ એન્જિનિયરને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત, ફરજમાં નિષ્કાળજી બદલ સબ-એન્જિનિયરને પણ તેમની ફરજમાંથી મુક્ત કરવામાં આવ્યા છે.

# તોડબાજ ઈન્દ્રજીતને ત્યાંથી ઈડીને 5.12 કરોડ રોકડા અને સુટકેસ ભરીને હીરા-સોનું મળ્યા

## આરોપી કંપનીઓની કરોડોની લોન રિકવર કરાવતો અને બદલામાં મોટું કમિશન લેતો

**નવી દિલ્હી**

કેન્દ્રીય એજન્સી ઈડીને દરોડા દરમિયાન કરોડો રૂપિયા રોકડા, હીરા અને સોનાથી ભરેલી સુટકેસ મળી આવી છે. બુધવારે ઈડીની ટીમ દિલ્હીમાં એક મકાનમાં દરોડા પાડવા પહોંચી હતી, આ દરમિયાન ૫.૧૨ કરોડ રૂપિયા રોકડા, ૮.૮૦ કરોડ રૂપિયાની જ્વેલરી, હીરા, સોનું ભરેલી સુટકેસ મળી આવી છે. આ તમામ રૂપિયા ધાક ધમકીથી લોન રીકવરીનું કમિશન, ખંડણી વગેરેના હોવાના



અહેવાલો છે.

હરિયાણાના ઈન્દ્રજીત યાદવ સામેની મની લોન્ડરિંગની તપાસને લઈને ઈડી દ્વારા આ દરોડા પાડવામાં આવ્યા હતા. જે ઘર પર દરોડા પાડવામાં આવ્યા તે અમન કુમારનું હોવાનું સામે આવ્યું છે.

અમન કુમાર ઈન્દ્રજીત સાથે કામ કરતો હતો. બુધવારે સવારથી બેંકના કર્મચારીઓ રોકડા રૂપિયાની ગણતરી કરવાના મશીન લઈને પહોંચી ગયા હતા. રોકડા રૂપિયા, સુટકેસ ભરીને જ્વેલરી, સોનું, હીરા વગેરે ઉપરાંત એક બેગ ભરીને ચેકબૂક અને ૩૫ કરોડ રૂપિયા સાથે સંકળાયેલા અન્ય દસ્તાવેજો મળી આવ્યા છે. ઈન્દ્રજીત યાદવ પર ખંડણી સહિતના અનેક ગુનાના આરોપો છે.

# રાજસ્થાનના ટોંકમાં 150 કિલો વિસ્ફોટક લઈને જતી કાર પકડાઈ, બેની ધરપકડ

**જયપુર**

રાજસ્થાનના ટોંક જિલ્લામાં ભારે માત્રામાં વિસ્ફોટક મળી આવ્યું હતું. માહિતી અનુસાર પોલીસે એક કારમાંથી આશરે 150 કિલો જેટલું એમોનિયમ નાઈટ્રેટ જપ્ત કર્યું છે. આ ઉપરાંત પોલીસે 200 વિસ્ફોટક બેટરી અને 1100 મીટર જેટલું વાયર પણ કબજે લીધું છે. આ મામલે બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

ટોંકના ડીએસપી મૃત્યુંજય મિશ્રાએ કહ્યું કે એક મારુતિ સિયાઝ કારમાંથી આ વિસ્ફોટકનો જથ્થો મળી આવ્યો હતો. આ મામલે બે આરોપીઓને પકડીને પૂછપરછ શરૂ કરી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે હાલમાં સમગ્ર દેશમાં 2025ની વિદાય અને નવા વર્ષ 2026ના આગમનને લઈને અનેક કાર્યક્રમ-પાર્ટી યોજાવાના છે જેના પગલે કોઈ અણગમતી ઘટના ન બને તેવા ઉદ્દેશ્યથી પોલીસે કડક હાથે પેટ્રોલિંગ-તપાસ શરૂ કરી દીધી છે.

આરોપીઓની ઓળખ સુરેન્દ્ર ભંવરલાલ (48) અને સુરેન્દ્ર દુલીલાલ મોચી (33) તરીકે થઈ હતી. બંને કરવર બુંદીના રહેવાશી હતા. પોલીસે બંનેને પકડી પાડીને વિસ્ફોટક લાવ્યા ક્યાંથી અને ક્યાં લઈને જઈ રહ્યા હતા તે દિશામાં તપાસ શરૂ કરી હતી.

# નિમેસુલાઈડ પેઈન કિલરના 100 એમજીથી વધુના દરેક ડોઝ પર પ્રતિબંધ મૂકાયો

**નવી દિલ્હી**

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જાણીતી પેઈનકિલર દવા નિમેસુલાઈડ પર પ્રતિબંધ લગાવ્યો છે. આ પ્રતિબંધ ૧૦૦ એમજીથી વધુ પાવરવાળી નિમેસુલાઈડ દવા પર લગાવવામાં આવ્યો છે. સરકારે આરોગ્યલક્ષી જોખમોનો હવાલો આપતા આ નિર્ણય લીધો છે. આરોગ્ય મંત્રાલયે ડ્રગ ટેકનિકલ એડવાઈઝરી બોર્ડ સાથે સલાહમંત્રણા કર્યા પછી આ નિર્ણય લીધો છે. ડ્રગ એન્ડ કોસ્મેટિક્સ એક્ટની કલમ ૧૯૪૦ની જોગવાઈ ૨૬એ હેઠળ આ પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે, વધુ પ્રમાણમાં નિમેસુલાઈડનું સેવન જીવલેણ સાબિત થઈ શકે છે.

# મુંબઈમાં બેસ્ટની બસે અનેક લોકોને કચડ્યા 4ના મોત, 9ને ઈજા, આરોપી ડ્રાઈવરની ધરપકડ

**મુંબઈ**

સોમવારે રાત્રે મુંબઈના ભાંડુપ રેલ્વે સ્ટેશન નજીક એક મોટો અકસ્માત સર્જાયો છે, જેમાં એક બેસ્ટ બસ બેકાબૂ થઈ પલટી મારી જતાં મુસાફરો સાથે અથડાઈ છે, જેમાં ચાર લોકોના મોત થયા છે જ્યારે નવ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ડ્રાઈવરની ધરપકડ કરી લેવામાં આવી છે.

આ ઘટના 29 ડિસેમ્બરના રોજ રાત્રે 10:05 વાગ્યે ભાંડુપ પશ્ચિમના સ્ટેશન રોડ પર બની હતી. બેસ્ટ બસ રિવર્સ પડી રહી હતી ત્યારે ડ્રાઈવરે સ્ટેરિંગ પરથી કંટ્રોલ ગુમાવી દીધો હતો અને બસની રાહ જોઈને ઉભેલા મુસાફરોને કચડી નાખ્યા હતા. જેમાં 4 લોકોના કમકમાટીભર્યા મોત થયા છે જ્યારે 9 લોકોને ઈજા પહોંચતા



તેમણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘટનાની જાણ પોલીસ અને ફાયર વિભાગની ટીમોને કરવામાં આવી હતી, જે બાદ તેમણે તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી હતી. ઘટનાસ્થળે લોકોના ટોળે ટોળાં થઈ જતાં પોલીસે સ્થિતિ કાબૂમાં લીધી હતી, પોલીસે કયા કારણોસર અકસ્માત સર્જાયો તેની તપાસ શરૂ કરી છે.

# ન્યાય માટે 24 કલાક ખુલશે કોર્ટ, લીગલ ઈમરજન્સી અંગે CJIનો નિર્ણય

**નવી દિલ્હી**

CJI સૂર્યકાંતે સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટની સુનાવણી અંગે ઐતિહાસિક નિર્ણય લીધો છે. તેમણે કહ્યું છે કે 'લીગલ ઈમરજન્સી'ની સ્થિતિમાં કોઈપણ વ્યક્તિ ગમે તે સમયે અદાલતનો દરવાજો ખખડાવી શકે છે. હું પ્રયાસ કરી રહ્યો છું કે સર્વોચ્ચ અદાલત અને ઉચ્ચ અદાલતો જનતા માટે હંમેશા ઉપલબ્ધ રહે. અદાલતની કાર્યવાહી સ્થગિત થયા પછી પણ વ્યક્તિ લીગલ ઈમરજન્સીમાં કોર્ટ પહોંચી શકે." CJI સૂર્યકાંતના જણાવ્યા અનુસાર, જો તપાસ એજન્સીઓ દ્વારા ધરપકડની ધમકી આપવામાં આવે તો નાગરિકો મધરાતે પણ સુનાવણીની માંગ કરી શકે છે.

# અલ્મોડામાં બસ ખીણમાં ખાબકતાં 7નાં મોત, 12 ઘાયલ

## તીવ્ર વળાંક ધરાવતા ભિકિયાસૈન નજીક ખીણમાં પર્વતીય રસ્તા ઉપર બસના ચાલકે કાબૂ ગુમાવતા બસ ખીણમાં ખાબકી

**અલ્મોડા**

ઉત્તરાખંડના અલ્મોડા જિલ્લામાં એક ગંભીર અકસ્માત બસ ઊંડી ખીણમાં ખાબકતા સાત લોકોનાં મોત થયા હતા જ્યારે 12 ઘાયલ થયા હતા. પોલીસ પાસેથી ઘટનાની મળેલી વિગતો મુજબ અલમોડાના દ્વારહાટથી નૈનિતાલના રામનગર તરફ જઈ રહેલી એક બસ ભિકિયાસૈન નજીક ખીણમાં પડી ગઈ હતી. તીવ્ર વળાંક ધરાવતા પર્વતીય રસ્તા ઉપર બસના ચાલકે કાબૂ ગુમાવતા બસ ખીમમાં ખાબકી હતી. અલમોડાના વરિષ્ઠ પોલીસ અધિક્ષક દેવેન્દ્ર પિંચાએ જણાવ્યું કે, બસમાં 18થી 19 મુસાફરો હતા. ડ્રાઈવરે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા બસ ભિયિકાસૈનથી છ કિ.મી. ના અંતરે ઊંડી ખીણમાં પડી હતી. આ અકસ્માતમાં સાત લોકોના મોત થયા હતા જ્યારે 12 લોકો ઘાયલ થયા હતા.

અકસ્માતની જાણ થતા પોલીસ અને સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ફોર્સની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને રાહત તેમજ બચાવ કામગીરી હાથ ધરી હતી. ડ્રાઈવર સહિત ઘાયલ મુસાફરોને બહાર કાઢવામાં આવ્યા હતા અને તેમને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. અલમોડામાં બસ અકસ્માતની ઘટના પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાજ્યના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ શોક વ્યક્ત કર્યો હતો. સીએમ ધામીએ ફેસબુક પર હિન્દીમાં એક પોસ્ટ શેર કરીને જણાવ્યું હતું કે, બસ અકસ્માતમાં મૃત્યુ પામેલાના પરિવારજનોને હું સાંત્વના પાઠવું છું.

મૃતકોના પરિવારજનોને ઈશ્વર આ દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના. ઘાયલો ઝડપથી સારવાર થાય તેવી કામના. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અલમોડામાં થયેલા બસ અકસ્માતને દુઃખદ ગણાવ્યો હતો અને મૃતકો માટે શોક વ્યક્ત કર્યો હતો તેમજ તેમના સ્નેહીજનોને સાંત્વના પાઠવી હતી.



# પાંચ રાજ્યોમાં સત્તા માટે મહાજંગ, NDA કરતાં INDIA ગઠબંધન માટે અગ્નિપરીક્ષા

**નવી દિલ્હી**

વર્ષ 2025 ની વિદાય સાથે જ હવે દેશનું રાજકીય ધ્યાન વર્ષ 2026 પર કેન્દ્રિત થયું છે. આ નવું વર્ષ ભારતીય રાજકારણ માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થવાનું છે, કારણ કે દેશના 5 મુખ્ય રાજ્યો - પશ્ચિમ બંગાળ, આસામ, કેરળ, તમિલનાડુ અને પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે. આ ચૂંટણી જંગ ભાજપના નેતૃત્વવાળા NDA કરતાં વિપક્ષી INDIA ગઠબંધન માટે વધુ મોટી કસોટી સમાન માનવામાં આવે છે. વર્ષ 2026 ની શરૂઆત મહારાષ્ટ્રની BMC સહિત દેશના 29 મહાનગરોની મ્યુનિસિપલ ચૂંટણીઓથી થશે. ત્યારબાદ, એપ્રિલ અને નવેમ્બર 2026 દરમિયાન 75 રાજ્યસભા બેઠકો માટે પણ ચૂંટણી યોજાશે. આ ઉપરાંત, ઉત્તર પ્રદેશમાં પંચાયત ચૂંટણીઓ પણ છે, જેને 2027 ની યુપી વિધાનસભા ચૂંટણીની સેમિફાઈનલ માનવામાં આવે છે. આ તમામ પરિણામો દેશની આગામી રાજકીય દિશા નક્કી કરશે. પશ્ચિમ બંગાળ વિધાનસભાનો કાર્યકાળ 7 મે, 2026 ના રોજ પૂર્ણ થાય છે. અહીં એપ્રિલ-મે દરમિયાન ચૂંટણી યોજાઈ શકે છે.

# ઈન્ડિગોની મુશ્કેલીમાં ફરી વધારો થયો, GST વિભાગે રૂપિયા 458 કરોડની પેનલ્ટી ફટકારી

**નવી દિલ્હી**

સંચાલકીય કટોકટીનો સામનો કરી રહેલી દેશની સૌથી મોટી એરલાઈન્સ ઈન્ડિગોને વધુ એક ફટકો પડ્યો છે. દિલ્હી CGST કમિશનરેટના એડિશનલ કમિશનરે કંપનીને આશરે રૂ.458 કરોડની જીએસટી નોટિસ ફટકારી છે. લખનૌની જોઈન્ટ કમિશનર ઓફિસે પણ કંપનીને 2021-22 માટે આશરે રૂ.14.59 લાખનો દંડ કર્યો છે. જોકે કંપનીએ જીએસટી વિભાગના આ નિર્ણયને પડકારવાની જાહેરાત કરી હતી.

નિયમનકારી માહિતીમાં ઈન્ડિગોએ જણાવ્યું હતું કે દક્ષિણ દિલ્હી CGST કમિશનરેટના એડિશનલ કમિશનરે પેનલ્ટી ફટકારી છે. તે 2018-19થી 2022-23ના નાણાકીય વર્ષ માટે સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસિસ ટેક્સ એક્ટ, 2017ની કલમ 74 હેઠળના આકારણી આદેશ સંબંધિત છે. જીએસટી વિભાગે વિદેશી સપ્લાય પાસેથી મેળવેલા વળતર તથા ઈનપુટ ટેક્સ ક્રેડિટના ઈનકાર માટે વ્યાજ-દંડ સાથે જીએસટીની માગણી કરતો આદેશ પસાર કર્યો છે. જોકે કંપનીએ જણાવ્યું હતું કે તે દ્રઢપણે માને છે કે GST વિભાગનો આ આદેશ ખોટો છે અને કાયદા અનુસાર નથી, તેથી કંપની તેનો વિરોધ કરશે અને આદેશ સામે યોગ્ય કાનૂની ઉપાયો અપનાવશે.

કંપનીએ 2017-18ના નાણાકીય વર્ષ માટેના આવા જ મામલા સામે કમિશનર (અપીલ્સ)માં અપીલ કરી છે. કંપનીએ આદેશને પડકારવાનો નિર્ણય કર્યો હોવાથી આ આદેશની તેની નાણાકીય, સંચાલકીય અને બીજી પ્રવૃત્તિ પર કોઈ નોંધપાત્ર અસર થશે નહીં.

# EDએ બેંક લોન છેતરપિંડ મામલે બકિંગહામ પેલેસ પાસે રૂ.150 કરોડની મિલકત જપ્ત કરી

## એસ કુમાર્સ, તેના પૂર્વ CMD સાથે સંકળાયેલો રૂ.1,400 કરોડની છેતરપિંડીનો મામલો

**નવી દિલ્હી**

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ ટેક્સટાઈલ ક્ષેત્રની કંપની એસ કુમાર્સ નેશનવાઈડ લિમિટેડ અને તેના ભૂતપૂર્વ CMD નિતિન કાસલીવાલ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ અને કથિત બેંક લોન છેતરપિંડીના કેસમાં લંડનમાં બકિંગહામ પેલેસ નજીક રૂ.150 કરોડની સ્થાવર મિલકત જપ્ત કરી છે. કાસલીવાલ પર ભારતીય બેંકોના કન્સોર્ટિયમ (સમૂહ) સાથે રૂ. 1,400 કરોડની છેતરપિંડી કરવાનો આરોપ છે.




તપાસ એજન્સીએ જણાવ્યું હતું કે, આ મિલકત જપ્ત કરવા માટે મંગળવારે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ કામચલાઉ આદેશ જારી કરવામાં આવ્યો હતો. આ મિલકત નિતિન શંભુકુમાર કાસલીવાલ અને તેમના પરિવારના સભ્યોની "બેનિફિશિયલ ઓનરશિપ" હેઠળ છે. ફંડનું ડાયવર્ઝન: એજન્સીનો આરોપ છે કે કાસલીવાલે એસ કુમાર્સે બેંકો સાથે છેતરપિંડી કરી હતી અને વિદેશી રોકાણના બહાને નાણાં ભારતની બહાર મોકલ્યા હતા. આ નાણાંનો ઉપયોગ વિદેશમાં સ્થાવર મિલકતો ખરીદવા માટે કરવામાં આવ્યો હતો, જેને વિદેશી અધિકારક્ષેત્રોમાં ખાનગી ટ્રસ્ટો અને કંપનીઓના જટિલ માળખા થકી "છુપાવવામાં" આવ્યા હતા.

# નાસિક-સોલાપુર હાઈવે કોરિડોરને કેબિનેટની મંજૂરી, રૂપિયા 19,000 કરોડનો ખર્ચ કરાશે

**નાસિક**

ગુરુવારે એટલે કે 31 ડિસેમ્બરને બુધવારે મોદી કેબિનેટની બેઠક મળી, જેમાં બે મોટા નિર્ણયો લેવામાં આવ્યા છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આ અંગે જાહેરાત કરી કે 6 લેનવાળા નાસિક-સોલાપુર (અક્લકોટ) હાઈવે કોરિડોરને મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટ પર કામ 2 વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે. આ 374 કિલોમીટરના પ્રોજેક્ટનો ખર્ચ 19,142 કરોડ રૂપિયા થશે.

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે આ સુરત-ચેન્નાઈ હાઈ-સ્પીડ કોરિડોરનો એક ભાગ છે, જે પશ્ચિમ ભારતને દક્ષિણ



સાથે જોડે છે. તે નાસિક, અહિલ્યાનગર, ધારાસિવ અને સોલાપુર જિલ્લાઓને જોડશે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે તેમાં 27 મોટા અને 164 નાના પુલ હશે. આનાથી નાસિક અને સોલાપુર વચ્ચેનું અંતર 14% ઘટશે, જેનાથી મુસાફરીનો સમય 432 કિલોમીટરથી ઘટીને માત્ર 374 કિલોમીટર થશે.

# નવા વર્ષે દર્શને પહોંચ્યા GEN Z યુવાનો અયોધ્યા-કાશીમાં 3 કિમી લાંબી લાઈન

**અયોધ્યા**

વિવિધતાથી ભરેલા ભારત દેશમાં દરેક ધર્મના તહેવાર અને નવા વર્ષની ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે. ખાસ કરીને નવા વર્ષની શરૂઆત ભગવાનના દર્શન સાથે થાય એવું લોકો ઈચ્છતા હોય છે. વર્ષ 2026 શરૂ થઈ ગયું છે. ત્યારે વર્ષના પહેલા દિવસની શરૂઆત ભગવાનના દર્શન સાથે કરવા માટે શ્રદ્ધાળુઓ દેશના જાણીતા ધાર્મિક સ્થળો પર પહોંચી ગયા છે. દેશના અગ્રણી મંદિરોમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હોય તેવા દૃશ્યો જોવા મળ્યા છે.

ભગવાનના દર્શન સાથે નવા વર્ષની શરૂઆત કરવા માટે ભક્તો રાત્રે 12 વાગ્યે જ મંદિરની બહાર પહોંચી ગયા હતા. અયોધ્યા, વારાણસી, મથુરા-વૃંદાવન, શેરડી, અમૃતસરમાં ભક્તોનો મોટો જમાવડો જોવા મળ્યો હતો. અયોધ્યામાં રામ લલ્લા અને કાશીમાં બાબા વિશ્વનાથના દર્શન માટે શ્રદ્ધાળુઓની 2-2 કિમી લાંબી લાઈન જોવા મળી છે. આવા સંજોગોમાં કોઈ અણબનાવ ન બને તે માટે 3 કિમી સુધી બેરિકેડિંગ કરવામાં આવી છે. ભક્તોની ભીડને જોતા મંદિર પ્રશાસન દ્વારા પણ ભગવાનના દર્શનનો સમય વધારો દેવામાં આવ્યો છે. કડકડતી ઠંડીમાં પણ ભક્તો મોડી રાત્રે મંદિરો પર પહોંચી ગયા હતા. નવા વર્ષ Gen Z યુવાવર્ગમાં ભક્તિનો રંગ જોવા મળ્યો છે. અયોધ્યા, વારાણસી, કાશી-મથુરા ખાતે Gen Z યુવાનો મોટી સંખ્યામાં જોવા મળ્યા છે.

# ભાજપે ટિકિટ ન આપી તો નેતાજીએ નકલી ફોર્મ ભરી દીધું, છેવટે પક્ષે કરવી કાર્યવાહી પડી

**મુંબઈ**

મહારાષ્ટ્રમાં નગર પાલિકા ચૂંટણી 2026ને લઈને તમામ પાર્ટીઓ ખૂબ જ એક્ટિવ છે. તમામ પાર્ટીના નેતાઓ ટિકિટ મેળવવા માટે ધમપછાડા કરી રહ્યા છે. આ વચ્ચે ઘણા વૉર્ડમાં એક જ પક્ષના બે નેતાઓ પરસ્પર ટકરાઈ રહ્યા છે. તો બીજી તરફ કેટલાક નેતાઓ ચોરી-છુપકે પોતાની પાર્ટીનું નામ જણાવ્યા વિના જ ફોર્મ ભરી રહ્યા છે. હવે આવો જ એક મામલો મુંબઈના વૉર્ડ નંબર 173માંથી પણ આવ્યો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે અહીં ભાજપના એક નેતાએ નકલી એબી ફૉર્મ જોડીને ઉમેદવારી નોંધાવી દીધી છે. બાદમાં ખુલાસો થયો કે, ભાજપે તો તેમને ટિકિટ આપી જ નહોતી અને ત્યાંથી બીજા ઉમેદવારને પણ ચૂંટણી મેદાનમાં ઉતારી દેવામાં આવ્યો છે.

આ મામલે હવે ભાજપે ચૂંટણી પંચમાં ફરિયાદ કરી છે. ભાજપનો આરોપ છે કે કેકે શિલ્પા કેલુસ્કરે નકલી એબી ફૉર્મ ભરીને જોડી દીધું છે. ભાજપે તેમને કોઈ પણ ફૉર્મ ભરવા માટે નહોતું આપ્યું. ભાજપ મુંબઈ પ્રેસિડેન્ટ અમિત સાટમે આ મામલે ચૂંટણી પંચને પત્ર પણ લખ્યો છે.

પત્રની મદદથી મ્યુનિસિપલ ઈલેક્શન ડિસિઝન ઓફિસરને શિલ્પા કેલુસ્કરનું એબી ફૉર્મ અને તેમની ઉમેદવારી રદ કરી દેવા માટે કહેવામાં આવ્યું છે. ભાજપ તેમને ચૂંટણી માટે બિલકુલ પણ સપોર્ટ નથી કરી રહી. તમને જણાવી દઈએ કે, શિલ્પા કેલુસ્કરને ભાજપ દ્વારા એબી ફૉર્મ આપવામાં આવ્યું હતું.

# જર્મનીના ગેલ્સેકિર્ચેનમાં બેંકમાંથી રૂ. 316 કરોડની લૂંટ

## ગેરેજમાંથી બેન્કની અંડરગ્રાઉન્ડ તિજોરી સુધી સુરંગ જેવું ડ્રિલ કર્યું, મોટી બેગ સાથે શંકાસ્પદો જોવા મળ્યા હતા

**મ્યુનિચ**

હોલિવૂડની ફિલ્મ ઓસન્સ 11ની હાઈફાઈ લૂંટ સિનેપ્રેમીઓને ચોક્કસ યાદ હશે. હવે આ ફિલ્મને પણ શરમાવે તેવી ત્રણ કરોડ યુરો એટલે કે 316 કરોડ રૂપિયાની જંગી લૂંટ જર્મનીના ગેલ્સેકિર્ચેન શહેરમાં થઈ છે. લૂંટારુઓએ ક્રિસમસની રજાઓનો ફાયદો ઉઠાવીને બંધ બેન્કમાં આરામથી લૂંટ કરીને ત્રણ કરોડ યુરો શાંતિથી લઈને ચાલતા થયા હતા.

જર્મનીમાં મોટાભાગની દુકાનો, ક્રિસમસની પૂર્વસંધ્યાએ 24 ડિસેમ્બરના રોજ બંધ થઈ જાય છે. તેના પછી અઠવાડિયાની રજા હોય છે. પોલીસને ચોરીની ખબર જ 29મી ડિસેમ્બરના રોજ સવારે પડી. લૂંટારુઓ ત્રણ કરોડ યુરોની રોકડ અને મૂલ્યવાન સામગ્રીની ચોરી કરી હતી. પોલીસે મંગળવારે આ ચોરી અંગે જણાવ્યું હતું કે ગુનેગારો ગેલ્સેકિર્ચેનમાં સ્પાર્કાસે બેન્કની શાખામાં કોંક્રીટની મોટી દીવાલમાં ડ્રિલ કરીને અંદર ઘૂસ્યા હતા. તેમણે હજારો સુરક્ષિત



ડિપોઝિટ બોક્સમાંથી રકમ ચોરી હતી.

ચોરોએ ત્રણ હજારથી પણ વધારે તિજોરીઓ તોડવામાં સફળતા મેળવી હતી. પોલીસે જણાવ્યું હતું કે શંકાસ્પદોએ પાસેના પાર્કિંગ ગેરેજમાંથી ડ્રિલ કર્યુ હતુ અને અંડરગ્રાઉન્ડ તિજોરીવાળા રૂમમાં પ્રવેશ કર્યો અને માનવામાં આવે છે કે ચોરોએ બેન્કમાં જ અઠવાડિયા જેટલો સમય વીતાવ્યો હતો. અહીં તેમણે એકદમ શાંતિથી એક પછી એક હજારો તિજોરીઓ તોડી.

નજરે જોનારાઓએ પોલીસને જણાવ્યું હતું કે તેમણે સોમવારે સવારે પાર્કિંગ ગેરેજની સીડીઓમાંથી ઘણા લોકોને મોટી-મોટી બેગ લઈ જતાં જોયા હતા. સુરક્ષા કેમેરાની ફૂટેજમાં પણ એક બ્લેક ઓડી ગેરેજમાંથી નીકળતી જોવા મળી હતી. તેમા નકાબ પહેરેલા લોકો સવાર હતા. તપાસકર્તાઓએ જણાવ્યું હતું કે કારની નંબર પ્લેટ હનોવેર શહેરમાંથી ચોરાઈ હતી. પોલીસે જણાવ્યું હતું કે ચોરોએ આ ઓપરેશનને એકદમ પ્રોફેશનલ રીતે અંજામ આપ્યો હતો. તેમણે તેની તુલના ઓસન્સ 11ની ચોરી સાથે કરી હતી. આ ગુનો વ્યાપક પાયા પર આયોજન કરીને એકદમ કાબેલ નિષ્ણાતો દ્વારા આચરવામાં આવ્યો હતો. સોમવારે બેન્ક ખુલી ત્યારે ખાતા ખાલી જોતાં ખાતાધોરકોએ દેકારો મચાવ્યો હતો.

# USએ UNના માનવતાવાદી કાર્યો માટે બે અબજ ડોલરની સહાય જાહેર કરી

**જિનીવા**

અમેરિકાએ સોમવારે સંયુક્ત રાષ્ટ્રના માનવતાવાદી કાર્યો માટે 2 અબજ ડોલરની સહાય કરવાની જાહેર કરી. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વહિવટીતંત્ર દ્વારા એકબાજુ અમેરિકાની વિદેશી સહાયમાં સતત કપાત કરવામાં આવી રહી છે અને બીજી બાજુ સંયુક્ત રાષ્ટ્રની એજન્સીઓને નવી નાણાકીય વાસ્તવિકતાઓને ધ્યાનમાં રાખીને "અનુકૂળ થાઓ, સંકુચિત થાઓ અથવા અસ્તિત્વ ગુમાવો" તેવી ચેતવણી આપવામાં આવી રહી છે એવા સમયે પ્રમુખ ટ્રમ્પ દ્વારા આ મુજબની જાહેરાત કરાઈ હોવાથી તેનું મહત્વ અનેકગણું વધી ગયું છે.

આ રકમ ભૂતકાળમાં અમેરિકા દ્વારા આપવામાં આવેલી સહાયની સરખામણીમાં બહુ નાનો હિસ્સો છે, પરંતુ વહિવટીતંત્રના મતે આ ઘણી મોટી રકમ છે, જેનાથી માનવતાવાદી સહાય આપનાર દેશ તરીકે અમેરિકાનો વિશ્વમાં અગ્રણી દરજ્જો જળવાઈ રહેશે. આ જાહેરાત અંતર્ગત સંયુક્ત ફંડ બનાવવામાં આવશે, જેમાંથી વિવિધ એજન્સીઓ અને પ્રાથમિકતાઓ માટે રકમ ફાળવવામાં આવશે.

# અમેરિકામાં 60 હજાર ડોલરના પાર્સલ કાંડમાં પકડાયેલા ગુજરાતી સ્ટૂડન્ટને સજાનું એલાન

## ગુનો કબૂલ કરવા સાથે શુભમે પોલીસને તપાસમાં પૂરો સહકાર આપવાની આપી ખાતરી

**કલિફોર્નિયા**

હર્ષિલ પટેલ અને શુભમ પટેલ નામના બે ગુજરાતી સ્ટૂડન્ટ્સ પણ અનેક સપનાં સાથે સ્ટૂડન્ટ વિઝા પર અમેરિકા ગયા હતા પરંતુ ત્યાં જઈને ડોલર કમાવવાની લાલચમાં જાણે-અજાણે પાર્સલ કાંડમાં સામેલ થઈ ગયેલા આ બંને છોકરાની જૂન 09ના રોજ એક વિક્ટિમને ત્યાંથી કેશ અથવા ગોલ્ડથી ભરેલું પાર્સલ ઉઠાવવાના પ્રયાસમાં રંગેહાથ ધરપકડ કરવામાં આવી હતી અને તેમને બોન્ડ પર છોડી દેવાનો પણ ઈનકાર કરી દેવાયો હતો. એવું પણ કહેવાય છે કે હર્ષિલ અને શુભમ ઉત્કર્ષ મિશ્રા નામના અન્ય એક ઈન્ડિયનના કહેવાથી પાર્સલ ઉઠાવવા અલાસ્કા ગયા હતા પરંતુ ઉત્કર્ષ આજ દિન સુધી પોલીસના હાથમાં નથી આવ્યો. જ્યારે તેનું કામ કરવા ગયેલા બંને ગુજરાતી હવે ડિપોર્ટેશનનો સામનો કરી રહ્યા છે. આ કેસની તપાસમાં FBIને પણ સામેલ કરવામાં આવી હતી.

આ મામલામાં અલાસ્કાના પીટર્સબર્ગમાંથી અરેસ્ટ થયેલા શુભમ પટેલે ઓક્ટોબરમાં ચોરીનો ગુનો કબૂલ કરી લીધા બાદ ડિસેમ્બર 08ના રોજ તેને સજાનું એલાન કરવામાં આવ્યું હતું. ગુનો કબૂલ કરવાની સાથે શુભમે પોલીસને તપાસમાં પૂરો સહકાર આપવાની ખાતરી આપ્યા બાદ તેની સામેના બે ચાર્જિસ પડતા મૂકાયા હતા અને આખરે તેને સેકન્ડ ડિગ્રી થેફ્ટના ફેલોની ચાર્જમાં કસૂરવાર ઠેરવી 364 દિવસની જેલની સજા ફટકારવામાં આવી હતી.

# સિંગલ કલરનાં એલિગન્ટ આઉટફિટનો નવો ટ્રેન્ડ

આજના સમયમાં મહિલાઓ માટે ફેશનમાં સૌથી વધારે લોકપ્રિય બનેલો એક સુંદર અને ક્લાસી ટ્રેન્ડ છે. સિંગલ કલર આઉટફિટ, જેને 'મોનોક્રોમ લુક' પણ કહેવામાં આવે છે. આ ટ્રેન્ડનો મુખ્ય લાભ એ છે કે એ સરળ છે, પણ દેખાવમાં ખૂબ જ એલિગન્ટ અને સોફિસ્ટિકેટેડ લાગે છે. એક જ રંગનાં કપડાં પહેરવાથી સંપૂર્ણ લુક ખૂબ સંતુલિત અને સુવ્યવસ્થિત દેખાય છે, જેને કારણે આ ટ્રેન્ડ ઝડપથી યુવા પેઢીથી લઈને પ્રોફેશનલ મહિલાઓ સુધી લોકપ્રિય થઈ રહ્યો છે.



સિંગલ કલર આઉટ ફિટનો મોટો ફાયદો એ છે કે તે ક્યાંય પણ અને ક્યારે પણ કેરી કરી શકાય છે. ઓફિસ, કોલેજ, પાર્ટી, ફંક્શન, શોપિંગ કે ડેઈલી રૂટિન દરેક પ્રસંગે આ સ્ટાઈલ સરસ રીતે મેચ થાય છે. ઉદાહરણ તરીકે, સફેદ, કાળો, બેઝ, બ્રાઉન અથવા ગ્રે રંગના મોનોક્રોમ લુક બહુ ક્લાસી લાગે છે. બીજી તરફ લાલ, પીળો, મેજેન્ટા, બ્લૂ કે ગ્રીન જેવા બોલ્ડ રંગો તમને વધુ સ્ટાઈલિશ અને આત્મવિશ્વાસપૂર્ણ દેખાડે છે. એક જ રંગના વિવિધ શેડ્સ મિક્સ કરીને પણ મોનોક્રોમ લુક સુંદર રીતે રચી શકાય છે. આ ટ્રેન્ડની બીજી વિશેષતા એ છે કે તે યંગ અને બોલ્ડ લુક આપે છે. આ પ્રકારના રંગમાં તમે સ્લિમ દેખાઓ છો, એટલે ઘણા ફેશન એક્સપર્ટ્સ મહિલાઓને સ્પેશિયલ ઈવેન્ટ્સ અથવા ફોટોશૂટ માટે મોનોક્રોમ આઉટફિટ પસંદ કરવાની સલાહ આપે છે. ફેબ્રિક અને ટેક્સ્ચર પણ અહીં મોટી ભૂમિકા ભજવે છે. જો તમે એક જ રંગમાં વિવિધ ટેક્સ્ચર પસંદ કરો, જેમ કે કોટન, સિલ્ક, ડેનિમ, સાટિન, નેટ વગેરે જે વધુ રિચ અને સ્ટાઈલિશ લાગે છે. સિંગલ કલર લુકમાં એક્સેસરીઝનો ઉમેરો લુકને વધુ કમ્પ્લીટ બનાવે છે. સાદા આઉટફિટ સાથે કોન્ટ્રાસ્ટ કલરની હેન્ડબેગ, બેલ્ટ, ફૂટવેર અથવા મિનિમલ જ્વેલરી આખા લુકને ક્લાસી અને બેલેન્સ બનાવે છે, પરંતુ વધારે એક્સેસરીઝ મોનોક્રોમની સિમ્પલિસિટી બગાડી શકે છે. આ રીતે જોવામાં આવે તો સિંગલ કલર આઉટફિટ મહિલાઓ માટે ઓર્ડિનરી ટ્રેન્ડ નથી, પરંતુ એક ટાઈમલેસ, એલિગન્ટ ફેશન પસંદગી છે.

# કેનેડાના રોજગાર બજારમાં 2026માં મંદીનો ભય : ભરતી મેનેજરોમાં આશાવાદ ઘટ્યો

## સરવે કરાયો, ટ્રેડ-વૉર અને આર્થિક મંદીને કારણે નવા વર્ષમાં માત્ર 17% મેનેજરો જ 'આશાવાદી'

નવા પ્રકાશિત થયેલા ડેટા અનુસાર નવું વર્ષ નોકરી શોધનારાઓ માટે વધુ એક પડકારજનક વાતાવરણ બનવાની તૈયારીમાં છે. કારણ કે સર્વેમાં સામેલ ભરતી મેનેજરોમાંથી એક ક્વાર્ટર કહે છે કે, તેઓ 2026માં વધુ કામદારોને નોકરી પર રાખવાની તેમની ક્ષમતા અંગે "સાવધ" છે.

આ પછી 2025 કેનેડિયનો માટે મુશ્કેલ રોજગાર બજાર તરીકે ચિહ્નિત થયું છે. કારણ કે, વેપાર યુદ્ધ અને ટેરિફે અર્થતંત્રને અસર કરી હતી, જેના કારણે છટણી થઈ હતી અને ઘણા ક્ષેત્રોમાં ભરતીમાં ઘટાડો થયો હતો.

કેનેડિયન વ્યવસાયો સાવચેતીભર્યા આશાવાદ સાથે 2026માં પ્રવેશ કરી રહ્યા છે, પરંતુ ભરતીના અનેક પડકારોનો સામનો કરવાની અપેક્ષા રાખે છે, એમ એક્સપ્રેસ એમ્પ્લોયમેન્ટ પ્રોફેશનલ્સે એક સર્વે રિપોર્ટમાં જણાવ્યું હતું. આંતરરાષ્ટ્રીય ભરતી અને સ્ટાફિંગ ફર્મ, એક્સપ્રેસ એમ્પ્લોયમેન્ટ પ્રોફેશનલ્સે સોમવારે તેના હેરિસ પોલ સર્વેના પરિણામો જાહેર કર્યા હતા, જેમાં નવેમ્બરમાં 500થી વધુ કેનેડિયન ભરતી મેનેજરોને 2026ના પ્રથમ છ મહિના માટે તેમના દૃષ્ટિકોણ વિશે પૂછવામાં આવ્યું હતું. સર્વેના ઉત્તરદાતાઓને "સકારાત્મક" અને "નકારાત્મક" શબ્દોની સૂચિમાંથી પસંદ કરવાનું કહેવામાં આવ્યું હતું, અને તે પસંદ કરવાનું કહેવામાં આવ્યું હતું કે કયા શબ્દો તેમને આગામી વર્ષ વિશે કેવું લાગ્યું તે શ્રેષ્ઠ રીતે વર્ણવે છે.

સત્તર ટકા ઉત્તરદાતાઓએ તેમના ભરતીના દૃષ્ટિકોણનું વર્ણન કરવા માટે "આશાવાદ" અને "આત્મવિશ્વાસ" જેવા સકારાત્મક શબ્દોનો ઉપયોગ કર્યો હતો. પરંતુ પરિણામો અનુસાર, તેમની એકંદર હકારાત્મકતા એક વર્ષ અગાઉના 71 ટકાથી ઘટી છે.

લગભગ અડધા ઉત્તરદાતાઓ, 47 ટકા, નકારાત્મક શબ્દોનો ઉપયોગ કર્યો હતો, જેમાં 25 ટકા લોકોએ "સાવધ" શબ્દ પસંદ કર્યો હતો.

# ટોરન્ટોમાં કેરળના પાદરી જેમ્સ ચેરિકલની અટક : બાળકીઓના યૌન શોષણનો આરોપ

**ટોરન્ટો**

કેનેડામાં કેરળના મૂળ નિવાસી કેથોલિક પાદરી જેમ્સ ચેરિકલની સગીર બાળકીઓના યૌન ઉત્પીડનના ગંભીર આરોપ હેઠળ ધરપકડ કરવામાં આવી છે. આ ઘટના બાદ ટોરન્ટોના આર્ચડાયોસીસ દ્વારા તેમને પાદરીના પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે. 60 વર્ષીય ફાધર જેમ્સ ચેરિકલ કેરળના કોઝિકોડના વતની છે અને તેઓ સિરો-મલાબાર ચર્ચ



સાથે સંકળાયેલા છે. તેઓ વર્ષ 1997થી કેનેડામાં વિવિધ પેરિશમાં સેવા આપી રહ્યા હતા. છેલ્લા એક વર્ષથી તેઓ 'સેન્ટ જેરોમ ચર્ચ'માં કાર્યરત હતા. ધરપકડના સમાચાર મળતા જ સેન્ટ જેરોમ ચર્ચ દ્વારા 25 ડિસેમ્બરથી 3 જાન્યુઆરી 2025 સુધીની તમામ પ્રાર્થના સભાઓ રદ કરી દેવામાં આવી છે. કેનેડા જતા પહેલા તેમણે કેરળના થામરસેરી ધર્મપ્રાંતમાં પણ વિવિધ હોદ્દાઓ પર કામ કર્યું હતું.

તેમણે કેનેડામાં રહેતા કેરળના કેથોલિક પ્રવાસીઓ માટેના મિશનમાં પણ મહત્વની ભૂમિકા ભજવી હતી. આ ઘટનાને કારણે વિદેશમાં વસતા ભારતીય કેથોલિક સમુદાય અને ધાર્મિક સંસ્થાઓની છબી પર મોટો પ્રહાર થયો છે.

# ટીમ ઈન્ડિયાનું 2026નું શેડ્યૂલ જાહેર : ન્યુઝીલેન્ડ સામે જંગથી શરૂઆત થશે

## જાન્યુઆરીમાં ન્યુઝિલેન્ડ સામે વન ડે સિરીઝ બાદ ટીમ ફેબ્રુઆરીમાં વર્લ્ડ કપ સ્પર્ધામાં ભાગ લેશે : જુલાઈમાં ઇંગ્લેન્ડ પ્રવાસ

મુંબઈ : નવા વર્ષ 2026માં ભારતીય ખેલાડીઓ દર મહિને મેદાન પર રમતા જોવા મળશે. છેલ્લા ઘણા વર્ષોથી ચાલી રહેલો આ સિલસિલો 2026માં પણ યથાવત રહેશે. ભારતીય ટીમ અથવા તેના ખેલાડીઓને તમે દર મહિને ક્રિકેટ રમતા જોવા મળશે. T20 વર્લ્ડ કપ 2026થી લઈને એશિયન ગેમ્સ 2026 સુધી બંને આ વર્ષે યોજાવાના છે. આમ ભારતીય ક્રિકેટ ટીમ આ વર્ષે પણ ખૂબ જ વ્યસ્ત રહેશે. ટીમ ઈન્ડિયા નવા વર્ષ 2026ની શરૂઆત ન્યુઝીલેન્ડ સામે ત્રણ મેચની વનડે સીરિઝ સાથે કરશે. આ સીરિઝ 11 જાન્યુઆરી, 2026ના રોજ શરૂ થશે. બીજી વનડે 14 જાન્યુઆરીએ અને ત્રીજી 18 જાન્યુઆરીએ રમાશે. ત્યારબાદ ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે પાંચ મેચની T20 ઈન્ટરનેશનલ સીરિઝ રમાશે. પહેલી T20 મેચ 21 જાન્યુઆરીએ, બીજી 23 જાન્યુઆરીએ, ત્રીજી 25 જાન્યુઆરીએ, ચોથી 28 જાન્યુઆરીએ અને પાંચમી 31 જાન્યુઆરીએ રમાશે.

ફેબ્રુઆરીમાં ટીમ ઈન્ડિયા T20 વર્લ્ડ કપ 2026માં વ્યસ્ત રહેશે. આ મેગા ઈવેન્ટની શરૂઆત 7 ફેબ્રુઆરીથી થશે. પહેલા દિવસે ભારત યુએસએ, 12 ફેબ્રુઆરીએ નામિબિયા, 15 ફેબ્રુઆરીએ પાકિસ્તાન અને 18 ફેબ્રુઆરીએ નેધરલેન્ડ્સ સામે ટકરાશે. ત્યારબાદની મેચોનું શેડ્યૂલ ભારતીય ટીમ સુપર 8 તબક્કામાં પહોંચે છે કે નહીં તેના પર નિર્ભર રહેશે. જૂનમાં અફઘાનિસ્તાન સામે ઘરઆંગણે એક ટેસ્ટ અને ત્રણ વનડે મેચની સીરિઝ રમશે. શેડ્યૂલ હજુ સુધી ફાઈનલ નથી થયું.

જુલાઈમાં ઈંગ્લેન્ડના પ્રવાસ પર જશે, જ્યાં તેઓ યજમાન ટીમ સામે 5 મેચની T20I અને 3 મેચની વન-ડે સીરિઝ રમશે. ઓગસ્ટ મહિનામાં બે મોચની ટેસ્ટ સીરિઝ રમવા માટે શ્રીલંકા જશે. આ ભારતની 2026ની પહેલી ટેસ્ટ સીરિઝ હશે, જે ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2025-27 ચક્રનો એક ભાગ પણ છે. આ સીરિઝનું શેડ્યૂલ હજુ નક્કી નથી થયું.

સપ્ટેમ્બરમાં અફઘાનિસ્તાન સામે ત્રણ મેચની T20 ઈન્ટરનેશનલ સીરિઝ રમી શકે છે. FTPમાં આ સીરિઝનો ઉલ્લેખ છે, જે સંભવતઃ UAEમાં રમાશે. UAE જ અફઘાનિસ્તાન ટીમની યજમાન છે અને આ ભારત માટે અવે સીરિઝ હશે. ઓક્ટોબરથી નવેમ્બર દરમિયાન 2 ટેસ્ટ, 3 વનડે અને 6 ટી20 ઈન્ટરનેશનલ મેચોની સીરિઝ રમવા માટે ન્યુઝીલેન્ડનો પ્રવાસ કરશે. આ મેચો લગભગ એક મહિનાના સમયગાળામાં રમાશે, જે ઓક્ટોબરના અંતમાં શરૂ થશે અને નવેમ્બરના અંત સુધી ચાલશે.

ડિસેમ્બર 2026માં શ્રીલંકા સામે ઘર આંગણે ત્રણ મેચોની વનડે સીરિઝ અને 3 T20 મેચની સીરિઝ રમશે. આ સીરિઝને હજુ એક વર્ષનો સમય બાકી છે.

# વર્ષના છેલ્લાં દિવસે ICC ટેસ્ટ ક્રિકેટનું રેન્કિંગ જાહેર : ટોપ-5માં એક પણ ભારતીય બેટર નહીં

### જસપ્રીત બૂમરાહ વિશ્વનો નંબર 1 બોલર : ટોપ-10 બેટરમાં બે ભારતીય ખેલાડી

**દુબઈ**

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ વર્ષ 2025ના છેલ્લા દિવસે ટેસ્ટ ક્રિકેટનું રેન્કિંગ જાહેર કર્યું છે. હેરાનીભરી વાત એ છે કે ટેસ્ટમાં બેટરની રેન્કિંગમાં ટોપ 5માં કોઈ પણ ભારતીય ખેલાડીનો સમાવેશ થયો નથી, જ્યારે બોલિંગ ફોર્મેટમાં જસપ્રીત બૂમરાહ વિશ્વનો નંબર 1 બોલર તરીકે પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. ICCના નવા રેન્કિંગ



મુજબ ટેસ્ટ ક્રિકેટમાં ઈંગ્લેંડનો જો રુટ નંબર એક બેટર બન્યો છે. તે બાદ બીજા સ્થાને હેરી બ્રુક, ત્રીજા સ્થાને ન્યુઝીલેન્ડનો કેન વિલિયમસન અને ચોથા સ્થાને ઓસ્ટ્રેલિયાનો ટ્રેવિસ હેડ અને પાંચમા સ્થાને સ્ટીવ સ્મિથ છે. તો બીજી તરફ ICC ટેસ્ટ બોલિંગના રેન્કિંગમાં જસપ્રીત બૂમરાહ ટોચના સ્થાને યથાવત છે. ઓસ્ટ્રેલિયાનો મિશેલ સ્ટાર્ક બીજા ક્રમે છે જેણે એક સ્થાનનો ફાયદો મળ્યો છે. પાકિસ્તાનનો નોમાન અલી બે ક્રમના ફાયદા સાથે ત્રીજા નંબરે છે. ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સ બે સ્થાન નીચે સરકીને ચોથા ક્રમે છે. ન્યુઝીલેન્ડના મેટ હેનરી પાંચમા ક્રમે છે.

# ‘બાંગ્લાદેશ કોઈ દુશ્મન દેશ નથી, મુસ્તાફિઝુર IPLમાં રમશે’, વિરોધ વચ્ચે BCCIનું નિવેદન

**મુંબઈ**

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે બગડતા રાજદ્વારી સંબંધો છતાં, ફાસ્ટ બોલર મુસ્તફિઝુર રહેમાનના ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026માં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) માટે રમવાની સંભાવના યથાવત્ છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ હાલમાં બાંગ્લાદેશી ખેલાડીઓ પર પ્રતિબંધ લગાવવાનો ઈનકાર કરતાં ‘વેઈટ એન્ડ વૉચ’ ની નીતિ અપનાવી છે અને આ મામલે સરકારના



નિર્દેશોની રાહ જોઈ રહ્યું છે.

IPL 2026ની મિની-ઓક્શનમાં વેચાનારા મુસ્તફિઝુર રહેમાન એકમાત્ર બાંગ્લાદેશી ખેલાડી હતો. તેને કોલકાતા નાઈટ રાઈડર્સે 9.20 કરોડની મોટી રકમમાં ખરીદ્યો હતો. જોકે, આ ખરીદી બાદ KKRને સોશિયલ મીડિયા પર આકરી ટીકાનો સામનો કરવો પડી રહ્યો છે. ચાહકો અને કેટલાક રાજકીય નેતાઓએ બાંગ્લાદેશમાં પ્રવર્તમાન રાજકીય અસ્થિરતા અને ભારત વિરોધી ભાવનાઓને કારણે બાંગ્લાદેશી ખેલાડીઓના IPLમાં રમવા પર સવાલ ઉઠાવ્યા છે.

BCCIએ સ્પષ્ટ કર્યું છે કે તે ભારત સરકારના આદેશ વિના બાંગ્લાદેશી ખેલાડીઓ પર કોઈ પ્રતિબંધ નહીં લગાવે.




# ભારતે શ્રીલંકાને 15 રનથી હરાવ્યું, વર્લ્ડ કપ પહેલા 5-0થી સીરિઝ જીતી

**તિરુવનંતપુરમ**

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે મંગળવારે(30 ડિસેમ્બર) તિરુવનંતપુરમના ગ્રીનફીલ્ડ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં શ્રીલંકાને અંતિમ T20 મેચમાં 15 રનોથી હરાવ્યું. આ જીત સાથે જ ભારતીય ટીમે સીરિઝ 5-0થી પોતાના નામે કરી લીધી છે. આ મેચમાં શ્રીલંકાએ ટોસ જીતીને પહેલા બોલિંગ પસંદ કરી હતી. ભારતીય ટીમે શ્રીલંકાને 176 રનોનો ટાર્ગેટ આપ્યો હતો. હરમનપ્રીત કૌરે શાનદાર ફિફ્ટી ફટકારી હતી. જેના જવાબમાં શ્રીલંકાની ટીમ 160 રન જ બનાવી શકી. ભારતીય ટીમની આ જીત એટલા માટે પણ ખાસ છે કારણ કે ભારતને આગામી વર્ષ એટલે કે 2026માં T20 વર્લ્ડકપ રમાવાનો છે. તેની તૈયારી માટે આ સીરિઝ મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી હતી. 176 રનના જવાબમાં શ્રીલંકાની શરૂઆત નબળી રહી, બીજી ઓવરમાં કેપ્ટન ચમારી અટાપટ્ટુ આઉટ થઈ ગઈ. તેના ફક્ત 2 રન બનાવ્યા. જોકે, ત્યારબાદ હસીની પરેરા અને દુલ્હાની વચ્ચે એક નોંધપાત્ર ભાગીદારી બની. આ જોડીએ સ્કોર 86 સુધી પહોંચાડ્યો અને ભારતને 12મી ઓવરમાં બીજી સફળતા મળી. જ્યારે દુલ્હાનીની વિકેટ પડી. શ્રીલંકાને છેલ્લી બે ઓવરમાં 34 રનની જરૂર હતી. જોકે, શ્રીલંકા ફક્ત 160 રન જ બનાવી શક્યું, અને ભારતે 15 રનથી મેચ જીતીને સીરિઝ 5-0થી પોતાના નામે કરી. સ્મૃતિ મંધાના આ મેચમાં રમી ન હતી. ભારતની શરૂઆત સારી નહોતી. શેફાલી વર્મા બીજી ઓવરમાં માત્ર 5 રન બનાવીને આઉટ થઈ ગઈ. ત્યારબાદ ડેબ્યૂ કરનાર કમલિનીએ ઈનિંગ્સને સ્થિર કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ પાંચમી ઓવરમાં 12 રન બનાવીને તેની વિકેટ ગુમાવી દીધી. જોકે, હરમનપ્રીતે શાનદાર ઈનિંગ રમી 43 બોલમાં 68 રન બનાવ્યા હતા.

# ઓસ્ટ્રેલિયાનો સ્ટાર ક્રિકેટર ડેમિયન માર્ટિન કોમામાં

**સિડની**

ઓસ્ટ્રેલિયનો પૂર્વ સ્ટાર ક્રિકેટર ડેમિયન માર્ટિન હાલમાં મેનિનઝાઈટિસ જેવી જીવલેણ બીમારીથી પીડાઈ રહ્યો છે અને તેને ઈન્ડ્યૂસ્ડ કોમા (કૃત્રિમ કોમા)માં રાખવામાં આવ્યો છે. 54 વર્ષીય માર્ટિનને 26 ડિસેમ્બરના રોજ તબિયત લથડતા ગંભીર હાલતમાં બ્રિસ્બેનની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. માર્ટિનને મેનિનઝાઈટિસ છે, આ બીમારીમાં વ્યક્તિના મગજ અને કરોડરજ્જુની આસપાસના પટલમાં સોજો આવી જાય છે. તે મગજમાં સોજાનું કારણ બની શકે છે અને જીવલેણ સાબિત થઈ શકે છે. ઓસ્ટ્રેલિયાના પૂર્વ વિકેટકીપર-બેટ્સમેન અને માર્ટિનના નજીકના મિત્ર એડમ ગિલક્રિસ્ટે તેમના પરિવાર વતી જનતાને માહિતી આપી હતી કે માર્ટિનની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

# T-20 વર્લ્ડ કપ માટે ઓસ્ટ્રેલિયન ટીમની જાહેરાત, કમિન્સની વાપસી

આગામી T20 વર્લ્ડ કપ માટે ઓસ્ટ્રેલિયાએ મિશેલ માર્શની કેપ્ટનશીપ હેઠળ પોતાની 15 સભ્યોની ટીમની જાહેરાત કરી દીધી છે. પસંદગીકારોએ શ્રીલંકા અને ભારતીય પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને ટીમમાં સ્પિન બોલિંગના વિકલ્પો પર વધુ ભાર મૂક્યો છે. આ ટીમમાં કેટલાક નવા ચહેરાઓને તક આપવામાં આવી છે, જ્યારે ફિટનેસની સમસ્યાઓનો સામનો કરી રહેલા સિનિયર ખેલાડીઓ પર પણ વિશ્વાસ યથાવત રાખવામાં આવ્યો છે.

ઓસ્ટ્રેલિયાના તમામ ગ્રુપ સ્ટેજ મુકાબલા શ્રીલંકામાં રમાવાના છે, જ્યાં સ્પિનરોનું પ્રભુત્વ રહે છે. આંકડા દર્શાવે છે કે શ્રીલંકામાં T20 મેચોમાં 43.5% વિકેટ સ્પિનરો લે છે અને તેમની ઈકોનોમી રેટ ફાસ્ટ બોલરો કરતાં લગભગ 1.25 રન પ્રતિ ઓવર ઓછી હોય છે. આ જ કારણ છે કે ટીમમાં વધુ સ્પિન વિકલ્પો રાખવામાં આવ્યા છે. આશ્ચર્યજનક રીતે, ટીમમાં એક પણ લેફ્ટ આર્મ ફાસ્ટ બોલરને સ્થાન મળ્યું નથી. મિશેલ સ્ટાર્ક પહેલાથી જ T20 આંતરરાષ્ટ્રીયમાંથી સંન્યાસ લઈ ચૂક્યો છે, જ્યારે સ્પેન્સર જોન્સન પીઠની ઈજાને કારણે બહાર છે. પસંદગીકારોએ બ્રિસ્બેન હીટના ફાસ્ટ બોલર ઝેવિયર બાર્ટલેટને તક આપી છે. આ ઉપરાંત, ઓલરાઉન્ડર મેથ્યુ શોર્ટ, સ્પિનર મેથ્યુ કુહ્નમેન અને બાર્ટલેટ ઓસ્ટ્રેલિયા માટે T20 વર્લ્ડ કપમાં ડેબ્યૂ કરી શકે છે.

# વર્લ્ડ નંબર-1 ચેસ ચેમ્પિયન કાર્લસને ભારતીય ખેલાડી સામે ગુસ્સામાં ટેબલ પછાડ્યું

**દોહા**

દોહામાં રમાઈ રહેલી FIDE વર્લ્ડ બ્લિટ્ઝ ચેમ્પિયનશિપ 2025માં ભારતના 22 વર્ષીય ગ્રાન્ડમાસ્ટર અર્જુન એરિગૈસીએ વિશ્વના સર્વશ્રેષ્ઠ ખેલાડી મેગ્નસ કાર્લસનને હરાવીને રમતજગતમાં ખળભળાટ મચાવી દીધો છે. નવમા રાઉન્ડમાં મળેલી આ હાર બાદ પાંચ વારના વર્લ્ડ ચેમ્પિયન કાર્લસન એટલો નિરાશ થયો હતો કે તેણે ગુસ્સામાં ટેબલ પર જોરથી મુક્કો માર્યો હતો, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. અર્જુનની આ જીત એટલા માટે ખાસ છે કારણ કે તેઓ ‘બ્લેક પીસ’ (કાળા મહોરા) સાથે રમી રહ્યા હતા. સામાન્ય રીતે ચેસમાં સફેદ મહોરા ધરાવતા ખેલાડીને પ્રથમ ચાલ રમવાનો અને આક્રમણ કરવાનો ફાયદો મળતો હોય છે, પરંતુ અર્જુને કાર્લસનના આક્રમણને શાંત રહીને જોયું અને ધીમે ધીમે રમત પર પકડ મજબૂત કરી.




# BAPS ચેરિટીઝ દ્વારા ફૂડ બેંકોને 66,200 પાઉન્ડના ખોરાકનું દાન

## કેનેડામાં ખોરાક, રહેઠાણ, બળતણ અને પરિવહનના વધતા ખર્ચને કારણે કેટલાક લોકો પરેશાન, જરૂરિયાતમંદોનો ભૂખમરો દૂર કરવા સંસ્થા આગળ આવી, નોકરી ગુમાવનારાને લોકો ફુડ બેંકથી રાહત

**ટોરોન્ટો**

BAPS ચેરિટીઝે નવેમ્બર અને ડિસેમ્બર 2025 દરમિયાન કેનેડામાં સ્થાનિક ફૂડ બેંકોને 66,200 પાઉન્ડ (33.1 ટન)થી વધુ નાશવંત ખાદ્ય પદાર્થોનું દાન કર્યું હતું. સ્વયંસેવકોએ ખોરાકની અસુરક્ષાનો સામનો કરી રહેલા પરિવારો અને વ્યક્તિઓને મહત્વપૂર્ણ સહાય પૂરી પાડવા સાત પ્રાંતોમાં ફૂડ ડ્રાઈવનું આયોજન કર્યું હતું. આ પહેલ અભૂતપૂર્વ જરૂરિયાતના સમયમાં ભૂખમરો દૂર કરવા માટે સંસ્થાની ચાલુ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

ખોરાક, રહેઠાણ, બળતણ અને પરિવહનના વધતા ખર્ચને કારણે કેનેડિયનો પર ભારે દબાણ આવી રહ્યું છે. બાળકો, એકલ માતાઓ, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અને વરિષ્ઠ નાગરિકો સૌથી વધુ અસરગ્રસ્ત છે. જેમાં ઘણા લોકો ખોરાક જેવી મૂળભૂત જરૂરિયાતો પણ પૂરી કરવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. લગભગ 25% કેનેડિયનો ખોરાકની અસુરક્ષિતતા ધરાવતા ઘરોમાં રહે છે, અને આ સંખ્યા સતત વધી રહી છે. જેમાં કેટલાક એવા વ્યક્તિઓનો સમાવેશ થાય છે, જેમણે કાપને કારણે નોકરી ગુમાવી દીધી અને સહાય માટે ડેઈલી બ્રેડ ફૂડ બેંક તરફ વળવું પડ્યું છે.



### બાપ્સની જેમ અન્ય સંસ્થાઓ પણ આગળ આવે : કાઉન્સિલર માઈકલ થોમ્પસન

ટોરોન્ટોના કાઉન્સિલર માઈકલ થોમ્પસને સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું કે, આ રજાઓની મોસમમાં BAPS ચેરિટીઝની ઉદારતા બદલ આભાર ! સાથે મળીને, અમે અમારા સમુદાયને એજિનકોર્ટ કોમ્યુનિટી સર્વિસીસ એસોસિએશન (ACSA) ને 5 ટન નાશ ન પામે તેવા ખોરાકનું દાન આપીને ટેકો આપ્યો છે, જે આ ક્રિસમસમાં ખોરાકની અસુરક્ષાનો અનુભવ કરી રહેલા પરિવારો અને વ્યક્તિઓને મદદ કરશે. અમે અન્ય વ્યવસાયો અને સંસ્થાઓને આગળ આવવા અને પાછા આપવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ. તમારો ટેકો અમારા સમુદાયમાં ખરેખર ફરક લાવી શકે છે.”

### BAPS ચેરિટીઝ દ્વારા સહાયિત ફૂડ બેંકોની યાદી

**01. આલ્બર્ટા:**
- કેલગરી ફૂડ બેંક
- એડમોન્ટન ફૂડ બેંક

**02. બ્રિટિશ કોલંબિયા:**
- ડેલ્ટાસિસ્ટ ફેમિલી એન્ડ કોમ્યુનિટી સર્વિસીસ સોસાયટી

**03. મેનિટોબા:**
- હાર્વેસ્ટ મેનિટોબા
- સમરિટન હાઉસ મિનિસ્ટ્રી ઇન્ક.

**04. નોવા સ્કોટીયા:**
- ફીડ નોવા સ્કોસિયા

**05. ઓન્ટેરિયો:**
ACSA કોમ્યુનિટી સર્વિસીસ, કેમ્બ્રિજ ફૂડ બેંક, ડેઇલી બ્રેડ ફૂડ બેંક, બધી કોમ્યુનિટી સર્વિસીસ માટે મફત, હેમિલ્ટન ફૂડ શેર, કનાટા ફૂડ કબાટ, નાઈટ્સ ટેબલ (બ્રેમ્પટન ફૂડ હબ), ધ ડાઉનટાઉન મિશન ઓફ વિન્ડસર

**06. ક્યુબેક :**
- ઓન રોક કોમ્યુનિટી સર્વિસીસ

**07. સાસ્કાચેવન:**
- રેજીના ફૂડ બેંક
- સાસ્કાટૂન ફૂડ બેંક અને લર્નિંગ સેન્ટર



## વિશ્વમાં નવા વર્ષની ઉજવણીનો ઉત્સાહ

સમગ્ર વિશ્વમાં નવા વર્ષની ઉજવણીનો ઉત્સાહ છવાયેલો છે. ખાટી-મીઠી અને થોડી કડવી યાદો સાથે 2025ના વર્ષને અલવિદા કહેવાની સાથે 2026ને આવકારવા ઠેર-ઠેર આતશબાજી, ડાન્સ-મ્યૂઝિક પાર્ટી અને ગ્રાન્ડ ડિનર જેવાં આયોજનો થયાં હતાં. ન્યૂઝીલેન્ડની સૌથી ઊંચી ઈમારત સ્કાય ટાવર પરથી ભવ્ય આતશબાજી થયા બાદ ઓસ્ટ્રેલિયામાં ઉજવણી શરૂ થઈ હતી.

## ન્યૂયોર્કના મેયરે અલકાયદા સમર્થકને લીગલ એડવાઈઝર બનાવતાં વિવાદ

**ન્યૂયોર્ક**

ન્યૂયોર્કના મેયરપદે ચૂંટાયા પછી ઝોહરાન મમદાની પોતાની ટીમ ઊભી કરી રહ્યા છે. ચીફ કાઉન્સેલના પ્રભાવશાળી પદ પર મમદાનીએ અલકાયદાના આતંકવાદીનો બચાવ કરનારા વકીલની નિમણૂક કરતાં રૂઢિચુસ્ત લોબીએ વિરોધ નોંધાવ્યો છે. સિવિલ રાઈટ્સ લોયર અને સિટી યુનિવર્સટી ઓફ ન્યૂયોર્ક ખાતે લૉ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા રમઝી કાસીમ હવે મેયરના ટોચના લીગલ એડવાઈઝર બન્યા છે. મમદાનીએ તેમને લીગલ સીસ્ટમ દ્વારા સતાવાયેલા લોકોના રક્ષક તરીકે ઓળખાવ્યા છે. એક્સ પોસ્ટ પર મમદાનીએ, રમઝી કાસીમની વરણીને નવા યુગની શરૂઆત ગણાવતા કહ્યું હતું કે, ICE દ્વારા અટકાયત કરાયેલા ઈમિગ્રન્ટ્સ અને વિદ્યાર્થીઓના બચાવ માટે તેમણે લીગલ ક્લિનિક ઊભી કરી છ અને આ દિશામાં તેમનું યોગદાન સરાહનીય છે. સિરિયામાં જન્મેલા કાસીમ ન્યૂયોર્કના અગ્રણી શિક્ષણવિદ તરીકે ઓળખાય છે.

## સાઉદી અરબ અને યુએઈની વચ્ચે તણાવ વધ્યો, યમનના મુકલ્લા પોર્ટ પર હવાઈ હુમલો

**રિયાદ**

ખાડીના બે શક્તિશાળી દેશો સાઉદી અરબ અને યુએઈની વચ્ચે તણાવ વધી ગયો છે. સાઉદી અરબે મંગળવારે સવારે યમનના મુકલ્લા પોર્ટ પર હવાઈ હુમલો કર્યો છે. સાઉદી અરબનો દાવો છે કે યુએઈના ફુજૈરા પોર્ટથી આવેલા બે જહાજોમાંથી અહીં હથિયારો અને સૈન્ય વાહનો ઉતારવામાં આવી રહ્યા હતા. આ જહાજોની ટ્રેકિંગ સિસ્ટમ બંધ હતી.

આ હથિયાર સધર્ન ટ્રાન્જિક્શન કાઉન્સિલ(એસટીસી) નામના અલગાવવાદી જૂથોને આપવામાં આવી રહ્યા હતા, જે શાંતિ અને સ્થિરતા માટે ખતરો બની શકતા હતા. એટલા માટે અમારી વાયુસેનાએ મર્યાદિત હવાઈ હુમલાઓ કરીને હથિયારો અને સૈન્ય વાહનોને ટાર્ગેટ બનાવ્યા હતા. આ હુમલા રાત્રે કરવામાં આવ્યા જેથી સામાન્ય લોકોને નુકસાન પહોંચે નહીં.

બીજી તરફ, આ હુમલા પર હજુ સુધી યુએઈ તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. સાઉદી અરબ અને યુએઈ છેલ્લા 10 વર્ષથી યમનમાં હૂતી બળવાખરો સંગઠનની સામે લડી રહ્યા છે, પરંતુ બંને દેશ ત્યાં જુદા-જુદા જૂથોને સમર્થન કરે છે. આ દરમિયાન, મુકલ્લા પર થયેલા હવાઈ હુમલા પછી યમન સરકારે સંયુક્ત અરબ અમીરાત(યુએઈ)ની સાથે કરેલા સંરક્ષણ કરાર રદ કરી દીધા છે.

## કેલિફોર્નિયાની હાઇસ્કૂલના વિદ્યાર્થીની કમાલ એઆઈથી 15 લાખ ખગોળીય પિંડ શોધી કાઢ્યા

### નાસાએ નોકરીની ઑફર કરી : નાસા પ્રમુખે અરજી કરવા માટે કહ્યું

**વૉશિંગ્ટન**

કેલિફોર્નિયા સ્થિત હાઈસ્કૂલના ૧૫ વર્ષના વિદ્યાર્થીએ હજી સુધી ન જોયેલા ૧૫ લાખ જેટલા ખગોળીય ઑબ્જેક્ટસ શોધી કાઢ્યા છે. એ.આઇ.ની મદદથી તેણે શોધેલો આ અવકાશી પિંડોથી ખ્યાતનામ ખગોળશાસ્ત્રીઓ પણ આશ્ચર્યમાં પડી ગયા છે. આ વિદ્યાર્થીનું નામ છે મૈરિયો પાઝ. તેણે એ.આઇ.ની મદદથી વીઓવાઇઝ મિશનના ડેટાનું વિશ્લેષણ કર્યું છે. તે દ્વારા તેણે ૧૫ લાખ બ્રહ્માંડીય વસ્તુઓ શોધી કાઢી છે. હજી સુધી નહીં ઓળખાયેલા આ પદાર્થો છે. નાસાના ડિરેક્ટર જૈરેડ આઇજેકમેને આ કિશોરની જાહેરમાં પ્રશંસા કરી હતી. તેઓએ તેને નોકરી માટે બોલાવ્યા પરંતુ વિમાન યાત્રાનો ખર્ચ પણ આપવા વચન આપ્યું અને તે પણ ફાયટર જેટ દ્વારા આવવા કહ્યું. મૈરિયોનો પ્રોજેક્ટ કેલટેકની પ્લેનેટ- ફાઇન્ડર એકેડમીમાં શરૂ થયો. તે માટે તેણે ખગોળશાસ્ત્રી ડેવી કર્કપેટ્રિક સાથે કામ કર્યું હતું. કેલિફોર્નિયાની પાસાડેનાની એક સેકન્ડરી સ્કૂલના આ વિદ્યાર્થીને કર્કપેટ્રિકનાં ગાઈડન્સથી ઘણો લાભ થયો છે. તેથી જ તેઓના આ પ્રોજેક્ટ સફળ થયો છે તેમ તેનું કહેવું છે. આ મૈરિયોએ પોતે જ એક વિશિષ્ટ મશીનની સંશોધન પ્રણાલી વિકસાવી તે દ્વારા નિયોવાઇઝ આર્કાઈવ્ઝ દ્વારા આશરે ૨૦૦ મિલિયન ઈન્ફારેડ ડેટા પોઈન્ટસનું વિશ્લેષણ કર્યું હતું.

# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE
REAL ESTATE GROUP

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group
BROKERAGE

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!




ONE OF A KIND ABSOLUTE SHOW STOPPER. Don't miss out. Heathwood's flagship 4509 square foot Beech field model in Country Lane's ONLY private enclave. School bus directly to the street, and ZERO through traffic. Designed for comfort, this bespoke home is an entertainer's dream. Built in 2020 and fully customized over the years from top to bottom inside and out. Over $500k in QUALITY upgrades. 11ft ceilings on main, 10ft on upper, 9ft in builder finished basement. Custom lighting, high end drapes, wall carpentry and engineered hardwood floors throughout main and upper levels. Custom wall-to-wall built-ins in office and 2nd floor laundry. Walk-in linen closet. Gas fireplace, A/V conduit and waffled ceilings in the large Family room. Upgraded butler pantry + walk in pantry. Large bedrooms - each with attached bathrooms and walk in closets. Private ravine lot fully landscaped with high end pavers all around with 4 season heated in-ground salt water pool with safety cover, cedar gazebo and natural gas hookup. Car lift in garage making room for 3rd vehicle. Level 2 EV charger hookup. EV and pool electrical work approved by ESA. Balance of Tarion New Home Warranty (until 2027).




Welcome to this stunning 3-bedroom Coughlan-built home where comfort meets convenience! Perfectly located just minutes to the 401, you'll enjoy endless options for dining, shopping, and entertainment. Offering 1,741 sq. ft. of stylish living space, thishome features soaring 9 ft ceilings, a large walk-in pantry, and a powder room just off the kitchen. The spacious great room is complete with potlights, hardwood flooring, and California shutters, flowing seamlessly into the dining room and kitchen. The modern kitchen boasts a large islandand direct access to a private balcony ideal for relaxing or hosting evening barbecues. Upstairs, the primary suite offers a spa-like 4-piece ensuite with soaker tub and stand-up shower. Two additional bedrooms, all with hardwood floors, large closets, and California shutters, plus a convenient upstairs laundry. The ground level includes garage access, two closets, and a separate entrance to a versatile 4th bedroom. Beautifully maintained and move-in readjust unpack and enjoy!




*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia

**Broker of Record / Sales Representative**

teamkharodia@gmail.com

300-2855 Markham Rd Toronto ON M1X 0C3

D: (647) 501-6786 | D: (647) 308-2941
F : (416) 298-8303 | P: (647) 666-8676



Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.



# CLUB CERAMIC

## Porcelain Tiles : Premium Quality and Best Price

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking











TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

| MONTREAL | OTTAWA | MISSISUAGA | CAMBRIDGE |
|---|---|---|---|
| 225 Rue Ness, Saint-Laurent, QC H4T 1A7, Canada | Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1 | 5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5 | 15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8 |
| Phone: +1-514-813-3850 / +1-514-260-2242 | +1-613-601-1474 | Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850 | +1-647-394-6030 / +1-647-406-1972 |

https://clubceramic.com Email : sales@clubceramic.com

# BUILDING FOR SALE



426-428 Dawes Rd. Toronto, ON M4B 2E8



FOR FURTHER DETAILS CALL NOW

**416.625.3580**

RE/MAX

**Nadir Shah**

BROKER MBA, ACEA (UK)

EXPERIENCE THE DIFFERENCE
RE/MAX ACE
REALTY INC., BROKERAGE

3-1286 Kennedy Rd. Toronto, ON M1P 2L5
Office: 416.270.1111 | nadirnshah@hotmail.com

*Not intend to solicit Buyers/Sellers currently contract with other agents.

www.nadirshahrealtor.com

## Building For SALE

- Mixed-use property features 4 TWO-bedroom units and 2 ONE-bedroom units (6 Aprtments and 1 huge (2000 SFT) divisible retail unit with potential to expand offering strong income potential.
- Opportunity to expand the retail space into the north walkway of 428 Dawes (subject to zoning approval).
- Lots of potential to Grow, add mutltiple floors with city's permission.
- TTC bus stops right at the doorstep with direct access to the subway.
- Ten city-registered parking spots at the rear of the building, with capacity to accommodate up to 12 vehicles.

VTB AVAILABLE FOR QUALIFIED BUYERS

# હવે પ્રાથના હોલ અને સ્મશાન ઘર એકજ સ્થળે

**Chapel Ridge**
Funeral Home & Cremation Centre

*in partnership with*

**North Toronto**
Crematorium Inc.



Vilo
Licensed Funeral Director
(416) 993-0826

Harjinder
Licensed Funeral Director
(647) 966-0093

Christeen
Licensed Funeral Director
(416) 258-6759

Kirti
Licensed Funeral Preplanner
(416) 417-0182

**Complete Funeral Package Pricing $4395.00** *includes HST*

GUARANTEED LOWEST PRICE

- Same Day Funeral Service with 1 hour visitation prior to service, including all professional fees and preparation
- Batesville Grey Doeskin Casket
- Cremation and Witnessing Fee at North Toronto Crematorium or St John's Dixie Crematorium in Mississauga
- Coroner, Death Registration and BAO Fee

*Not included: Flowers, Limousines, Clergy or Musician Fees, Urns*

Facilities also available in Mississauga





Everything in one Place!

2 Stalwart Industrial Drive, Gormley
(close to Highway 404 and Stouffville Road)

*Newly built large Chapel with Crematorium on-site - everything in one place!*

8911 Woodbine Ave., Markham (4 blocks north of Hwy 7)
info@chapelridgefh.com • www.chapelridgefh.com
**905-305-8508**

info@northtorontocrematorium.com
www.northtorontocrematorium.com
**289-578-1288**